ઓપિનિયન

યो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 18 • પ્રકરણ : 06 • સળંગ અંક : 210 | 26 સપ્ટેમ્બર 2012 | ડિજિટલ અવતાર – ત્રીસ

મૈં કહીં કવિ બન જાઉં ...

• ઉર્વિશ કોઠારી

કવિતા કરવી એ ઇન્ડિયન પીનલ કોડની એકેય કલમ હેઠળ દંડનીય અપરાધ નથી. પરંતુ કોઈને હત્યા કે આત્મહત્યા માટે પ્રેરવા, સમાજમાં અશાંતિ - અરાજકતા ફેલાવવાં અને નિર્દોષોને માનસિક ત્રાસ આપવો - એ બાકાયદા ગુના છે. ઘણા લોકો એ જાણતા નથી અથવા જાણતા હોય તો કવિતા કરવા સાથે તેનો સંબંધ સમજી શકતા નથી. એટલે તે કવિતાને નિર્દોષ પ્રવૃત્તિ ગણી લે છે. (નોંધ : મીર-ગાલિબ, ઉમાશંકર-નિરંજન, મરીઝ-રમેશ પ્રકારના એટલે કે ખરા કવિઓને અને તેમની કવિતાને આ લેખ પૂરતા 'કવિ' અને 'કવિતા'ની વ્યાખ્યામાંથી બાકાત રાખવામાં આવ્યા છે.)

રસ્તાની જેમ કવિતાની બાબતમાં ગુજરાતનો બહુ વિકાસ થઈ ગયો છે. મુખ્ય મંત્રીએ આજ સુધી જાતે એકેય રસ્તો બનાવ્યો હોય એવું જાણમાં નથી (અહીં રસ્તા કાઢવાની નહીં, બનાવવાની - અને એ પણ ડામરના રસ્તા બનાવવાની- વાત છે.) પણ તેમણે જાતે અનેક કવિતાઓ લખી છે. એ દૃષ્ટિએ રસ્તાની સરખામણીમાં કવિતા ગુજરાતના વિકાસના પ્રતીક તરીકે વધારે લાયક ગણાય. હજુ સુધી સરકારે વાઈબ્રન્ટ કવિતા મહોત્સવ કેમ નથી યોજ્યો, એ સવાલ છે.

કહેવાય છે કે બે અંગ્રેજો મળે ત્યારે હવામાનની વાત કરે. એવી જ રીતે, 'ફેસબુક' જેવી સાઇટના અનુભવે કહી શકાય કે '(ઘણા) ગુજરાતીઓ ભેગા થાય ત્યારે કવિતાની - ખાસ કરીને પોતાની લખેલી કવિતાની - વાત કરે છે.' ગુજરાતીઓને ફક્ત શૅરબજારમાં રસ પડે છે, એવું માનનારા લોકો 'ફેસબુક' પર ગુજરાતીઓનો શેર - પ્રેમ જુએ, તો તેમનું શેર લોહી ચઢે. 'ફેસબુક' પર કવિતા લખવામાં ગુજરાતી ભાઈઓ-બહેનો એટલાં ઉત્સાહી છે કે તે પોતાની લખેલી કવિતા વાંચવાનું અને તેના ગુણદોષ વિશે વિચારવાનું ભૂલી જાય છે. 'ફેસબુક'ની રસમ પ્રમાણે એવી કવિતાનાં વખાણ થયાં, એટલે ખલાસ. પછી કવિ ઝાલ્યા રહેતા નથી. મરીઝની અને તેમની કવિતા બસ થોડો જ તફાવત રહી જાય છે.

કેટલાકે શરૂઆતમાં ધડકતા હૈયે એવી પણ તપાસ કરી લીધી હતી કે 'ફેસબુક' પર 'સાભાર પરત'નું બટન હોય છે? એક વાર જાણ થઈ કે 'ફેસબુક' પર જે (જેવું) લખીએ તે પ્રગટ થઈ જાય છે, એટલે કવિતાઓનો મારો ચાલુ થઈ ગયો. ભારતનું બંધારણ ઘડાતું હતું ત્યારે 'ફેસબુક' હોત તો બંધારણના ઘડવૈયાઓએ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની કલમ 'શરતોને આધીન' રાખી હોત. તેની પેટાકલમોમાં તેમણે ચોખવટ કરી હોત કે પદ્ય સ્વરૂપને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય લાગુ પડતું નથી. કારણ કે જાહેર શાંતિના ભંગનું જોખમ એ સ્વરૂપમાત્રમાં સમાયેલું છે. બંધારણ ઘડાયાની સદીઓ પહેલાં, 'પંચતંત્ર'ના વખતમાં 'ફેસબુક' હોત તો 'વાંદરાના હાથમાં તલવાર'ને બદલે, 'ઉત્સાહી કવિઓના હાથમાં ફેસબુક' જેવી કોઈ કથા મળી હોત.

સુરેશ દલાલની પરિકલ્પનાને સાકાર કરતી યોજનામાં એકસાથે ૧૧ અગ્રણી ગુજરાતી કવિઓના નવા કાવ્યસંગ્રહના પ્રકાશન નિમિત્તે શનિવાર ૧૫ સપ્ટે. અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિતિ કવિઓનું મિલન એક સાહિત્યિક ઘટના બની રહ્યું. ડાબેથી ઉત્પલ ભાયાણી, અંકિત ત્રિવેદી, અપૂર્વ આશર, માધવ રામાનુજ, નિરંજન ભગત, ચિનુ મોદી, ચંદ્રકાંત શેઠ, જવાહર બક્ષી, લાભશંકર ઠાકર, રાજેન્દ્ર શુક્લ, હિતેન આનંદપરા

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઈન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

ઘણાં વર્ષો સુધી કવિતા લખવી એ અજમાની બીડી પીવા જેવી નિર્દોષ અને કંઈક અંશે આરોગ્યવર્ધક ક્રિયા ગણાતી હતી. છોકરો-છોકરી જુવાન થાય એટલે એનામાં પહેલાં ખીલ ફૂટે કે કવિતા, એની છૂપી હરીફાઈ ચાલતી હતી. સામ્યવાદની જેમ કવિતા પણ જુવાનીનું અનિવાર્ય અનિષ્ટ (કે ભૂષણ - જેવી જેની દૃષ્ટિ) ગણાતી હતી : જુવાનીમાં એ ન કરે તો વિચિત્ર અને મોટા થઈ ગયા પછી એ ચાલુ રહે તો સમજવું કે લોચો. એ તબક્કેથી સારી કવિતા વાંચવાના કે છંદ શીખવાના રવાડે ચડેલા લોકો અટવાયા કરતા અને 'નૈસર્ગિક પ્રતિભાને મોકળું મેદાન આપવામાં' - એટલે કે મનમાં આવે તે ભરડવામાં માનતા લોકો જોતજોતાંમાં કવિ થઈ બેસતા.

કવિતા ભારતીયોની અને ગુજરાતીઓની દુ:ખતી નસ છે. 'રાગ દરબારી'કાર શ્રીલાલ શુક્લે લખ્યું હતું કે સંસ્કૃત સાંભળતાની સાથે જ ભારતીયોના બે હાથ જોડાઈ જાય છે ને માથું નમી પડે છે. એવી જ રીતે, કવિતા કે તરન્નુમમાં બોલાતું કંઈ પણ સાંભળીને સરેરાશ ગુજરાતીઓના મોઢેથી 'વાહ, વાહ' નીકળી જાય છે. તેનો અર્થ સમજવાનું કામ ત્યાર પછી થાય તો થાય. કોલેજકાળમાં 'શાયરી' તરીકે ઓળખાતી કવિતાઓ કરનારા હંમેશાં ડીમાન્ડમાં રહેતા. તેમનો દબદબો જોઈને બીજાઓને પણ 'શાયરીઓ' કરવાની ચાનક ચઢતી. એ શાયરો કમાવાની પંચાતમાં પડી ગયા પછી આજીવન 'આપણે આગળ વધ્યા નહીં. બાકી લખવાનું ચાલુ રાખ્યું હોત તો આપાણું આજે નામ હોત.' એવા ભ્રમમાં જિંદગી વીતાવી નાખતા હતા.

બીજાઓની કવિતા તેમના કે પોતાના નામે વાંચીને વાહવાહ ઉઘરાવવાની પ્રવૃત્તિ પહેલાં કોલેજ પૂરતી મર્યાદિત હતી અને એટલા માટે જ તેને ક્ષમ્ય ગણવામાં આવતી હતી. પરંતુ હવે તે ઘણા લોકોનો વ્યવસાય બની ગઈ છે અને ક્ષમ્ય જ નહીં, રમ્ય ગણાવા લાગી છે. (કવિતા વિશેના લેખમાં એકાદો પણ પ્રાસ ન આવે, તો ગુજરાતીપાણું ન લાજે?) કવિતા સાથે કશી લેવાદેવા ન હોય એવા ગુજરાતી સમારંભોમાં પણ કવિતા છવાઈ જાય છે. કાર્યક્રમ સાહિત્યનો અને એ પણ કવિતાનો હોય તો પછી પૂછવું જ શું? રીઢા સંચાલકો 'શું પોતાનું, શું પારકું' એવી ઉદાર વિચારસરણીથી, હાથે ચડી તેની કવિતાને વહેતી મૂકી દે છે.

તાજમહાલ બતાવનાર ગાઈડને કોઈ એમ કહેતું નથી કે 'તમે આ કોતરણી બહુ જોરદાર લઈ આવ્યા', પણ મંચ પરથી પારકી કવિતાઓનું એક્ઝિબિશન-કમ-સેલ કરતા સંચાલકો પર ગુજરાતી ઓડિયન્સ ફીદા થઈ જાય છે. સંચાલકો પણ એવું માનવા લાગે છે કે કવિતાઓ લખવા-બખવાનું તો ઠીક છે, અસલી કામ કવિતા ટાંકવાનું છે. અમે ન હોત તો ગાલિબોને-મરીઝોને યાદ કોણ કરતું હોત? અમારી પર ઉછીના માલથી દુકાન ચલાવવાનો આરોપ મૂકનારાને ખબર નથી કે મહાન શાયરોને અમરત્વ અમે આપ્યું છે.

સંચાલકોને કવિતા આટલી ફળતી હોય તો કટારલેખકોએ શો ગુનો કર્યો? એ લખે ભલે ગદ્યમાં, પણ તેના મથાળા તરીકે બીજાની સારી કે પોતાની નબળી પંક્તિઓ ટાંકીને વાચકોને સંદેશો આપે છે, 'અમે ગદ્ય લખીએ એટલે તમે અમને શુષ્ક, અ-કવિ ન માની લેતા. અમે અસલમાં કવિજીવ છીએ, પણ કોલમો ભરી ભરીને પોતાની કવિતા કોણ લખવા દે? એટલે અમે કવિતાને બદલે ગદ્ય લખીએ છીએ. અમારા કાવ્યપ્રેમ પર હજુ શ્રદ્ધા નથી બેસતી? તો જુઓ અમારું મથાળું : ગદ્યલેખમાં કેવી કવિતા ફટકારી દીધી છે? અમારી ભાવના એટલી જ છે કે કોઈ વાચકને આખા લેખમાંથી કંઈ ન મળે તો છેવટે મથાળામાંથી પણ કંઈક મળવું જોઈએ. અમારા માટે તો વાચકો એ જ સર્વસ્વ છે. તેમને રાજી રાખવા માટે બીજાની પંકિત તો શું આખેઆખી કવિતા પણ અમે ઉતારી શકીએ છીએ.' આ પ્રકારના લેખકો અને મંચસંચાલકો ગબ્બરસિંઘની થિયરી પ્રમાણે વિચારે છે કે આપણે કવિઓની પંક્તિઓ ટાંકીને તેમને અમરત્વ આપીએ અને બદલામાં તાળીઓ ને પુરસ્કાર ઉઘરાવી લઈએ, તો એમાં ખોટું શું છે?

ગબ્બરસિંઘ પરથી યાદ આવ્યું. કવિતા અને બંદૂક વચ્ચે કેટલુંક સામ્ય છે. બન્નેનું સર્જન મુખ્યત્વે સામેવાળાને 'પાડી દેવા' માટે થાય છે. બન્ને પારકાં હોય એટલા માત્રથી તેની ઘાતકતા ઓછી થતી નથી. તેમનો ઉપયોગ કર્યા વગર, તેમને પાસે રાખીને પણ સામેવાળાને ડરાવી શકાય છે. વિશ્વાસ ન આવતો હોય તો ખિસ્સામાં પોતાની રચનાઓની ડાયરી રાખતા કોઈ કવિમાં એક વાર રસ દાખવજો. બીજી વખત ડાયરીના ઉલ્લેખ માત્રથી બંદૂક કરતાં વધારે બીક લાગવા માંડશે. એક બાબતમાં બંદૂક કવિતા કરતાં વધારે 'નિર્દોષ' છે. બંદૂક ચલાવવા માટે લાયસન્સ લેવું પડે છે અને લાયસન્સ વિના તેનો પ્રયોગ કરનારને સજા થઈ શકે છે. આ બાબતમાં કવિતાને બંદૂક સમકક્ષ લાવવાની ઝુંબેશ ઉપાડવાનું હજુ સુધી કોઈ માનવ અધિકારવાળાઓને સૂઝ્યું નથી.

05.09.2012

સદ્ભાવ : http://www.urvishkothari-gujarati.blogspot.co.uk/

સજીવન થતું વેબપેજ

લાંબા અરસા પછી, "ઓપિનિયન"ની વેબસાઈટ ફરી પાછી, ધમધમવાને તૈયાર છે. 2 ઑક્ટોબરના દિવસથી, તે સજીવન થાય તેવી પેરવી રાખી છે. તેનું સરનામું આ મુજબ હશે :

http://opinionmagazine.co.uk/

પછી શામળિયાજી બોલિયા તને સાંભરે રે … …

વર્ષા અડાલજા - એક અપરિચિત અભિનેત્રી

© હરીશ ત્રિવેદી

(નોંધ :- આ લેખ વર્ષા અડાલજા, નવીન પારેખ, મધુકર શાહ, નિરંજન મહેતા સાથેના વાર્તાલાપ તથા મારી સ્મરણ-શક્તિના આધારે લખાયો છે. લેખમાં દર્શાવેલી હકીકત અને વ્યક્તિઓનાં નામ, સમય વગેરે સાચાં હોય, તે બાબત કાળજી રાખી જ છે. આ છતાં પણ કાંઈ લખવાનુ રહી ગયું હોય, તો તે તરફ લેખકનું ધ્યાન દોરવા વિનંતી છે.

લેખકે, લેખમાં પોતાને પાત્ર ન બનાવતા, લેખના મુખ્ય વિષય પર જ ધ્યાન કેંદ્રિત કરવું, એવો પત્રકારત્વનો એક નિયમ છે. આ લેખમાં દર્શાવેલી એક મહત્ત્વની ઘટનામાં હું 'સંડોવાયેલો' હોવાથી, અનિચ્છાએ સાક્ષી બન્યો છું. તેથી આ લેખમાં 'હું, અમે, મારા, અમારા' શબ્દો અનિવાર્ય બન્યા છે, અને તેને સારુ મને દરગૂજર કરવા વિનંતી છે.)

•

પાંત્રીસ કે તેથી ઓછી ઉમ્મરનાં વાંચકો, વર્ષા અડાલજા તેમના 'પૂર્વાશ્રમ'માં ગુજરાતી તખ્તાનાં એક પ્રખ્યાત અભિનેત્રી હતાં તે કદાચ નહિ જાણતાં હોય.

વર્ષ - ૧૯૫૫. સ્થળ : રામનારાયણ રુઈયા કૉલેજ, માટુંગા, મુંબઈ.

ખાલસા કૉલેજમાં પહેલાં બે વર્ષના અભ્યાસ બાદ હું રુઈયા કૉલેજમાં દાખલ થયો. એ જ વર્ષે નવીન પારેખ પણ રુઈયા કૉલેજમાં આવ્યા. ત્યાં સોળ-સત્તર વર્ષના મેઘનાદ દેસાઈનો પણ ભેટો થયો.

૧૯૫૧થી શરૂ થયેલી, ભારતીય વિદ્યા ભવનના ઉપક્રમે યોજાતી, આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધાએ દરેક વિદ્યાર્થીને એકાંકી નાટકમાં રસ લેતા કર્યા હતાં. ઘણા બધા વિદ્યાર્થીઓને નાટક કરવાનું જાણે ઘેલું લાગ્યું હતું. અમે મિત્રો પણ આ 'ઘેલછા'થી વંચિત ન હતા.

૧૯૫૪માં, ભારતીય વિદ્યા ભવનની (હવે પછી માત્ર 'ભવન' તરીકે ઉલ્લેખાશે) એકાંકી સ્પર્ધામાં રુઈયા કૉલેજ તરફથી પ્રબોધ જોશી કૃત એકાંકી 'નંબર ૨૦૯ (?)' - ચોક્કસ શીર્ષક યાદ નથી - રજૂ થયું હતું. મુખ્ય કલાકાર પ્રવીણ જોષી અને ઈલા આચાર્ય હતાં. પ્રવીણ જોષી આઈ. એન. ટી.ના અનેક નાટકોના દિગ્દર્શક/અભિનેતા અને વીસમી સદીના ઉત્તરાર્ધના એક ઉત્તમ અદાકાર હતા. ઈલા આચાર્ય તે આજનાં સુપ્રસિધ્ધ નવલકથાકાર ઈલા આરબ મહેતા અને ગુજરાતના એક મહાન નવલકથાકાર ગુણવંતરાય આચાર્યનાં પુત્રી, વર્ષા(આચાર્ય/અડાલજા)નાં મોટા બહેન.

'નંબર ૨૦૯' એકાંકીમાં ઈલા આચાર્યની ભૂમિકા કેવી હતી તે જોવાનો અને માણવાનો મોકો પ્રક્ષકોને ન મળ્યો. ઈલા આચાર્યની 'એન્ટ્રી' થાય તે પહેલાં જ ભવન સ્પર્ધાના અસહિષ્ણુ અને બેદિલ પ્રેક્ષકોએ હુરિયો બોલાવી, 'નંબર ૨૦૯' બંધ કરાવ્યું ! આજ સુધી, એ નાટકનો વિષય અને અંત કેવો હતો તે કોઈ જાણતું નથી. સ્પર્ધાના નાટકને બંધ કરાવ્યાનો આ પહેલો પ્રસંગ હશે, પરંતુ તે છેલ્લો તો નહોતો જ. વાંચકોને આ જાણી આજે પણ આશ્ચર્ય થાય તો નવાઈ નહિ. ૧૯૫૭ કે ૧૯૫૮માં, એક નાટકના બીજા દૃશ્યમાં, મુખ્ય કલાકાર જરા અસ્વસ્થતાથી પ્રવેશ કરે છે. તે સંવાદની પહેલી લાઈન બોલે છે, ત્યારે તરત જ પ્રેક્ષકોને કલાકાર થોડા (અથવા ખૂબ) નશામાં છે, તેમ 'ભાસ' થાય છે. 'પી ને આવ્યો છે', 'પીધો છે, પીધો છે' વગેરે અવાજો અને તાલબદ્ધ તાળીઓને કારણે નાટક પર પડદો પડે છે. એ નાટકનો ખરેખર અંત કેમ આવે છે, 'વાર્તા' આગળ કેવી વધે છે, તેની પ્રેક્ષકોને આજે પણ જાણ નથી !

૧૯૫૪માં ભજવાયેલા નાટકના અણધાર્યા 'કરુણ' અંતથી, રુઈયા કૉલેજના ગુજરાતી વિભાગના અને ગુજરાતી સાહિત્ય મંડળના અધ્યક્ષ અમૃતલાલ યાજ્ઞિક પ્રવીણ જોષી પર ઘણા નારાજ થયા હતા, તેમ કહીએ તો તે અતિશયોક્તિ નહિ, પણ 'અંડર સ્ટેટમેંટ' (Understatement) ગણાય.



'ઢીંગલી ઘર'નું એક દૃશ્ય. જમણેથી ડાબે નોકરના પાત્રમાં ગૌતમ ભીંડે, તુષારના પાત્રમાં નવીન પારેખ, ડૉ. અતુલના પાત્રમાં હરીશ ત્રિવેદી, મીરાંના પાત્રમાં વર્ષા આચાર્ય યાને કે વર્ષા અડાલજા, અનિલાના પાત્રમાં પન્ના મોદી તેમ જ નીલાંબરના પાત્રમાં અન્યજન.

૧૯૫૫માં, અમે રુઈયા કૉલેજમાં દાખલ થયા, ત્યારે પ્રવીણ જોષી રુઈયા છોડી બીજી કૉલેજમાં દાખલ થયા હતા. આગલા વર્ષની કોઈ નાટક ટીમ ત્યાં ન હતી. પરંતુ ૧૯૫૬ની સ્પર્ધામાં કયું નાટક ભજવાય તે બાબત યાજ્ઞિક સાહેબ ખૂબ 'સજાગ' હતા. પરંતુ તેમને જો મનાવી લેવાય, તો નાટક ભજવવા માટે રુઈયા કૉલેજનું 'મેદાન' અમારા માટે મોકળું બને, તેવી અમારી ધારણા હતી. હવે ફક્ત યાજ્ઞિક સાહેબને કેવી રીતે મનાવવા તે જ વિચારવાનું હતું.

શેતરંજની બાજીના પ્યાદા જેવા, ઘણા બધા 'ઊગતા' કલાકાર નાટક કરવાની જ્યાં 'સહેલાઈ'થી તક મળે તે દિશામાં 'ચાલ' ચાલતા. નાટક કરવાનો મોકો મળે તે કૉલેજમાં દાખલ થવા ઉત્સુક બનતા. નવીન પારેખ એવા અનુભવી અને 'ઉત્સુક' કલાકારોમાંના એક હતા. તેમણે નાટકો ભજવેલા અને તે 'જમાના'ના આંતર-કૉલેજ નાટ્ય સ્પર્ધામાં ભાગ લેતા અનેક કલાકારોનો માત્ર પરિચય જ નહિ, પરંતુ તેમાંના મિત્રોમાંના એક હતા. ૧૯૫૫માં તે વાંદ્રાની નેશનલ કૉલેજ છોડી રુઈયામાં દાખલ થયા. આ કારણે તે અમારા જૂથના એક અનુભવી અદાકાર હતા.

નવીન પારેખ અને મેઘનાદ દેસાઈ યાજ્ઞિક સાહેબને મળ્યા અને કૉલેજના ઉપક્રમે ભવનની સ્પર્ધામાં નાટક ભજવવાની ઇચ્છા વ્યક્ત કરી. અને ધાર્યા પ્રમાણે યાજ્ઞિક સાહેબે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેમને હલકા પ્રહસનો પસંદ નથી. કોઈ સુંદર સાહિત્યિક કૃતિ ભજવાય તો તેમને વાંધો ન હતો.

ત્યાર બાદ કેવું અને કયું નાટક કૉલેજને ઉપક્રમે ભજવવું તેના નિર્ણય માટે 'ગુજરાતી સાહિત્ય મંડળ'ની એક સભા યોજાઈ, તેમાં યાજ્ઞિક સાહેબે હેનરિક ઇબ્સનના 'અ ડૉલ્સ હાઉસ' (A Doll's House) જેવા ઉત્તમ નાટકની પસંદગી કરવાનો અનુરોધ કર્યો, અને આખા નાટકનો સારાંશ આપી, ઉમેર્યું કે મૂળ નાટક ત્રિઅંકી હોવા છતાં, તેનું બે દૃશ્યોમાં એકાંકીકરણ થઈ શકે તેમ છે. અમારી 'મંડળી'ને તે ગમ્યું. મેઘનાદે તે નાટકને ગુજરાતીમાં આધુનિક સ્વરૂપ આપી, બીજે જ દિવસે બે દૃશ્યોમાં વિભાજીત એકાંકી 'ઢીંગલી ઘર' લઈ હાજર થયા. યાજ્ઞિક સાહેબને તે ગુજરાતી રૂપાંતર ગમ્યું અને નવીન પારેખને તે નાટક તૈયાર કરવા સંમતિ આપી.

'ઢીંગલી ઘર'નો મનહર દૃશ્યબંધ [set]

'ઢીંગલી ઘર'ની કથા વસ્તુ :

નાટક ભજવાયા પછીનાં વર્ષે, એટલે ૧૯૫૭ના રુઇઆ કૉલેજના વાર્ષિક 'રસોત્સવ'ની કાર્યક્રમ પુસ્તિકામાં છપાયેલી 'ઢીંગલીઘર' વિષેની નોંધ નીચે પ્રમાણે છપાઈ હતી :

સદીઓથી, માનવસમાજનો જન્મ થયો ત્યારથી, લગભગ, સ્ત્રીની ગુલામી એક હકીકત થઈ ગઈ છે. ચોપાસથી તેના વખાણ કરીને, તેને જંજીરોમાં જકડી રાખી છે. તેની ફરજ પત્ની અને માતા બનવાની, તેના પતિને સુખી કરવાની અહીં જ તેનો એ વિકાસ પૂરો થઈ જતો ....

પણ સ્ત્રી પણ માનવી છે, એક વિચારશીલ માનવી છે, અને એકેક માનવીની જેમ, પોતાનાં વ્યક્તિત્વનો વિકાસ થાય તે જ તેની ફરજ છે. પત્ની કે માતા બનવા પહેલાં તેણે સ્ત્રી બનવાનું છે. જેમ પુરુષનું સર્વસ્વ પતિ અને પિતા બનવામાં નથી સમાઈ જતું, તેમ જ સ્ત્રીનું પણ હોવું જોઈએ. એ કાંઈ બીજાને આનંદ આપવાનું રમકડું નથી. સ્ત્રી જાત બીજાને આનંદ આપવા માટેની ઢીંગલી નથી.

મીરાં પણ એક ઢીંગલી હતી. એક આદર્શ પત્ની અને માતા થવામાં તેણે પોતાનું સર્વસ્વ માનેલું. તે જ્યારે નવપરિણીત હતી, ત્યારે તુષારને ક્ષય થયો. તેને ખબર ન પડે તેવી રીતે તેને હવાફેર કરાવવા માટે, મીરાંએ પોતાના પતિના મિત્ર અને પોતાના પ્રસંશક નીલાંબર પાસેથી ખોટી સહી કરીને પણ પૈસા મેળવ્યા. પરિણામની તેને ચિંતા ન હતી કારણ કે તુષાર પણ સંકટ સમયે પોતાના સર્વસ્વનું બલિદાન આપશે જ એવી એની ખાત્રી હતી ...

આ ઢીંગલીને વાસ્તવિકતાની ખબર પડી, ત્યારે એક સ્ત્રી તરીકે તેણે જે કર્યું, તેની આ એક કથા છે. સ્કેન્ડીનેવિયન લેખક હેનરિક ઇબ્સનની આ અમર કલાકૃતિને અમે આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

યાજ્ઞિકસાહેબને ગુરુજી (ગુણવંતરાય આચાર્ય) પ્રત્યે ઘણો જ આદરભાવ હતો. તે તેમના અંગત પરિચયમાં હતા, તે અમારી જાણમાં હતું. આ વિગત ધ્યાનમાં લઈ, નવીન પારેખે A Doll's House'માંની નોરાનું પાત્ર વર્ષાને આપવા યાજ્ઞિક સાહેબને સૂચવ્યું. ધાર્યા પ્રમાણે યાજ્ઞિક સાહેબ આ સૂચનથી અત્યંત પ્રભાવિત થયા. અને કહ્યુ કે તે ગુરુજીની આ માટે સંમતિ લેશે અને વર્ષા જ નોરાનું - ગુજરાતી રૂપાંતરમાં મીરાંનું પાત્ર ભજવશે, તેવી ખાતરી આપી. અને તે પ્રમાણે વર્ષાની મીરાંના પાત્ર માટે વરણી થઈ.

દિગ્દર્શન માટે તારક મહેતાની 'મદદ' લેવી તે અમે બધાએ કોઈ પણ વાદ વિવાદ સિવાય નક્કી કર્યુ.

પરંતુ અમારે માટે બીજી એક મુશ્કેલી હતી. અમે કોઈ વર્ષા આચાર્યને મળ્યા ન હતા ! ફક્ત તે એક ખૂબ જ વખણાયેલ અભિનેત્રી છે, અને તે વર્ષે રુઇયા કૉલેજમાં દાખલ થઈ હતી, તેટલું જ જાણતા હતા. ઇલા આચાર્ય અને મેઘનાદ દેસાઈએ આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલો, તેથી અમે ઇલા આચાર્યથી પરિચિત હતા. અમે વર્ષાને શોધી કાઢવા પરાંઓમાંથી આવતી અનેક ગુજરાતી વિદ્યાર્થિનીઓમાંથી કોણ વર્ષા હશે તેના તર્ક કરતા રહ્યા. એક ગુજરાતી વિદ્યાર્થિની તો વર્ષા જ છે, એવું પણ અમે માનતા થઈ ગયા હતા ! ફક્ત તે વિદ્યાર્થિનીનો સંપર્ક સાધવાની અમારા કોઈની હિંમત ન હતી. જ્યારે અમે વર્ષાને નાટકના પહેલાં 'વાંચન' માટે મળ્યા, ત્યારે જ તેને પહેલી વખત મળ્યા. ખરી વર્ષા તે અમે માનેલી વિદ્યાર્થિનીઓમાંની હતી જ નહીં, એટલું જ લખી, આ વાત આગળ ચલાવવી પડશે. અમે બધા કેટલા ભોંઠા પડ્યા હોઈશું, તેની વિગતો ન લખ્યા છતાં, વાંચકો તે કલ્પી શકશે.

ગુજરાતી રૂપાંતરમાં પાત્રોનાં નામ આ પ્રમાણે હતાં. નોરા - મીરાં, ટોર્વાલ્ડ - તુષાર, નીલ ક્રૉગસ્ટેડ - નીલાંબર, મીસિઝ લીંડ - અનિલા, નાટકમાં નવીન પારેખે તુષારની, વર્ષાએ મીરાંની, મધુકર શાહે નીલાંબરની, ગૌતમ ભીંડિએ નોકરની અને અનિલાની ભૂમિકા પન્ના મોદીએ ભજવી. (આ પન્ના મોદી એમ. એ. થયાં બાદ, ગુજરાતીના પ્રાધ્યાપક થયાં. - જાણીતાં કવયિત્રી પન્ના મોદી/નાયક તે એ આ પન્ના મોદી નહિ.)

તારક મહેતા :

થોડી પાર્શ્વભૂમિકા : ૧૯૫૩-૫૪નાં વર્ષોમાં જ્યારે હું ખાલસા કૉલેજમાં હતો, ત્યારે ત્યાં અમદાવાદથી તાજેતરમાં જ આવેલા તારક મહેતા નામે એક વિદ્યાર્થીની ઓળખાણ થઈ. તે બી.એ.ની આખરી પરીક્ષા માટે અથવા એમ.એ.ના પહેલા વર્ષમાં હતા. તે વખતે કાંતિ મડિયાનું ખાલસા કૉલેજમાં વર્ચસ્વ હતું. તારક મહેતાને ખાલસામાં નાટક કરવાનો અવકાશ ન હતો. તેમ છતાં, ત્યાંના વાર્ષિકોત્સવ માટે તારક મહેતાએ શિવકુમાર જોષીનું એકાંકી 'હુવા તો વિવાહ' રજૂ કર્યુ અને તેમાં પિતાની ભૂમિકા પણ તેમણે જ કરી. અને ત્યારથી હું - આ નવો નિશાળિયા તારક મહેતાનો જાણે 'ભક્ત'બની ગયો. તે નાટકમાં ભાગ લેનાર બીજા કલાકારોમાંના એક વિનોદ વોરા સિવાય મને બીજા કોઈનાં નામ યાદ નથી, તે સખેદ કબૂલ કરવું પડે છે. ખાસ નોંધ : આ અગાઉ શાળા સમય દરમિયાન, મેં બે એકાંકી ભજવેલા, તેથી તારક મારી પસંદગી ચોક્કસ કરશે જ, તેવા ભ્રમથી 'હુવા તો વિવાહ' માટે કલાકારોની પસંદગી માટેના 'વાંચન'માં મેં હોંશે હોંશે ભાગ લીધો, અને તેમાં નાપાસ થયો, તેનો હજુ પણ વસવસો થયા કરે છે.

તારક મહેતાએ અમદાવાદમાં નાટકો ભજવેલા અને મુંબઈની તે વખતની પ્રતિષ્ઠિત નાટ્ય સંસ્થાઓનો પણ સંપર્ક સાધ્યો હતો અને ભવનનની નાટ્ય સ્પર્ધા દરમ્યાન નવીન પારેખના સંપર્કમાં આવેલા અને બંને મિત્રો બનેલા. આ કારણે તારક મહેતાને 'ઢીંગલી ઘર'નું દિગ્દર્શન સોંપવાનો અમે નિર્ણય કર્યો. એમ.એ.ના ગુજરાતીના અભ્યાસક્રમ જુદી જુદી કૉલેજમાં ક્લાસીઝ ભરાતા. આ કારણે રુઇયા કૉલેજમાં તારક યાજ્ઞિક સાહેબના 'લૅક્ચર્સ' માટે આવતા અને તે કારણે યાજ્ઞિક સાહેબ તારકને 'ઓળખતા'. 'ઢીંગલી ઘર'ના દિગ્દર્શન માટે તારકે જવાબદારી લીધી તે યાજ્ઞિક સાહેબને મંજૂર હતું.

તારક મહેતા એક અદના નાટ્યકાર, અભિનેતા, પત્રકાર તો છે જ પણ મુંબઈમાં તેમની દિગ્દર્શક તરીકે 'ઓળખાણ' કરાવ્યાનો યશ તો રુઇયા કૉલેજની અમારી મંડળીને ફાળે જ જાય છે (નવીન પારેખ, વર્ષા આચાર્ય, મેઘનાદ દેસાઈ, મધુકર શાહ, પન્ના મોદી, ગૌતમ ભીંડે અને હરીશ ત્રિવેદીને જાય છે) તેમ કહેવામાં અતિશયોક્તિ નથી જ નથી.

આ પ્રમાણે નાટકમાં ભૂમિકા માટે નવીન પારેખ, વર્ષા આચાર્ય, મધુકર શાહ, પન્ના મોદી અને ગૌતમ ભીંડે (ક્યારેક ગિરીશ મોદીએ પણ 'નોકર'નુ પાત્ર ભજવેલું) તથા નાટકના નિર્માણની જવાબદારી મેઘનાદ દેસાઈ, કિરીટ મહેતા અને હરીશ ત્રિવેદીએ સંભાળી. અમારા બધાની મૈત્રીના કારણમાં નાટકના શોખ ઉપરાંત અંગ્રેજી નાટક, નવલકથા તથા અંગ્રેજી ફિલ્મના શોખ એ મુખ્ય કારણ હતા. મેઘનાદ, નવીન, મધુકર શાહ, હરીશ ત્રિવેદી ઇકોનૉમિક્સનો, જ્યારે વર્ષા અને પન્નાબહેન ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરતાં હતાં. બધાં જાણે 'ઢીંગલી ઘર'ને કારણે એક કુટુંબનાં સભ્યો બની ગયાં. કૉલેજનાં વર્ષો દરમિયાન અને ત્યાર બાદ, તે વખતના સ્નેહ, સંપર્ક, સમભાવ અને એકમેક તરફનો આદર કાયમ રહ્યા.

'ઢીંગલી ઘર'નું એક બીજું દૃશ્ય. કુટુંબી મિત્ર ડૉ. અતુલના પાત્રમાં હરીશ ત્રિવેદી તેમ જ મીરાંનાં પાત્રમાં વર્ષા આચાર્ય યાને કે 'વર્ષા અડાલજા

તારક મહેતા તે સમયે રુઇયા કૉલેજમાં તેમના એમ.એ.ના વર્ગ માટે આવતા. તે યાજ્ઞિકસાહેબની સંમતિ કેવી રીતે લેવી અને નાટક ભજવવા માટે બીજા ઉત્સુક વિદ્યાર્થીઓને કેમ 'વિશ્વાસ'માં લેવા, તે અંગેની અમારી 'દ્વિધા'થી પરિચિત હતા. અમે 'ઢીંગલી ઘર' ભજવવાનું નક્કી કર્યું, તે સાંજે રુઇયા પર આવી, તારકે પહેલો સવાલ કર્યો, 'તમારો 'સાહેબ' કયું નાટક કરાવવા માંગે છે તે તમે જાણો છો?' (તેમને કોઈ 'ઉડતી' બાતમી મળી હશે ...) પરંતુ 'ઢીંગલી ઘર' માટે અમે તૈયાર હતા અને મેઘનાદે કરેલું રૂપાંતર પણ તૈયાર હતું, તે જાણી તે દિગ્દર્શન કરવા સંમત થયા.

ત્યાં બીજી મુશ્કેલી ઊભી થઈ. તારક મહેતાને દિગ્દર્શન માટે 'પુરસ્કાર' આપવા બાબત યાજ્ઞિક સાહેબને કેવી રીતે કહેવું? યાજ્ઞિક સાહેબ તો માનતા હતા કે વિદ્યાર્થી તરીકે તારકને 'પુરસ્કાર' આપવાનો સવાલ જ ન હોય. નવીન પારેખે 'પુરસ્કાર'ની જવાબદારી લીધી. તારકે દીના ગાંધી અને જશવંત ઠાકરે 'રંગમંડળ'ને ઉપક્રમે અમદાવાદમાં ખૂબ જ સફળતાથી 'ઢીંગલી ઘર' ભજવાયાની વાત કરી. મેઘનાદે તપાસ કરતા જાણ્યુ કે તે 'રંગમંડળ'નુ 'ઢીંગલી ઘર' ઢીંગલી' નામે ભાષાંતર પ્રાણજીવન પાઠક અને રામનારાયણ પાઠકે કર્યું હતું. પણ આ A Doll's Houseનું આ માત્ર અક્ષરસઃ ભાષાંતર જ હતું તે વાંચ્યાથી સ્પષ્ટ થયું. રુઇયા કૉલેજની લાઇબ્રેરીમાંથી તે પ્રત લાવી, મેઘનાદે અમને બધાંને પહેલાં ચાર-પાંચ પાનાં વાંચી સંભળાવ્યા. તેમાં 'મારી મજાની ખિસકોલી, મારી સસલી, મારી કબૂતરી' તથા પરદેશી પોષાકની નોંધ અને નોરા માટેના ઇબ્સનના સંબોધનો વાંચ્યાં, પરંતુ મેઘનાદનું રૂપાંતર ખરેખર ખૂબ જ સુંદર હતું, તેની અમને ખાતરી થઈ.

ત્યાર બાદ નવીન પારેખ અને મેઘનાદ દેસાઈ ત્યાં માટુંગામાં જ - નજીકમાં રહેતાં દીના ગાંધીની સલાહ માટે ગયા. વાસ્તવિકતામાં નવીન પારેખ કે મેઘનાદ દેસાઈને દીના ગાંધીનો જરા પણ પરિચય ન હતો. અંગ્રેજીમાં જેને 'cold call' કહે છે તેવી આ મુલાકાત હતી. મુલાકાત બહુ જ ટૂંકી હતી. 'ઇબ્સન સાથે ચેડાં કરવાં એ તમારા જેવા જુવાનિયાનું કામ નથી'. દીના ગાંધીએ કરાવેલા આ 'ઠંડા પાણી'નાં 'સ્નાન'થી પવિત્ર થયેલા, પણ જરા પણ નારાજ ન થયેલા, આ બે મિત્રો પાછા ફર્યા, ત્યારે જુવાનીને કારણે કે પોતાના આત્મવિશ્વાસને કારણે, એ જે કારણ હોય તે, પણ દીના ગાંધીની સૂચનાની જરા પણ પરવા કર્યા સિવાય, નાટકનાં 'રિહર્સલ' શરૂ કર્યા.

તે સમયે આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધામાં. જાણીતા દિગ્દર્શકોમાં રમેશ જમીનદાર, પ્રબોધ જોષી, વિષ્ણુકુમાર વ્યાસ, પ્રતાપ ઓઝાનાં નામ ખૂબ જાણીતા હતા.

એક ઉત્તમ અભિનેત્રી તરીકે વર્ષા આચાર્યની ખ્યાતિ બધે જ ફેલાઈ હતી. પણ નવીન પારેખ, મધુકર શાહ અને પન્ના મોદીથી કોઈ પરિચિત ન હતું. મુંબઈમાં તારક મહેતા દિગ્દર્શિત આ પ્રથમ નાટક હતું. આ નાટક કેવું હશે, કેવી રીતે ભજવાશે, તે બાબત કૉલેજ વર્તુળોમાં અનેક ચર્ચાઓ અને અફવા ફેલાયાની અમને અવારનવાર જાણ થતી.

ભવનની આંતર કૉલેજ એકાંકી નાટ્ય સ્પર્ધા :

૧૯૫૬ના વર્ષની આંતર કૉલેજ સ્પર્ધામાં, એકંદરે બાવીસ નાટકો ભજવાયાં. તેમાંથી આખરી સ્પર્ધા માટે નિર્ણાયકોએ પાંચ નાટકો પસંદ કર્યા. નિર્ણાયકોમાં સરલા બેનરજી, સનતકુમાર વિણ, સ્નેહપ્રભા પ્રધાન (તખ્તાની અને ફિલ્મ અભિનેત્રી), ચં. ચી. મહેતા અને દીના ગાંધી હતાં. નિર્ણાયકોનાં નામ સાંભળી ક્ષણભર જાણે કોઈ વીજળીનો 'શૉક' લાગ્યો હોય તેવો અનુભવ થયો. ૧૯૫૧થી શરૂ થયેલી ભવન્સ સ્પર્ધામાં નિમાયેલાં નિર્ણાયકોમાં ઉપર જણાવેલી વ્યક્તિઓ ઉપરાંત અદી મર્ઝબાન, રામ પ્રસાદ બક્ષી, ધનસુખલાલ મહેતા, જયશંકર 'સુંદરી', ચાંપશીભાઈ નાગડા, પ્રબોધ જોષી, સી. એલ. ઘીવાળા, મધુભાઈ વૈદ્ય, સરયુ ખાંડવાળાનાં નામો ઉમેરવા તેમ જ જાણવા જરૂરી છે.

આખરી સ્પર્ધામાં ચૂંટાયેલાં પાંચ નાટકોમાં, 'અમારુ' 'ઢીંગલી ઘર' એક હતું. બીજાં ચાર નાટકોમાં - ગવર્મેન્ટ લૉ કૉલેજ તરફથી 'સ્ટેશન માસ્તર', રૂપાંતર ધનસુખલાલ મહેતા, દિગ્દર્શક રમેશ જમીનદાર, કલાકારોમાં હતાં વિજય ભટ્ટ (પછીથી વિજય દત્ત), કૃષ્ણકાંત શાહ અને સુધા ઠાકર. સિદ્ધાર્થ કૉલેજના ઉપક્રમે અજિત પટેલ કૃત 'ધૂમ્રસેર' - દિગ્દર્શક વિષ્ણુકુમાર વ્યાસ, - કલાકારોમાં ઉપેન્દ્ર ત્રિવેદી અને પ્રદ્યુમ્ન બધેકા. (અભિનેત્રીનું નામ યાદ નથી આવતું). એલ્ફિન્સ્ટન કૉલેજ તરફથી તારક મહેતા કૃત 'પેઇંગ ગેસ્ટ'. પ્રતાપ સાંગાણીકૃત 'સર્જકનાં સર્જન' જય હિંદ કૉલેજ(?)ના ઉપક્રમે ભજવાયું.

ખાલસા કૉલેજ તરફથી કાંતિ મડિયાએ પ્રબોધ જોષી કૃત 'વૈષ્ણવ જન તો ...'ની આખરી સ્પર્ધામાં પસંદગી નહોતી થઈ અને તે જ પ્રમાણે પ્રવીણ જોષી પણ આખરી સ્પર્ધામાં આવી શક્યા ન હતા.

મુંબઈના તખ્તાપર ઉપેન્દ્ર ત્રિવેદીનું આ પહેલું નાટક હતું. અભિનય માટે વિજય ભટ્ટને પારિતોષિક મળ્યું, નાટકની 'ટ્રૉફી' સિધ્ધાર્થ કૉલેજને મળી, અભિનય માટેનું પારિતોષિક 'ઢીંગલી ઘર'માં અનિલાની ભૂમિકા માટે પન્ના મોદીને મળ્યું. અને આ હકીકત આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધા માટે જ નહિ, પણ ગુજરાતની રંગભૂમિના ઇતિહાસનું એક અગત્યનું પ્રકરણ બની ગઈ.

૧૯૫૭માં રુઇયા કૉલેજ તરફથી શિવકુમાર જોષીકૃત 'પ્રસન્ન દાંપત્ય' ભજવાયું. કૉલેજના બીજા વર્ષના અભ્યાસને કારણે, વર્ષાએ નાટ્ય પ્રવૃત્તિમાંથી

વિરામ લીધો. 'પ્રસન્ન દાંપત્ય'ની પસંદગી પણ આખરી પાંચ નાટકોમાં થઈ. તેમાં માતાની ભૂમિકા ચિત્રા ભટ્ટે કરી હતી. આ ચિત્રા ભટ્ટ તે કવિ 'કાન્ત'નાં પૌત્રી. તેમનો અભિનય ખૂબ જ વખણાયો. પિતાની ભૂમિકામાં ઉપાકાંત રિંડાણી હતા. તેમને તથા દીકરીની ભૂમિકા માટે હંસા શાહને અભિનય માટે પારિતોષિક પણ મળ્યાં.

આ નાટકનો પહેલો પ્રયોગ રુઇયા કૉલેજના 'રસોત્સવ' પ્રસંગે ભજવાયો હતો. નાટક વિષે કાર્યક્રમ પુસ્તિકામાં આ પ્રમાણે નોંધ જોવા મળે છે - આ નાટકમાં નથી ફિલસૂફી કે નથી મોટા આદર્શો. આ આપણા બધાના જીવનનું નાટક છે. તેમાં ભાગ લેનારાં પાત્રો આપણે બધા જ છીએ. આપણા અને આપણી આજુબાજુના દરેક કુટુંબમાં જે આનંદ, માધુર્ય અને પ્રેમનું વાતાવરણ પ્રવર્તે છે, તેનું આ પ્રતિબિંબ છે.

તે વર્ષની આંતર કૉલેજ સ્પર્ધામાં, સિદ્ધાર્થ કૉલેજે અજીત પટેલ લિખિત 'પાવન ભસ્મ' રજૂ કર્યું હતું. નાટકનુ દિગ્દર્શન વિષ્ણુકુમાર વ્યાસનું હતું, જ્યારે મુખ્ય પાત્રના અભિનયમાં ઉપેન્દ્ર ત્રિવેદી હતા. નાટકની કથા વસ્તુ અર્નેસ્ટ હેમિંગવેની નવલકથા 'ધ સન ઑલસો રાઇઝીઝ' પર આધારિત હતી. યુધ્ધમાં ઘણા બધા યુવાન સૈનિકો ઘવાય છે, મૃત્યુ પામે છે તે હકીકત વર્તમાનપત્રના ખબરપત્રી જૅક બાર્નસના પાત્ર દ્વારા આપણને 'કહે' છે. હેમિંગવેના પરિચયમાં આવેલી વ્યક્તિઓ અને તેમના અનુભવોને આધારે વાર્તાના પાત્રો કલ્પાયા છે. ઉપેન્દ્ર જૅક બાર્નસના ગુજરાતી 'અવતાર'ને સાકાર કરે છે. વિષ્ણુકુમાર વ્યાસે કલ્પેલો સંન્નિવેશ અને બૉમ્બના ધડાકા-ભડાકા અને આકાશમાં આગ લાગી હોય તેવું દૃષ્ય ખૂબ જ સૂજપૂર્વક તખ્તા પર રજૂ કર્યું હતું. આ નાટક પણ અંતિમ સ્પર્ધાનાં પાંચ નાટકોમાં ચૂંટાયું હતું. થોડાં જ વર્ષોમાં જે ગુજરાતી તખ્તો 'સર' કરશે તેની પ્રતીતિ ઉપેન્દ્ર ત્રિવેદી ભવન્સ સ્પર્ધાના તેમના નાટ્ય અભિનયથી કરાવી દે છે.

૧૯૫૭ની ભવન્સની સ્પર્ધામાં, યાદગાર નાટકોમાં તારક મહેતા લિખિત 'નાજુક સવારી'ની નોંધ લેવી જરૂરી છે. બે પાત્રોવાળા આ શિષ્ટ પ્રહસનમાં પ્રવીણ જોષી અને અશ્વિની જાનીનો અભિનય હંમેશને માટે મગજમાં કોતરાઈ જાય તેવો ઉત્તમ હતો. નાટ્ય હરીફાઈની 'ટ્રૉફી' ખાલસા કૉલેજના ઉપક્રમે ભજવાયેલા અને પ્રબોધ જોષી લિખિત 'રાજાને ગમી તે રાણી'ને મળી. તે નાટકમાં કાંતિ મડિયા ઉપરાંત અમૃત પટેલ, ડી. એસ. મહેતા, કિશોર ભટ્ટ, જયંત વ્યાસ વગેરેએ ભાગ લીધો હતો.

એક જાણવા જેવી વાત : તારક મહેતા લિખિત એક નાટકનું નામ હતું 'દુનિયાને ઊંધાં ચશ્માં'. ૧૯૬૦ના અરસામાં આ નાટક મહારાષ્ટ્ર રાજ્ય નાટ્ય સ્પર્ધામાં ભજવાયું હતું. કઈ સંસ્થાના ઉપક્રમે તે ભજવાયું હતું તે આજે યાદ નથી. આ નાટક ખૂબ જ સફળ થયું હતું અને તેણે પારિતોષિક પણ મેળવ્યા હતા. નાટકમાં એક 'જાદુઈ' ચશ્માં પહેરવાથી ઉપજતી ગેરસમજ કુટુંબમાં કેવો હાહાકાર જગાવે છે, તે મુખ્ય વાત હતી. આ નાટકને તેના શીર્ષક સિવાય તારક મહેતાએ "ચિત્રલેખા"માં લખેલી લેખમાળા, અને પછીથી ટેલિવિઝન પર લોકપ્રિય થયેલી 'સિરિયલ' સાથે કાંઈ પણ સંબંધ નથી.

૧૯૫૭માં મુંબઈ યુનિવર્સિટીની શતાબ્દી ઉજવણી પ્રસંગે, 'રંગ ભવન'માં યોજાયેલા સમારોહમાં, 'ઢીંગલી ઘર' નાટક ભજવવા માટે રુઇયા કૉલેજને આમંત્રણ મળ્યું હતું, એ અમારે માટે માન અને ગૌરવની વાત હતી.

૧૯૫૮ની સ્પર્ધામાં મેઘનાદ દેસાઈએ ટેનેસી વિલિયમ્સના The Glass Menagerieનું રૂપાંતર રજૂ કરવાનું સૂચવ્યું. બધાને તે વિચાર પસંદ પડ્યો, અને બે-ત્રણ દિવસમાં જ મેઘનાદે રૂપાંતરિત નાટક 'સંજીવની' તૈયાર કર્યું, અને તે સ્પર્ધામાં રજૂ થયું. મૂળ નાટકમાં એક પાત્ર 'મા'નું હતું. ચિત્રા ભટ્ટ કોઈ કારણસર આ નાટકમાં ભાગ લઈ શકે તેમ ન હતાં. તેથી 'મા'નું પાત્ર, નાટકમાં તો આવું બધું ચાલે તે ન્યાયે, 'બાપ'માં ફેરવાયું. સગવડિયો ધંધોસ્તો! બાપના પાત્ર માટે શાંતિલાલ શાહ નામના એક નવા વિદ્યાર્થીની પસંદગી થઈ. આ નાટકના દિગ્દર્શન માટે તારક મહેતાને સમય ન હતો, અને અમે સૌએ રમેશ જમીનદારનો સંપર્ક સાધવાનું નક્કી કર્યું. નવીન પારેખ જમીનદારને મળ્યા, અને ટેનેસી વિલિયમ્સના ગુજરાતી રૂપાંતરના દિગ્દર્શન માટે 'બૉસ'ને 'રીક્વેસ્ટ' કરી. રમેશ જમીનદારને 'બૉસ' કહી સંબોધવાનો 'રિવાજ' હતો. નવીને પુરસ્કાર વિષે પૂછ્યું અને 'પુરસ્કાર બુરસ્કાર કાંઈ નહીં. મને અહીંથી લેવાની વ્યવસ્થા કરજે.' એટલે મુંબઈના ફૉર્ટ વિસ્તારમાં આવેલા 'કૉફી હાઉસ'માંથી લાવવા-લઈ જવાની જવાબદારી નવીને સંભાળી લીધી.

તે સમયે ભજવેલાં નાટકોની તૈયારી માટે, દર વર્ષે લગભગ ત્રણેક મહિના દરમ્યાન, ચા-નાસ્તા, ટેક્સી ભાડાં, તારક મહેતાનો પુરસ્કાર વગેરે માટે નવીન પારેખે કેટલો ખર્ચ ભોગવ્યો હશે, તેની કલ્પના વાંચકો જરૂર કરી શકશે.

'સંજીવની'નો પહેલો પ્રયોગ, ૧૯૫૮ના જાન્યુઆરીની ૧૧મી તારીખે, કિંગ જ્યોર્જ હાઈ સ્કૂલના સભાગૃહમાં, રુઇઆ કૉલેજના વાર્ષિક 'રસોત્સવ'માં થયો. તે સમયની કાર્યક્રમ પુસ્તિકામાં નાટક વિષે નીચે પ્રમાણે કથાવૃત્તાંત છપાયું હતું. -

રુઇયા કૉલેજના વાર્ષિક 'રસોત્સવ'ની પુસ્તિકામાંથી (જાન્યુઆરી ૧૧, ૧૯૫૮) સ્થળ: કિંગ જ્યોર્જ હાઈ સ્કૂલ સભાગૃહ, દાદર, મુંબઈ.

સંજીવની (એક અંગ્રેજી નાટક પરથી સૂચિત) કથાવૃત્તાંત :

જગતના અમુક દ્વંદ્વો આપણે વર્ષોથી ઓળખતા આવ્યા છીએ - દિવસ અને રાત્રિ, પ્રકાશ અને અંધકાર, હાસ્ય અને અશ્રુ, સુખ કે દુ:ખ.

દિવસ, રાત્રી, પ્રકાશ કે અંધકાર આપણે જોઈ શકીએ છીએ, હાસ્ય, અશ્રુ, સુખ કે દુ:ખ અનુભવીએ છીએ. પરંતુ આમાં પણ થોડો ફેર છે. સુખ કે દુ:ખ હંમેશાં સાચા નથી હોતા કારણ કે એ લાગણીનો, વૃત્તિનો પ્રશ્ન છે. પણ આપણે તે સંપૂર્ણ રીતે સમજી નથી શકતા. અને તેથી જ જીવનના અમુક પાસા આપણે જુદી રીતે જોઈએ છીએ, આપણે વિચારીએ છીએ પણ વિચાર નથી કરી શક્તા - વિચારના વમળમાં ફસાઈ જઈએ છીએ. આગળ વધવાની કાંઈક કાર્ય કરવાની શક્તિ હોવા છતાં આપણે એમ કરી શક્તા નથી - આમ આપણે જ ઊભી કરેલી મુસીબતોથી આપણે જ પરેશાન થઈ જઈએ છીએ. જીવન શુષ્ક અને નિરસ લાગે છે. માનસશાસ્ત્રી આ પ્રકારની લાગણી એક જ શબ્દથી ઓળખાવે છે - લઘુતાગ્રંથિ, Inferiority Complex. આ નાટકમાં તેજલ પણ એવી જ પરિસ્થિતિમાં મુકાઈ ગઈ છે. તેને પગે એક નજીવી ખોડ છે પણ જીવન એને આકરું લાગે છે. પણ એટલામાં જ તે અનિલના પરિચયમાં આવે છે. જૂની ઓળખાણ તાજી થાય છે. તેજલમાં જાણે નવું ચેતન આવે છે. પણ પછી ? આ પ્રશ્નનો જવાબ નાટક જ આપશે ...

* * * * *

'ધ ગ્લાસ મેનેજરી', સૌપ્રથમ ૧૯૪૪માં, શિકાગોમાં ભજવાયું. આ પ્રયોગની અસાધારણ સફળતાથી તે ૧૯૪૫માં બ્રૉડવે પર ભજવાયું અને તે જ વર્ષે, આ નાટકને ન્યૂયૉર્ક ડ્રામા ક્રિટીક સર્કલ તરફથી, તે વર્ષના 'શ્રેષ્ઠ' નાટકનું પારિતોષિક મળ્યું. ટૅનેસી વિલિયમ્સની ખ્યાતિમાં આ નાટકે અનહદ વધારો કર્યો.

૧૯૫૦, ૧૯૭૩ અને ૧૯૮૭માં આ નાટક પરથી ત્રણ જુદી જુદી ફિલ્મ બની. નાટકના આ ફિલ્મી 'અવતાર'માં કર્ક ડગ્લાસ, જેન વાયમેન (રોનાલ્ડ રીગનનાં પ્રથમ પત્ની), પૉલ ન્યુમેન, જોએન વૂડવર્ડ, કેથરિન હૅપબર્ન વગેરે 'નામીચા' કલાકારોની અદાકારી અને થોડા ટેલિવિઝન માટેના રૂપાંતર પણ થયેલા. નાટક બ્રૉડવેપર લગભગ દોઢ વર્ષ ચાલ્યું હતું અને હજુ પણ તે અવાર નવાર ધંધાદારી થિયેટર તથા શાળા કૉલેજોમાં ભજવાય છે.

ટેનેસી વિલિયમ્સ આ નાટકને memory play તરીકે ઓળખાવે છે. ચાર પાત્રોનું બનેલું આ નાટક મા, દીકરી અને ભાઈ વચ્ચેના સંબંધ તેમ જ સમસ્યા અને કૌટુંબિક જવાબદારી વચ્ચેના 'આંતરવિગ્રહ'ને બહાર લાવે છે. આશા, અભિલાષા અને નિરાશા વચ્ચે ઝુમતાં આ નાટકે પ્રેક્ષકોનાં મન હરી લીધાં.

અપંગ દીકરીનાં પાત્રમાં વર્ષાએ ખૂબ જ સુંદર અભિનય આપ્યો અને તેમાં 'આગંતુક'ના પાત્રમાં નવીન પારેખ પણ એટલા જ પ્રભાવિત રહ્યા. રમેશ જમીનદારે આઈ. ઍન. ટી. મારફતે નાટકના સન્નિવેષ તથા પ્રકાશ આયોજનની વ્યવસ્થા કરી આપી. નાટકનો 'સૅટ', મૂળ નાટકમાં સૂચવ્યા પ્રમાણે, આબેહૂબ

બનાવ્યો હતો. ગૌતમ જોષીએ પ્રકાશ આયોજન પણ 'બૉસ'ની સૂચના, ના, 'માગ' પ્રમાણે કરી આપી હતી. 'સંજીવની'નો પહેલો પ્રયોગ દાદરની 'કિંગ જ્યોર્જ સ્કૂલ'ના નાટ્યગૃહમાં રુઇયા કૉલેજના વાર્ષિક 'રસોત્સવ'માં રજૂ થયો હતો અને પછી તે જ વર્ષના (૧૯૫૮ના) જૂન/જૂલાઈમાં ભવન્સની નાટ્ય સ્પર્ધામાં રજૂ થયો હતો.

'સંજીવની' સ્પર્ધાના અંતિમ તબક્કે પહોંચ્યું ખરું, પણ કોઈ પારિતોષિક મેળવાયું નહીં. પહેલા પ્રયોગ સમયે 'બૉસ' તેમની ટેવ મુજબ હાજર ન હતા. ભવન્સની સ્પર્ધા માટે તારક મહેતાના દિગ્દર્શનની મદદ લીધી હતી. નાટકમાં સંગીત માટે - રુઇયા કૉલેજના સહાધ્યાયી અને એક અચ્છા સિતાર વાદક હંસા વલિયાની સહાય મળી, તેથી નાટકના અંત સમયના દૃષ્ય સમયે ગીતની એક પંક્તિ ઇલા કોઠારીના કંઠે ગવાઈ હતી.

૧૯૫૮ના વર્ષમાં ઉત્તમ નાટક માટે સ્પર્ધાની 'ટ્રૉફી' ગવર્મેન્ટ લૉ કૉલેજના ઉપક્રમે ભજવાયેલ અને પ્રબોધ જોષી રૂપાંતરિત 'ને મરેલા બોલે છે..'ને મળી હતી. મૂળ મરાઠી નાટક 'પૂર્વજ' પર આધારિત આ નાટક મૂળ મરાઠી કરતાં પણ વધારે સરસ રીતે ભજવાયું તેવું મરાઠી ભાષી કલાકારો તરફથી અનેક વખત સાંભળવા મળતું. આ નાટકમાં સુરેન્દ્ર શાહનો અભિનય માણવા જેવો રહ્યો. સુરેન્દ્ર શાહે ત્યાર બાદ રંગભૂમિના અનેક નાટકોમાં - શાહ જહાન, દયારામ, ઝેર તો પીધાં જાણી જાણી અને હરીશ ત્રિવેદી રૂપાંતરિત 'દર્પણ'માં અભિનય આપેલો. 'ફક્ત પુખ્ત વયના માટે'ની સૂચના સાથે ગુજરાતીમાં ભજવાતું આ કદાચ પહેલું જ નાટક હશે.

'પ્રસન્ન દાંપત્ય' અને 'સંજીવની'ના રિહર્સલ વખતે ઘણી વખત ઇલા કોઠારી આવતાં. તે પણ રુઇયા કૉલેજમાં હતાં. સૉવિયેટ યુનિયનમાં યોજાયેલ 'યુથ ફેસ્ટીવલ'માં રાસ-ગરબાના કાર્યક્રમમાં તેમણે ભાગ લીધેલો. અવિનાશ વ્યાસ અને યોગેન્દ્ર દેસાઈની નૃત્યનાટિકાઓમાં પણ તેમણે ભાગ લીધેલો. નાટકોનાં 'રિહર્સલ' દરમિયાન તારક મહેતા અને ઇલા કોઠારીની મૈત્રી 'જામી' અને લગ્ન પણ થયાં. ઇલાના પ્રસવ સમયે તારક મહેતા થોડા મોડા 'રિહર્સલ' પર આવ્યા. અમે બધા કાંઈ પૂછીએ તે પહેલાં જ તારકે પુત્રીના જન્મના સમાચાર આપ્યા, અને દીકરીનું નામ પણ કહ્યું : 'ઈશાની'. અને પછી ઉમેર્યું, 'ઇલાનો 'ઇ' અને તારકની નિશાની તે 'ઈશાની'. ઇલા તારક મહેતાનું થોડાં વર્ષો પહેલાં અવસાન થયું.

ચોક્કસ સાલ યાદ નથી, પણ ૧૯૫૮માં કે ૧૯૫૯માં આઇ. 'એન. ટી. તરફથી ગુજરાતી ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા યોજવામાં આવી હતી. તે પ્રસંગે 'ઢીંગલી ઘર'નું મેઘનાદ દેસાઈ અને હરીશ ત્રિવેદીએ કરેલ ત્રિઅંકી રૂપાંતર જય હિંદ કૉલેજના હૉલમાં ભજવાયું હતું. આ નાટકમાં અભિનય માટે વર્ષા આચાર્યને પહેલું પારિતોષિક મળ્યું અને આ સ્પર્ધામાં નાટક બીજું આવ્યું. નાટકમાં નવીન પારેખ, વર્ષા આચાર્ય અને પન્ના મોદી ઉપરાંત ડૉ. રૅન્કના - અતુલનું પાત્ર હરીશ ત્રિવેદીએ ભજવ્યું હતું. નિલાંબર(નીલ ક્રોગસ્ટેડ)ની ભૂમિકા માટે મધુકર શાહનો 'પાઠ' રુઇયા કૉલેજના એક બીજા વિદ્યાર્થીએ ભજવ્યો હતો (નામ યાદ નથી આવતું). મધુકર શાહ તે વખતે વ્યવસાય અંગે અમદાવાદમાં રહેતા હતા.

તુષાર(ટોરવાલ્ડ)નું ઘર છોડી, ચાલી જતી મીરાંની તપ્તા પરની વિદાય અને દરવાજો બંધ થવાનો અવાજ તો ખરો જ, પણ પડદા પાછળ આવી ધ્રુસકે ધ્રુસકે રોતી અને ધ્રુજતી વર્ષાને જોતાં જ ખરો અભિનય શું છે, તેનો તાદૃશ પુરાવો જોવા મળ્યાનો આનંદ અને સંતોષ છે. અભિનય કરતાં પહેલાં પાત્રનું 'માનસ' સમજી લઈ, તે પાત્રની કાયામાં પ્રવેશ કરવાનો અને તે રીતે પાત્ર સાથે તાદાત્મ્ય સાધવાનું. આ કપરી અને નવા કલાકાર માટે અશક્ય ગણાય તેવી અભિનય તાલીમ કહેવાય, પણ સાચા કલાકારોએ હંમેશાં આ રીતે જ પાત્ર તૈયાર કરવાની સલાહ અભિનયની તાલીમને લગતાં અનેક પુસ્તકોમાં જોવા મળે છે. વર્ષા આચાર્યમાં આ શક્તિ સ્વયંભૂ રીતે 'પ્રગટી' હતી.

નાટકના પ્રેક્ષક વર્ગમાં, મુંબઈના નાટ્ય વર્તુળોમાં જાણીતી અનેક વ્યક્તિઓ તો હતી જ, પણ તે સમય 'નાટ્ય સંઘ'ના અધિપતિ હર્બર્ટ માર્શલ પણ હાજર હતા. ઇંગ્લિશ સ્ટેજ અને ફિલ્મના અદાકાર. ફિલ્મોમાં ગ્રેટા ગાર્બો, માર્લેના ડિએટ્રીક, બૅટી ડેવીસ, જોન ક્રાફર્ડ વગેરે તે જમાનાની પ્રખ્યાત અભિનેત્રીઓ સાથે ' ધ રેઝર્સ એજ', 'ધ લિટ્ટલ ફૉક્સિઝ,' 'ટ્રબલ ઇન પૅરેડાઇઝ' વગેરે ફિલ્મોના અભિનેતા તે હર્બર્ટ માર્શલ. તે સમયે તેમની ઉંમર સિત્તેર જેટલી હતી. વિશ્વભરમાં જાણીતા આ અભિનેતાએ ગુજરાતી ન સમજતા હોવા છતાં, પણ નાટક ખૂબ માણ્યું, તેમ જણાવી અમને દરેકને અભિનંદન આપ્યા. આ 'નાટ્ય સંઘ' તે દિલ્હીની 'નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા'નો પૂર્વ અવતાર. તેના સંચાલન માટે 'યુનેસ્કો' તરફથી અનુદાન મળતું હતું. હર્બર્ટ માર્શલને 'ઢીંગલી ઘર' માટે ખાસ આમંત્રણ આપનાર મનસુખ જોષી હતા.

મનસુખભાઈ લંડનની વિશ્વ વિખ્યાત 'રૉયલ અકાદમી ઑફ ડ્રામેટીક આર્ટ્સ'માં 'અભ્યાસ' કરી તે અરસામાં જ પાછા ફર્યા હતા. તે અમારા રિહર્સલ જોવા આવતા, અને એક વખત રિહર્સલ જોયા બાદ, અમને આખું નાટક, સંવાદ બોલ્યા સિવાય, ફક્ત મૂગા અભિનયથી ભજવી બતાવવા સૂચવ્યું. સંવાદ પાછળ રહેલી પાત્રોની મનોભાવના સમજવા અને વ્યક્ત કરવા માટેની આ મનસુખભાઈની જડીબુટ્ટી! અભિનય વિષે શું શીખ્યા તે યાદ નથી, પણ અભિનય કરવા માટે કયાં કયાં 'સાધનો' ઉપયોગી થઈ શકે તે સમજાયું.

૧૯૫૯ના જાન્યુઆરીની ૧૪મી તારીખે રુઇઆ કૉલેજના રસોત્સવ સમયે નવીન પારેખ લિખિત 'ખાનદાર ચોર' નાટક ભજવાયું. તેમાં દિગ્દર્શક તરીકે 'કુ. વર્ષા આચાર્ય'નું નામ જોવા મળે છે. 'આગંતુક' અથવા 'ચોર'નું પાત્ર નવીન પારેખે ભજવ્યું હતું.

તે વર્ષની આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધામાં પણ આ નાટક રજૂ થયું હતું. પરંતુ ખાનદાન ચોરના લેખક તરીકે કોઈ કારણસર હરીશ ત્રિવેદીનુ નામ સ્પર્ધાને લગતા 'ઍન્ટ્રિ ફૉર્મ'મા લખાવ્યું હતું. વર્ષાએ કરેલ નીલાનું પાત્ર સ્પર્ધામાં વાસંતી સાંગાણીએ ભજવ્યું હતું. સ્પર્ધાનાં આખરી પાંચ નાટકોમાં આ નાટકની પસંદગી થઈ નહોતી.

તે પછીના વર્ષે, આ સ્પર્ધામાં, ફ્રેડરીક નૉટના અંગ્રેજી નાટક 'ડાયલ એમ ફૉર મર્ડર' પરથી મેઘનાદ દેસાઈ રૂપાંતરિત 'પાંચમે પગથિયે' ભજવાયું. તે નાટક સ્પર્ધામાં પ્રથમ આવ્યું અને વર્ષાને અભિનય માટે પારિતોષિક મળ્યું.


—: સંજીવની :—

[એક અંગ્રેજી નાટક પરથી સૂચિત]

—: રૂપાંતરકાર :—

શ્રી. હરીશ ત્રીવેદી

શ્રી. મેઘનાદ દેસાઈ.

—: દિગ્દર્શક :—

શ્રી. રમેશ જમીનદાર

—: પાત્રસૂચિ :—

તેજલ— કુ. વર્ષા આચાર્ય

સુનંદાબહેન— કુ. હંસા વલિયા

સુધીર— શ્રી. હરીવદન આસ્તિક

અનિલ— શ્રી. નવીન પારેખ

કથાવૃત્તાંત :

જગતના અમુક દ્વંદ્વો આપણે વર્ષોથી ઓળખતા આવ્યા છીએ—દિવસ અને રાત્રિ, પ્રકાશ અને અંધકાર, હાસ્ય અને અશ્રુ, સુખ કે દુઃખ. દિવસ, રાત્રી, પ્રકાશ કે અંધકાર આપણે જોઈ શકાએ છીએ, હાસ્ય, અશ્રુ, સુખ કે દુઃખ અનુભવીએ છીએ. પરંતુ આમાં પણ થોડો ફેર છે. સુખ કે દુઃખ હંમેશા સાચા નથી હોતા કારણકે એ લાગણીનો, વૃત્તિનો પ્રશ્ન છે. પણ આપણે તે સંપૂર્ણ રીતે સમજી નથી શકતા. અને તેથી જ જીવનના અમુક પાસા આપણે જુદી રીતે જોઈએ છીએ, આપણે વિચારીએ છીએ પણ વિચાર નથી કરી શકતા—વિચાર વમળમાં ફસાઈ જઈએ છીએ. આગળ વધવાની કાંઈક કાર્ય કરવાની શકિત હોવા છતાં આપણે એમ કરી શકતા નથી—આમ આપણે જ ઉભી કરેલી મુશીબતોથી આપણે જ પરેશાન થઇ જઈએ છીએ. જીવન શુષ્ક અને નિરસ લાગે છે. માનસશાસ્ત્રી આ પ્રકારની લાગણી એકજ શબ્દથી ઓળખાવે છે—લઘુતાગ્રંથી Inferiority Complex આ નાટકમાં તેજલ પણ એવી જ પરિસ્થિતિમાં મુકાઇ ગઈ છે. તેને પગે એક નજીવી ખોડ છે પણ જીવન એને આકરૂં લાગે છે. પણ એટલામાંજ તે અનિલના પરિચયમાં આવે છે. જુની ઓળખાણ તાજી થાય છે. તેજલમાં જાણે નવું ચેતન આવે છે પણ....પછી ? આ પ્રશ્નનો જવાબ નાટક જ આપશે.

આ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા આઇ.ઍન.ટી. તરફથી યોજાયેલી હોવાથી મેઘનાદ રૂપાંતરિત પ્રત તે સંસ્થા પાસે હતી. તેના આધારે પ્રવીણ જોષીએ 'મોગરાના સાપ' તૈયાર કર્યું. તે નાટકના રૂપાંતરકાર તરીકે તે જ સંસ્થાના અભિનેતા ડી. એસ. મહેતાને ઓળખાવ્યા હતા. આ હકીકત 'નાટકની દુનિયામાં આવું બધું તો ચાલ્યા જ કરે' - તે ખાનામાં 'ફાઇલ' કરવાની .... !

૧૯૯૬માં 'ઢીંગલી ઘર' અને બીજાં નાટકો કરનાર રુઈયા કૉલેજની એ 'ટીમ'ના બે સ્નેહ મિલન (Re-unions) મુંબઈમાં યોજાયાં, ત્યારે તારક મહેતા નાદુરસ્ત તબિયતને કારણે આવી ન શક્યા. નવીન પારેખ, મધુકર શાહ, ઉષાકાંત રિંડાણી, ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજા, મેઘનાદ દેસાઈ, હંસા મહેતા, ગૌતમ ભીંડે વગેરે વર્ષા અડાલજાનાં નિવાસ્થાને મળ્યાં. ત્યાર બાદ, હંસા મહેતાનું થોડા જ મહિનામાં અવસાન થયું. પન્ના મોદી તે સમયે પરદેશ હોવાથી આવી ન શક્યાં. તે સાન ફ્રાન્સિસકોમાં તેમના ભાઈ શિરીષ મોદી સાથે રહેતાં હતાં. તેમના અવસાનના સમાચાર પણ re-union બાદ મળ્યા.

'ઢીંગલી ઘર' ભજવાયાના, ૨૦૦૬માં, પચાસ વર્ષની 'ઉજવણી' પ્રસંગે, બીજો re-union પ્રસંગ મુંબઈના AAA Clubમાં યોજાયો હતો. પણ તારક મહેતા તે સમયે પણ ન આવી શક્યા, મેઘનાદ દેસાઈ પણ તે re-unionમાં હાજર ન હતા. આ પ્રસંગે હંસા વલિયાએ તેમના પતિ સાથે હાજરી આપી હતી. તે વિલ્સન કૉલેજમાં સાયકોલૉજી વિષય શીખવતા હતાં. અમારી 'ટીમ' ઉપરાંત, રંગભૂમિ સંસ્થાના કલાકારો પ્રતાપ પોપટ અને પ્રતાપ ઓઝા પણ આ 'મહેફિલ'માં હાજર હતા.

•••••

૧૯૫૮માં અમે ભવન સ્પર્ધામાં 'સંજીવની' ભજવ્યું, તે સમયે તારક મહેતા "ગુજરાતી નાટ્ય" સામાયિકના સંપાદન વિભાગમાં હતા. તંત્રી મધુકર રાંદેરિયા હતા, કે પ્રાગજી ડોસા હતા, તે અત્યારે યાદ નથી. ૧૯૫૮ના જુલાઈ કે ઑગસ્ટ મહિનાના "ગુજરાતી નાટ્ય"માં 'સંજીવની' છપાયું હતું. લેખક તરીકે તારક મહેતાનું નામ હતું!

થોડા વખત પહેલાં તારક મહેતા મળ્યા, ત્યારે વાત વાતમાં તેમણે કહ્યું કે 'ઢીંગલી ઘર'ની એક નકલ તેમની પાસે હતી, તેમાં થોડા સુધારા કરી, નામ બદલી કોઈ સંસ્થાને રાજ્ય સ્પર્ધામાં ભજવવા આપી હતી. લેખક : તારક મહેતા.

૧૯૬૨-૬૩ના અરસામાં, અગાઉ જણાવ્યા પ્રમાણે, 'રંગભૂમિ'એ મારું રૂપાંતરિત નાટક 'દર્પણ' ભજવ્યું. નાટક ખૂબ જ સફળ રહ્યું. આ નાટકના પ્રયોગો દરમિયાન હું અમેરિકા આવ્યો. ત્યાર બાદ, મરાઠી અને હિંદી ભાષામાં આ જ નાટકનાં રૂપાંતર મુંબઈમાં ભજવાયાં ....

બીજી વાત : મેં રંગભૂમિ માટે ફ્રેડરીક ડૂરેમા[Friedrich Dürrenmatt]ના 'નાટકનું ગુજરાતી રૂપાંતર કર્યું હતું. કાંતિ મડિયા તેમાં ભાગ લેનાર હતા. તે નાટકના એક પાત્ર માટે મડિયાએ તેમના સાળા ગિરેશભાઈને લેવાનો આગ્રહ કર્યો, અને નાટક ભજવવાનું બંધ રહ્યું. ડુરેમાના નાટકની બે નકલ મુંબઈના સ્ટ્રેન્ડ બૂક સ્ટોરમાં, મારા મંગાવ્યાથી આવી હતી. બીજી નકલ વિજય તેંડુલકરે ખરીદી. તે પરથી પ્રેરણા મેળવી, તેમણે 'શાંતતા, કોર્ટ ચાલુ આહે' લખ્યું, અને સફળતાથી તે ભજવાયું. તેનું ગુજરાતી ભાષાંતર પ્રવીણ જોષીએ આઈ. ઍન. ટી.ના ઉપક્રમે ભજવ્યું. ત્યાર બાદ કાંતિ મડિયાએ, તેમની નાટ્યસંપદા સંસ્થાને ઉપક્રમે, તે જ નાટકનું ગુજરાતી રૂપાંતર 'જાગતા રહેજો' નામે ભજવ્યું ! વિષ્ણુકુમાર વ્યાસે તે નાટકમાં એક ભૂમિકા કરેલી. જ્યારે ૧૯૯૨-૯૩ દરમ્યાન, વિષ્ણુભાઈ 'શકુંતલા' નૃત્ય નાટિકા સાથે 'સફરે' આવ્યા, ત્યારે ટોલીડોથી તેમને ડેટન મારી ભત્રીજી અલ્પા લઈ આવી. 'થેન્ક્સ ગિવીંગ ડે'નુ અઠવાડિયું હોવાથી, અમે તેમને ડેટન જ ત્રણ-ચાર દિવસ રહી જવા આગ્રહ કર્યો. તેમણે તેમના દીકરાને ફોન કરી તે રવિવારે, 'થેંક્સ ગિવીંગ ડે' પછી, ડેટન આવી તેમને કૅરોલાઇના લઈ જવા કહ્યું.

તેમના સહવાસમાં નાટકો વિષે અનેક વાતો કરી, અવેતન 'રંગભૂમિ' સંસ્થામાં અનેક વર્ષો, અનેક નાટકો 'અવેતન' ભજવ્યા પછી, તેમણે ભારે હ્દયે 'સવેતન' બનેલી ગુજરાતી રંગભૂમિનાં નાટકોમાં ભાગ લેવા શરુ કર્યું હતું, તેમ આંખમાં ઝળઝળિયાં સાથે જણાવ્યું. ત્યાર બાદ 'સ્કોચ'નો એક ઘૂંટડો અને સિગરેટનો એક દમ મારતા, વિષ્ણુભાઈએ કહ્યુ, 'દીકરા, તારું પેલું નાટક તો પછી કાંતિ મડિયાએ ભજવ્યું. મેં પણ તેમાં એક ભૂમિકા કરી હતી.' વગેરે. 'તારું પેલું નાટક' તે મારું ડુરેમાના નાટકનું ગુજરાતી રુપાંતર, તેમ આગળ વાત કરતાં જણાવ્યું. ફ્રેડરીક ડૂરેમાનું નાટક તે તેમની ટૂંકી નવલકથા પરથી તૈયાર થયેલ 'અ ડેન્જરસ ગેમ'.

વિષ્ણુભાઈના રહેવાસ દરમિયાન, મેં તેમને મારા નર્મદની આત્મકથાના આધારે, એક પાત્રી નાટક કરવાનો વિચાર જણાવ્યો. થોડીવાર વિચાર કરી, સિગરેટનો એક દમ ખેંચી, મને કહે, 'હરીશ દીકરા, આવું નાટક મુંબઈમાં ન હાલે. તું આવીને કરે તો કદાચ કરાય ...'

નર્મદ : મારી હકીકત ભજવવા મુંબઈ ગયો ત્યારે ઍન.સી.પી.એ.ના સભાગૃહમાં, 'કાવ્ય સંપદા'ના ઉપક્રમે કાંતિ મડિયાએ કાવ્ય પઠનનો કાર્યક્રમ યોજ્યો હતો. હું તથા ચંદ્રકાંત શાહ (ચંદુ શાહ) - જેમણે નર્મદની યાદગાર ભૂમિકાથી પ્રેક્ષકો અને વિવેચકોના મન જીતી લીધા હતા તે - સ્વ. સુરેશભાઈ દલાલ ત્યાં આવ્યા હોવાથી, અમે બંને તેમને મળ્યા. અને તેમને તેમની સંસ્થા 'ઇમેજ'ને ઉપક્રમે, 'નર્મદ' નાટક ભજવી શકાય કે કેમ તેમ પૂછ્યું. સુરશભાઈએ, 'અમે તો શાહબુદ્દીન રાઠોડનો કાર્યક્રમ યોજવાનું વિચાર્યુ છે ....' કહી, એ વાત ટાળી. અને આમ વાર્તા પૂરી થઈ ! અમે તેમને પાર્લા નાટકના પ્રથમ પ્રયોગમાં આવવા આમંત્રણ આપ્યું. મુંબઈમાં ભજવાયેલા બીજા પાંચ છ પ્રયોગોમાં આવવા પણ આમંત્રણ આપ્યું. પણ સુરેશભાઈ મુંબઈમાં 'નર્મદ' જોવા ન આવી શક્યા. ૧૯૯૭માં, જ્યારે અમદાવાદમા 'નર્મદ'નો પ્રયોગ રજૂ થયો, તે સમયે સુરેશભાઈ અમદાવાદમાં હતા. તે વખતે તેમને પ્રેક્ષકગૃહમાં દૂરથી જોયાનું યાદ છે.

* * * *

રડશો નહીં મુજ મૃત્યુને

• 'સોનેરુ'

મારી કબ્ર પાસે નવ થોભજો,
ને નયનનાં નીરને જરી થંભાવજો.

એ આરામગાહે કફનની સોડ મેં તાણી નથી,
સમીરની સહસ્ર લહરપે હું તો ભમંતો,
ધવલ હિમકણિકા બનીને ઠરું હું.
ને સોનવરણા ધાન-દાણે રવિતેજ બની વિલસું,
કદીક એકલ વાદળીમાંથી ઝરું જલબિંદુ બનીને,
કે પ્રભાતે વિહંગ-પાંખે ગગન ઘૂમું,
કે પછી નિશાને આંગણે તારક બની ટમકું.

ના, રડશો નહીં મુજ મૃત્યુને,
ન થોભજો મુજ આખરી આરામગાહે,
હું ત્યાં નથી વસતો, મૃત્યુ-સેજે હું કદી સૂતો નથી.

[મૅરી ફ્રાયના અંગ્રેજી કાવ્ય પરથી]

I Am Not There

Do not stand at my grave and weep
I am not there. I do not sleep.
I am a thousand winds that blow
I am the diamond glints on the snow.
I am the sunlight on the ripened grain
I am the gentle autumn rain.
When you awake in the morning's hush
I am the swift uplifting rush
Of quiet birds in circled flight.
I am the soft stars that shine at night.
Do not stand at my grave and cry.
I am not there; I did not die.

[સ્ટીફન કમ્મીન્સ નામે એક અંગ્રેજ યુવાન યોદ્ધો આયર્લૅન્ડમાં મરાયો ત્યારે આ કાવ્ય 'પ્રિયજનો માટે' મૂકતો ગયો હતો.]

This poem was left to 'all my loved ones' by Stephen Cummins, 24, one of the two British soldiers killed in Northern Ireland when an IRA mine blew up their vehicle a few years ago. Stephen had sent the poem in a sealed envelope to his parents, asking them to open it if he died. It was later on read by Stephen's father on the BBC

આ મૂળ અંગ્રેજી કવિતાના અન્ય બે ગુજરાતી અવતારો જયન્ત પંડયા અને પંચમ શુકલે દીધા છે. તે અન્યત્ર આપીએ જ છીએ.

આર્થર મિલરના નાટક 'ડેથ ઑફ઼ અ સેલ્સમૅન' ના, ગુજરાતી અવતારમાં, યાદગાર ભૂમિકા કર્યા બાદ, 'ભાઈ સાહેબ' કહેવાતા ગિરેશ દેસાઈના બહેન નીતિના ખાલસા કૉલેજમાં આવ્યાં અને કાંતિ મડિયાના એક એકાંકીમાં ભાગ લીધો. કાંતિભાઈ સાથે પ્રેમમાં 'પડ્યા' અને લગ્ન પણ કર્યા. નીતિનાનો નાનો ભાઈ તે જ્યોતીન્દ્ર. જ્યોતીન્દ્ર અને હું એક જ શાળામાં, એક જ વર્ગમાં સાથે ભણેલા! લગભગ ૧૯૭૦ સુધી ગિરેશ દેસાઈએ નાટકમાં ભાગ લીધો ન હતો અને તે વર્ષો દરમ્યાન 'કાંતિ મડિયાના સાળા' તરીકે જ ઓળખાતા હતા. તેમના અચાનક અવસાનને આગલે અઠવાડિયે જ કોઈ કારણસર મેં તેમની સાથે ફ઼ોનથી વાત કરી હતી. બહ ુજ પ્રેમાળ અને 'હુંફ઼ાળા' - જેને અંગ્રેજીમાં warm hearted કહી શકાય તેવા. મેં પૂછ્યું, 'હું હરીશ ત્રિવેદી, ઓળખાણ પડી?' ગિરેશભાઈ : 'કેમ ભઈ, ઓળખાણ કેમ ન પડે. બોલ મુંબઈમાં છે ...' વગેરે. કાંતિ મડિયાના અવસાન બાદ નીતિના સાથે ફ઼ોન પર વાત કરી, ત્યારે પણ ઘણી જૂની 'વાતો' યાદ કરી હતી.

'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં રોહિણીનાં પાત્રમાં વર્ષા આચાર્ય (યાને કે વર્ષા અડાલજા) અને સત્યકામના પાત્રમાં સુરેન્દ્ર શાહ

ભવન સ્પર્ધાના પ્રેક્ષકો :

ઉપર જણાવ્યા પ્રમાણે, ભવન સ્પર્ધામાં સફ઼ળ રીતે નાટક ભજવવા માટે અદાકારોને, પ્રેક્ષકોની આકરી 'અગ્નિપરીક્ષા'માંથી પસાર થવું પડતું. સંવાદ બોલવામાં વિલંબ થાય, અડધા કલાકની સમય મર્યાદામાં જો નાટકની પહેલી પાંચેક મિનિટ પ્રેક્ષકોના અભિપ્રાયમાં 'ડલ', 'બંડલ' 'ઉધાર' ગણાય, તો તરત જ એકાદ પ્રેક્ષક તાળીઓ પાડવાની શરૂઆત કરાવતો, અને તરત જ આખું પ્રેક્ષક ગૃહ તેમાં સામેલ થતું. નાટક ભજવવામાં બીજું 'ભય સ્થાન' તે સંવાદનું રહેતું. ગંભીર નાટકમાં તો હાસ્યને અવકાશ ના જ હોય, પરંતુ પ્રેક્ષકોને 'જકડે' તેવી કથાવસ્તુ, અભિનય, સંવાદ ન હોય, તો પ્રેક્ષકો તે ચલાવી લેતા નહીં.

બે યાદગાર પ્રસંગો : ૧૯૫૬-૫૭ના અરસામાં, 'વાંદરોનો પંજો' નામે એક એકાંકી રજૂ થયું હતું. ડબ્લ્યુ. ડબ્લ્યુ. જેકબ્ઝની ૧૯૦૨માં પ્રકાશિત ટૂંકી વાર્તાનુ જૅરાલ્ડ મર્ફીકૃત એકાંકી નાટ્ય રૂપાંતર, ૧૯૦૭માં બૉડવે પર રજૂ થયું હતું. ત્યાર બાદ ૧૯૨૩માં, 'મૂગી' ફ઼િલ્મ અને ૧૯૩૩માં 'ટૉકી' ફ઼િલ્મ બની. આલ્ફ્રેડ હિચકૉકે તે જ નાટકનું ૧૯૬૫માં 'આલ્ફ્રેડ હિચકૉક મિસ્ટ્રી અવર' કાર્યક્રમમાં ટેલિવિઝન પર રજૂ કર્યું હતું. ટૂંકમાં, આ અતિ પ્રસિદ્ધ નાટકના અનેક 'અવતાર' ગુજરાતી રંગભૂમિ પર ભજવાયા છે. ભવન્સ કૉલેજની આ આંતર કૉલેજ એકાંકી સ્પર્ધામાં પણ આ નાટક ચારેક વખત ભજવાયાનું મને યાદ છે.

આ નાટકની વાર્તા આ પ્રમાણે છે - જે વ્યક્તિપાસે (મરેલા) વાંદરાનો પંજો હોય, તે વ્યક્તિ ત્રણ વરદાન માંગી શકે અને તે 'માંગ' અચૂક પૂરી થાય.

ભવન સ્પર્ધામાં આ નાટક ભજવાયું, ત્યારે એક પાત્રે બીજા પાત્રને પૂછ્યુ કે હું આ વાંદરાના પંજા પાસે શું માંગુ? આ સવાલનો જવાબ બીજુ પાત્ર આપે તે પહેલાં જ કોઈ પ્રેક્ષકે બધા જ સાંભળી શકે તેવા અવાજે 'જવાબ' આપ્યો 'ફ઼ાઈનલની ચાર ટિકિટ આપવાનુ કહે ને ...' અને આખું સભાગૃહ હસાહસથી ગાજી ઉઠ્યું. આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધાના પસંદ થયેલા અંતિમ પાંચ નાટકોની ટિકિટના 'કાળા બજાર' થતા, અને ચાર રૂપિયાની ટિકિટ સો બસો રૂપિયાના 'ભાવે' વેચાયાનું જાણ્યું છે ! પ્રેક્ષકોના આવા અટકચાળા કે 'મસ્તી-તોફ઼ાન'ને કારણે ઘણાં નાટકોને અન્યાય થતો.

બીજો આવો જ પ્રસંગ ૧૯૫૭માં બન્યો. સૅન્ટ ઝેવિયર્સ કૉલેજના ઉપક્રમે બે દૃશ્યોમાં વિભાજિત 'મનને મંદિરિયે' રજૂ થયું. તેમાં ભૂમિકા કરતા અદાકાર હતા લેખક-પત્રકાર સ્વ. દિગંત ઓઝા. બીજા દૃશ્યમાં પ્રવેશ કરતાં દિગંતભાઈ જે પાત્ર ભજવતા તે ધોતિયું અને લાંબો કોટ પહેરી દાખલ થાય છે. પણ અદાકારના કમનસીબે ધોતિયાનો એક છેડો લાંબા કોટના એક બટનમાં ભરાઈ ગયેલો દેખાય છે. પ્રેક્ષકોની ધ્યાન બહાર આ વિગત ન ગઈ અને તરત જ પ્રેક્ષકગ્રહમાં 'ધોતિયું', ધોતિયું'ના પોકાર શરૂ થયા. કલાકાર અસ્વસ્થ બન્યો. નાટક આખું ભજવાયું કે કેમ તે આજે યાદ નથી.

૧૯૫૮ની સ્પર્ધા પછી -

નવીન પારેખ, પન્ના મોદી અને વિજય ભટ્ટે, માટુંગા સેવા મંડળના (ચોક્કસ નામ આજે યાદ નથી) ઉપક્રમે ધનસુખલાલ મહેતા લિખિત 'સ્ટેશન માસ્તર', પારસી જિમખાનાના મેદાનમાં ભજવ્યું હતું. આમ આંતર કૉલેજ સ્પર્ધામાં, અભિનય માટે પારિતોષિક મેળવનાર ત્રણ કલાકારોએ, એક જ સાથે આ અજોડ નાટકમાં, સાથે અભિનય કર્યો. ૧૯૬૦ના દશકાની શરૂઆતમાં અને નવીણ પારેખના અમેરિકા જવાના એક અઠવાડિયા પહેલાં, દાદર ગુજરાતી સેવા સમાજના ઉપક્રમે, નાટ્ય ત્રિવેણી નામે કાર્યક્રમમાં, પ્રસન્ન દાંપત્ય, રાજાને ગમી તે રાણી અને અમને ઘર મળી ગયું નામે ત્રણ એકાંકી નાટકો ભજવાયાં હતાં. તેમાં 'રાજાને ગમી તે રાણી'માં નવીન પારેખ, મેઘનાદ દેસાઈ, મધુકર શાહ, રમેશ શાહ, અમૃત પટેલ અને બીજા થોડા મિત્રોએ અભિનય કર્યો હતો. નવીન પારેખનો, ભારતમાં, આ છેલ્લો નાટ્ય અભિનય હતો. મેઘનાદનો પણ (કદાચ) આ છેલ્લો નાટ્ય અભિનય હશે. અભિનય માટે મુખ્ય મહેમાન પૃથ્વીરાજ કપૂરના હસ્તે મેઘનાદ દેસાઈ, મધુકર શાહ અને નવીન પારેખને પારિતોષિક અપાયાં હતાં. આ સમયે નવીન પારેખે તો પરદેશ જવાની તૈયારી માટે સભાગૃહમાંથી વિદાય લઈ લીધી હતી.

આઈ. ઍન. ટી.એ પ્રબોધ જોષીનુ ત્રિઅંકી નાટક 'કદમ મિલાકે ચલો' ભજવવાનુ નક્કી કર્યું. કૃષ્ણકાંત શાહે તે નાટકનું દિગ્દર્શન સંભાળ્યું અને અભિનય પણ કર્યો. નાટકને ખૂબ સરસ આવકાર પણ મળ્યો. થોડા પ્રયોગો પછી, કૃષ્ણકાંત શાહ અમેરિકા ગયા. દામુભાઈ જવેરીએ નવીન પારેખને 'કદમ મિલાકે ચલો'નું સુકાન હાથ ધરવા બોલાવ્યા.

હું ત્યાં નથી

• જયન્ત પંડ્યા

જરી ન રડશો અહીં મુજ સમાધિ પાસે ઊભી,
નથી હું અવ ત્યાં કશે, નવ રહ્યો વળી હું ઊંઘી,

સહસ્ર મરુતો તણો ઘૂઘવતો છું ફ઼ુત્કાર હું,
અને ચમકતી દ્યુતિ, બરફ઼ પે, હું હીરા સમી.
પીળા કણસલે ફ઼ૂટે સૂરજતેજની સેર હું,
વળી શરદકાલનાં મૃદુલ વર્ષણો તે ય હું.

તમારું ઊઠવું થશે રવહીણા પ્રભાતે યદિ
તદા ત્વરિત વેગની ગતિવિધિ ઊંચાઈ તણી
વિહંગવલયે રચી, અરવ પાંખની, એ ય હું.
હું છું મસૃણ તારકો ટમકતેજ, રાત્રિ તણા.

સમાધિ સમીપે ઊભી વિલપશો લગીરે નહીં,
નથી જ નથી હું તહીં, મરણ મારું ક્યાં છે થયું ?

(વરસો પહેલાં, લંડનમાં, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના એક જાહેર અવસરે, આગલે પાને (8 પર) મૂકાયું અંગ્રેજી કાવ્ય પેશ કરીને તત્ક્ષણ અનુવાદ કરવાનો પ્રસંગ ઊભો કરેલો. તે અવસરે ગુજરાતીના એક અવ્વલ સાહિત્યકાર અને મિત્ર દિવંગત જયન્ત મ. પંડ્યાએ આ અનુવાદ કરેલો. અબીહાલ, તે કવિના 'આમ્રમંજરી' નામક કાવ્યસંગ્રહમાં સામેલ છે. – વિ.ક.)

નવીન પારેખ પણ તે સમયે અમેરિકા જવાની તૈયારી કરતા હોવાથી તે શક્ય ન બન્યું, અને ત્યારે પ્રવીણ જોષીએ તે કામ હાથ લીધું. અને આમ ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં એક નવા પ્રકરણની શરૂઆત થઈ.

ઇતિહાસના વિષયમાં 'ધારો કે ...'ની રમત રમી શકાય નહિ. આમ છતાં પણ શિક્ષકો - મારી શાળાના શિક્ષક અનેક વખત કહેતા, 'ધારો કે મહારાણા પ્રતાપ અકબર સામે હલદિઘાટના યુધ્ધમા જીત્યો હોત તો ...?' 'ધારો કે આપણે ૧૮૫૭ના 'બળવા'માં જીત્યા હોત તો ...?'

હવે, 'ધારો કે કૃષ્ણકાંત શાહ કે નવીન પારેખ અમેરિકા ગયા ન હોત તો ....?' 'ધારો કે પ્રબોધ જોષીકૃત 'નંબર ૨૦૯' સફળતાથી ભજવાયું હોત અને ઈલા આચાર્યનો (એટલે કે આજનાં ઈલા આરબ મહેતા) અભિનય જોવાનો પ્રેક્ષકોને મોકો મળ્યો હોત તો ...'

નવીન પારેખ (પત્ની હેધર, ત્રણ દીકરા અને એક દીકરી) ઑટાવા, કૅનેડામાં લગભગ છેલ્લા ચાળીસ વર્ષથી રહે છે. સરકારી નૉકરીમાંથી નિવૃત્ત થઈ, કૅનેડિયન પીસ કોર જેવી સંસ્થાના ઉપક્રમે, દુનિયાના અનેક દેશોમાં મતભેદ નિવારણ, સૂલેહ કાર્ય, અપંગને રાહત અને સ્વયંસેવકોને તાલીમને લગતી પ્રવૃત્તિઓનું કૅનેડિયન સરકાર તરફથી સંચાલન કરે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં બૉસનિયા, બંગલાદેશ, કોલંબિયા, યુગાન્ડા અને ભારતમાં બૅન્ગલોર વગેરે અનેક સ્થળે એમણે સેવા આપી છે. ચાળીસેક વર્ષ પર અમેરિકા આવેલા, અને આજે લગભગ એંશીને ઉમ્બરે પહોંચેલા, ઉષાકાંત રિંડાણી ફિલાડેલ્ફિઆમાં નિવૃત્ત જીવન ગાળે છે. મધુકર શાહ (પત્ની જયા, પુત્ર રાહુલ) મુંબઈમાં જહાંગીર આર્ટ ગૅલેરી નજીકની તેમની ઑફિસમાંથી, આયાત-નિકાશનો વ્યવસાય કરે છે. ગૌતમ ભીંડે બૅંકમાંથી નિવૃત્ત થયા છે અને ઉત્તર મુંબઈનાં પરાંમાં કુટુંબ સાથે રહે છે. નાટકના વિષયમાં પી. ઍચ. ડી. કરવા ગયેલા હરીશ ત્રિવેદી (પત્ની શૅરન) લગભગ પચાસેક વર્ષથી અમેરિકામાં સ્થાઈ થયા છે; અને વર્ષા આચાર્ય - ના, વર્ષા અડાલજા, આ વર્ષે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખ પદે આવ્યાં છે. અને આમ જીવનની રફતાર ચાલ્યા કરે છે, મજલ કપાય છે અને આખરી મુકામ કરતાં મુસાફરીનો જ આનંદ અનુભવે છે !

વર્ષા આચાર્યમાંથી વર્ષા અડાલજા - પાત્રમાંથી પાત્ર સર્જક

વર્ષાએ ચાર કે પાંચ વર્ષની ઉમ્મરથી, નાટ્ય અભિનયના ક્ષેત્રમાં, અક્ષરસઃ પા પા પગલાં કર્યાં. ૧૧ કે ૧૨ વર્ષની ઉમ્મરે, રાજકોટમાં દામુ સાંગાણી રચિત 'જાગતા રહેજો' ત્રિઅંકી નાટકમાં, એમણે સુંદર અભિનય આપ્યો અને પ્રેક્ષકોના મન હરી લીધા. ત્યાર બાદ, જ્યારે આચાર્ય કુટુંબ મુબઈ આવ્યું, ત્યારે પણ આ નાટ્ય પ્રવૃત્તિ ચાલુ રહી. ગુરુજી (ગુણવંતરાય આચાર્યને, અગાઉ લખ્યું તેમ, બધા 'ગુરુજી' કહી સંબોધતા), વિષ્ણુકુમાર વ્યાસ, રણજિત આથા વગેરે નાટ્યોત્સુકોએ ભેગા મળી ઘાટકોપરમાં 'રંગમંચ' નામે નાટ્ય સંસ્થા સ્થાપી. આ સંસ્થાના નેજા હેઠળ ૧૯૫૪માં ગુરુજીનું નાટક 'અલ્લા બેલી' ભજવાયું. રાજ્ય નાટ્ય સ્પર્ધામાં, ૧૪ - ૧૫ વર્ષની, અતિ-યુવાન અભિનેત્રી વર્ષા આચાર્યને શ્રેષ્ઠ અભિનય માટે પારિતોષિક મળ્યું. અને અંગ્રેજીમાં કહીએ તેમ 'A star was born'. પ્રેક્ષકોએ, નાટ્ય વિવેચકોએ તેમ જ તે જમાનાની ઊગતી, સ્વાતંત્ર્યના પહેલા દશકામાં ઊગતી, ઉછળતી, નાટ્ય સંસ્થાઓના સંચાલકોએ આ ગુજરાતી નાટ્યાકાશનાં નવાં સિતારાની નોંધ લીધી. વર્ષા તે વખતે ઘાટકોપરની રામજી આશર વિદ્યાલયમાં હતી. સરખામણી માટે જણાવવું જોઈએ કે તે સમયે ગુજરાતી તખ્તા પર ચંદ્રિકા શાહ, નિહારિકા ભટ્ટ, વનલતા મહેતા, દીના ગાંધી (પાઠક), ઉષા મલજી, લીલાબહેન જરીવાલા, દામિની જરીવાલા (?) વગેરે પ્રતિષ્ઠિત અભિનેત્રીઓનું વર્ચસ્વ હતું, તેમની 'બોલ-બાલા' હતી.

રંગભૂમિ દ્વારા, 1960ના કદાચ અરસામાં, હરીશ ત્રિવેદીકૃત 'કંચન ભયો કથીર' નાટક ભજવાયેલું ત્યારની એક છબિ. ચિત્રમાં, ડાબેથી, પ્રદ્યુમ્ન બધેકા, ઉપેન્દ્ર ત્રિવેદી, વિષ્ણુકુમાર વ્યાસ અને હરીશ ત્રિવેદી દૃષ્ટિમાન છે.

આ અગાઉ વિષ્ણુભાઈ, પ્રતાપ ઓઝા, ઉષા અને ભાલ મલજી વગેરે 'ઇપ્ટા'માં - IPTA (Indian People's Theatre Association) સાથે સંકળાયેલા હતાં. 'ઇપ્ટા'માં સિને કલાકાર બલરાજ સહાની, ચેતન આનંદ, ખ્વાજા અહમદ અબ્બાસ - કે. એ. અબ્બાસ - અને ઇબ્રાહિમ અલકાઝી પણ હતા. વિચાર ભેદને કારણે ઘણા કલાકારો 'ઇપ્ટા'માંથી છૂટા થયા તે 'વૃન્દ'માં વિષ્ણુભાઈ, પ્રતાપ ઓઝા, લીલાબહેન જરીવાલા, ઉષા અને ભાલ મલજી વગેરે હતાં. અલકાઝીએ પોતાનું નવું થિયેટર ગૃપ શરુ કર્યું. ચેતન આનંદે 'નવકેતન ફિલ્મ્સ'ની સ્થાપના કરી, ભાઈ દેવ આનંદ સાથે ફિલ્મ નિર્માણ શરૂ કર્યું. 'નવકેતને' તેના શરૂઆતનાં વર્ષોમાં, મેક્સીમ ગોર્કીના પ્રખ્યાત નાટક 'લોઅર ડેપ્થ્સ' - Lower Depths પરથી 'નીચા નગર' નામે ફિલ્મ બનાવી - આ ફિલ્મમાં પ્રતાપ ઓઝા અને લીલાબહેન જરીવાળાને અભિનય કરવાનો ચેતન આનંદે મોકો આપ્યો. અને પ્રતાપભાઈના કહેવા પ્રમાણે, તેમને તથા લીલા બહેનને બંન્નેને ત્રણસો, ત્રણસો રૂપિયાનો 'પુરસ્કાર' મળ્યો. અત્યાર સુધી અવેતન રંગભૂમિમા ગાંઠના ખર્ચે 'મજૂરી' કરતાં આ કલાકારોની માત્ર અભિનય દ્વારા મળેલી આ પહેલી આવક ... !

આ સમયની, મુંબઈની રંગભૂમિની અનેક રસિક વાતો, કોઈક બીજા વખતે.

ઘાટકોપરની 'રંગમંચ' સંસ્થાએ, ત્યાર બાદ લગભગ ૧૯૭૦ની શરુઆત સુધી, એક એકથી ચઢિયાતાં અનેક નાટકોનાં નિર્માણ કર્યાં, જેમાં મારું મરાઠીમાંથી રૂપાંતરિત એક નાટક - 'આશાભરી' નાટક, ૧૯૬૧-૬૨ના અરસામાં, મહારાષ્ટ્ર રાજ્ય નાટ્ય સ્પર્ધામાં ભજવાયું હતું. 'રંગમંચ'ના ઉપક્રમે, સૌ પ્રથમ મૌલિક ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા પણ યોજાઈ હતી. વ્યવસાયને કારણે આ સંસ્થા સાથે સંકળાયેલા ઘણા બધાને ઘાટકોપર કરતાં મુંબઈમાં નાટ્ય પ્રવૃત્તિ કરવાનું યોગ્ય લાગ્યું. અને તે કારણે ગુરુજી, વિષ્ણુકુમાર વ્યાસ, પ્રતાપ ઓઝા,

સચરાચરને કાજ

• પંચમ શુક્લ

ઊભી રહીને પાળિયે, આંસુડા નવ સાર,
ના માંહે, ના નીંદરે, નથી મોતને દ્વાર.

હું છું વાયુ હાથિયો, હજાર હાથે વાઉં,
ને પાસો હીરા તણો, રજકણથી ધોવાઉં.
સૂરજનું હું થોભિયું, કણસલે લહેરાઉં,
ને શ્રાવણનું સરવડું, નીતર્યા પહેલાં ન્હાઉં.

કો પરભાતી ટાઢકે, ઝબકી જાગી જાય,
નભમાં ખગ ચકરાવને ન્યાળીને મલકાય;
ત્યાં તો ટમટમ તારલે મુખ મારું દેખાય.

માથું ફોડી પાળિયે, આરડજે નવ રાજ,
ના માંહે, ના નીંદરે, (છું) સચરાચરને કાજ.

14 August

જયંતી પટેલ, લીલા જરીવાલા, અમર જરીવાલા વગેરેએ સાથે મળી 'રંગભૂમિ' સંસ્થા સ્થાપી, અને 'ઑપેરા હાઉસ' સામે, 'ભોંયરા'માં 'ચાલતી' દેવધર સંગીત શાળામાં, નાટકના રિહર્સલ કરવા શરૂ કર્યા. આ સમુદાયનાં ઘણાં કલાકારો 'ઈપ્ટા'માંથી છૂટાં થયાં હતાં, તે યાદ રાખવું જરૂરી છે. તે સમયના મહારાષ્ટ્ર રાજ્યના ગવર્નર મંગળદાસ પકવાસા 'રંગભૂમિ'ના ટ્રસ્ટીમંડળના વરિષ્ટ અધિકારી હતા. તેમની દીકરી, તે સોનલ પકવાસા, તે વખતે વિલ્સન કૉલેજમાં અભ્યાસ કરતી હતી. સોનલ પકવાસાએ ઓડિસી નૃત્યની તાલીમ લીધી અને લલિત માનસિંગ સાથે લગ્ન કર્યાં, અને તેથી સોનલ માનસિંગ કહેવાયાં. આ લગ્ન લાંબો સમય ન ટક્યું. સોનલ માનસિંગે દિલ્હીમાં ઓડિસી નૃત્યના અભ્યાસ માટે પાછળથી એક કેંદ્ર શરૂ કર્યું.

સોનલ માનસિંગ

૧૯૯૨માં સોનલ માનસિંગના ઓડિસી, ભરતનાટ્યમ્, કુચિપુડી અને છાઉ નૃત્યકળાની પ્રવૃત્તિ અને પ્રદાનને કારણે ભારતના પ્રમુખે 'પદ્મભૂષણ' અને ૨૦૦૩માં 'પદ્મવિભૂષણ' એનાયત કર્યા હતા. ૨૦૦૩થી ૨૦૦૫ તેમણે 'સંગીત નાટક અકાદમી'ના પ્રમુખ તરીકે સેવા આપી હતી.

* * * * *

રંગભૂમિએ મૃચ્છકટિકનું હિંદી રૂપાંતર ભજવ્યું. તેમાં અભિનય માટે રાજ્ય નાટ્ય સ્પર્ધામાં વર્ષા આચાર્યને પારિતોષિક મળ્યું. રાજ્ય સ્પર્ધામાં રંગભૂમિએ 'પલ્લવી પરણી ગઈ' રજૂ કર્યું. આ નાટક કૅનેથ હૉર્ન (Kenneth Horne)લિખિત બ્રિટિશ કૉમેડી Jane Steps Out પર આધારિત હતું. આ નાટક પરથી ફિરોઝ આંટીઆએ 'બેપ્સી બહાર પડી' નાટક ભજવ્યું હતું અને તે નાટકનું ગુજરાતી રૂપાંતર તે 'પલ્લવી પરણી ગઈ'. આ નાટકનુ દિગ્દર્શન આર. કે. શાહે કર્યું હતું અને તેમાં મુખ્ય ભૂમિકા વર્ષા આચાર્યની હતી.

૧૯૫૭-૫૮ના વર્ષમાં, 'રંગભૂમિ'ના ઉપક્રમે, રમણલાલ વ. દેસાઈની સુપ્રસિદ્ધ નવલકથા 'પૂર્ણિમા' પરથી વિષ્ણુકુમાર વ્યાસે કરેલ નાટ્યાંતર રાજ્ય નાટ્ય સ્પર્ધામાં રજૂ થયું. તેમાં મુખ્ય અભિનય માટે વર્ષા આચાર્યને પારિતોષિક મળ્યું. (પાદ નોંધ : આ નાટકમાં મુખ્ય પાત્ર ભજવવા માટે વિષ્ણુભાઈએ નવીન પારેખને બોલાવ્યા હતા. નવીન પારેખ એક બે વખત નાટ્ય વાંચન માટે ગયાનું પણ યાદ છે. પણ કોઈ કારણસર વિષ્ણુભાઈએ મુખ્ય પાત્ર ભજવવાનો નિર્ણય લીધો. 'પૂર્ણિમા' માટે વર્ષા આચાર્ય કથક નૃત્ય અને ગાયકી શીખ્યાં.

એ જમાનાનાં વર્ષા અભિનીત નાટકોમાં, 'સાસુમાની સવારી', ચંદ્રવદન ભટ્ટ અને જયંતી પટેલ સાથે 'મનુની માશી' મુખ્ય છે. આ નાટક બ્રાંડન ટોમસ લિખિત 'ચાર્લીઝ આંટ' - જેના લંડનમાં લગભગ પંદરસો ખેલ થયા હતા, તે પરથી મરાઠીમાં આચાર્ય અત્રેએ 'મોરુચી માઉશી' બનાવ્યું અને તેનું ગુજરાતી રૂપાંતર તે 'મનુની માશી'. જગદીશ શાહ સાથે 'બાંધી મૂઠી લાખની'. 'રંગમંચ'ના ઉપક્રમે રણજિત આથા સાથે 'ઝેરનો પ્યાલો' ભજવ્યું. મધુકર રાંદેરિયા સાથે ક. મા મુનશીનું 'કાકાની શશી'. આર્થર મિલરના ઑલ માય સન્સ પર આધારિત 'એક સોનેરી સવારે', ઉપેન્દ્ર ત્રિવેદી અને ગિરેશ દેસાઈ સાથે ભજવ્યું. આ જ નાટકનું 'કોઈનો લાડકવાયો' નામે બીજું રૂપાંતર આઈ. ઍન. ટી.ના ઉપક્રમે પ્રવીણ જોષીએ, રાજ્ય સ્પર્ધામાં, પછીથી સંજીવ કુમાર નામે પ્રખ્યાત થયેલ હરી જરીવાલા સાથે ભજવ્યું હતું. દીપક ઘીવાલા સાથે તિમિરના પડછાયા, પન્નાલાલ પટેલની નવલકથા પરથી રૂપાંતરિત 'વળામણાં'. આ ઉપરાંત, વર્ષા આચાર્યએ ભજવેલાં નાટકોમાં આ નાટકો ખાસ નોંધનીય છે - કવિ દયારામ, વેવિશાળ, પ્રવીણ જોષી દિગ્દર્શિત આઈ. ઍન. ટી.નું પહેલું નાટક, કૌમાર અસંભવમ (ટાગોરની 'ચિરકુમાર સભા'નું ગુજરાતી રૂપાંતર), જગદીશ શાહ સાથે 'બાંધી મુઠ્ઠી લાખની ...'; અને યાદ પણ ન રખાય તેટલાં એકાંકી નાટકો ...

વર્ષા આચાર્યની ગુજરાતી રંગભૂમિ પર છેલ્લી પણ અત્યંત યાદગાર ભૂમિકા તે ઉપેન્દ્ર ત્રિવેદીએ 'દર્શક'ની નવલકથા પરથી રૂપાંતરિત-દિગ્દર્શિત-અભિનીત 'ઝેર તો પીધાં જાણી જાણી'માં રોહિણીની ભૂમિકા. ... નવા કલાકારને અદેખાઈ આવે તેવી તખ્તા પરની એક અજોડ, અજબ મજલ ...

ત્યાર બાદ, મહેન્દ્ર અડાલજા સાથે લગ્ન થયા. નવલકથાકાર, વાર્તાકાર, પત્રકાર ,અને હવે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નાં પ્રમુખ તે આપણાં વર્ષા અડાલજા હજુ નવા નવા શિખર સર કરવાનાં છે. મજલ હજુ ચાલુ જ છે ...

આ એક આજ્ઞાંકિત પુત્રી, અભિનેત્રી, માયાળુ પત્ની, માતા, પત્રકાર, વાર્તાકાર, નવલકથાકાર, જૂનાં મિત્ર અને હવે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નાં પ્રમુખ વર્ષા અડાલજાને સલામ, સલામ, સલામ!!!

લેખકની લિખિત સંમતિ સિવાય, આ લેખના કોઈ પણ ભાગ, અથવા આખા લેખનું પુનર્મુદ્રણ, ઈલેક્ટ્રૉનિક સંગ્રહ કે જાહેર વાંચન કરવું નહિ.

સંપર્ક : 895,Kentshire Drive, DAYTON, Ohio 45459-2327, U.S.A.
harisht895@sbcglobal.net

મિથ્યાભિમાન

• યોગેશ પટેલ

તું ખરેખર ધન્ય થયો
કહેવાય છે કે મથુરામાંથી દ્વારકા થયો
લંકા જીતી મૂકી દીધી
અયોધ્યા ફર્યો
ત્યાં પરંતુ પૂરો હાર્યો
પારધીના શબ્દો વીંધી ગયા
અને અવતાર પૂરો કર્યો છાજિયા વિના
આખી જિંદગી તેં
એકલવ્યનો અંગૂઠો આપ્યા કર્યો સૌ દ્રૌણને
જેથી પેલો અર્જુન
કુરુક્ષેત્રે પહોંચી શકે
આખી જિંદગી એમણે તને
પાષાણમાં પલટવામાં કશું જ બાકી રાખ્યું નથી
ને તું એક છે કે
રામના સ્પર્શથી જીવંત થવા
રસ્તે પડી રહ્યો છે
સીધી લીટીમાં ભટકતા સ્વસ્થ સમયને કયાં ગતા છે
કે તારું આખું બ્રહ્માંડ સાતમા કોઠામાં
વીંધાઈ જવા ગોળગોળ ફરી રહ્યું હતું
તેથી જ કહું છું, સમજી જા
તું કયાંય ગયો નથી
કયાંય કશે ગયો જ ન હતો
ત્રિજયામાં કેદ છે, મૂર્ખ બન મા
ફરી ફરીને તું માત્ર ઘરે આવ્યો છે
તસલ્લી બસ એક છે
ઈશ્વર જેવો ઈશ્વર પણ અવતારમાં આંટો મારી
નાગની તો નાગની
પણ પથારીમાં પાછો ફર્યો છે
જીવન તારું ગયું આમ જ, તને થાય છે
ને કશી ખબરના પડી તો
હનુમાનની જેમ આખો પર્વત ઉપાડી પાછો ફર્યો
અજ્ઞાની રહ્યો
ને આખી રામાયણમાં જે રામ થઈ ગયા તે સૌનો
તું સેવક રહ્યો
જ્ઞાન નથી તોય હાર પહેર્યા
ને કેટલો બધો ખુશ થયો !
તેથી જ કહું છું કે તું ધન્ય થયો
દોસ્ત કોઈ પોલ જાણવાનું નથી કે
મથુરામાંથી દ્વારકા થયો
તે તું ન હતો

e.mail : yogesh@consultants4vat.co.uk

ગુજરાતી સાહિત્યના કાવ્યપુરુષની વિદાય

• દીપક મહેતા

સુરેશભાઈ સતત બીજાની કવિતા વાંચતા રહ્યા. પછી એ આપણી ભાષાનો સાવ નવો અવાજ હોય કે દેશ અને દુનિયાની ભાષાઓના પ્રખ્યાત, અલ્પપ્રખ્યાત કે અજ્ઞાત કવિની કવિતા હોય.

•

કવિતાનો શબ્દ મળ્યો ત્યારથી
હું પોતે મને ચાહી શકું છું
અને બહારના વિશ્વને ચિક્કાર પ્રેમ કરું છું.
કવિતાનો શબ્દ મારી મિરાત
જીવનભરની નિરાંત.

કવિતાના શબ્દની મિરાતને ગુજરાતી શબ્દના ચાહકોમાં વહેંચીને જીવનભરની નિરાંત અનુભવનાર એક અનોખો જણ એટલે સુરેશ દલાલ. સાધારણ રીતે આપણી પરંપરામાં કવિતાની વાત કરતી વખતે 'કવિતાની દેવી' જેવા શબ્દોનો પ્રયોગ કરવાનો ચાલ છે. પણ રાજશેખર નામના સંસ્કૃતના એક પ્રખ્યાત સાહિત્યશાસ્ત્રીએ તેને બદલે 'કાવ્યપુરુષ' એવો શબ્દપ્રયોગ કર્યો છે. સુરેશભાઈનો પરિચય એક જ શબ્દમાં આપવો હોય તો તેમને નિ:સંકોચપણે 'કાવ્યપુરુષ' તરીકે ઓળખાવી શકાય. નિબંધ, વિવેચન, આસ્વાદ, વાર્તા જેવાં બીજા સાહિત્ય સ્વરૂપોમાં પણ તેમણે કામ કર્યું છે, અને તેમાંનું કેટલુંક માતબર પણ છે. પણ તેમણે પોતે જ કહ્યું હતું કે 'કવિતા મારી હયાતીના હસ્તાક્ષર પણ છે અને જન્માક્ષર પણ છે.'

સુરેશ પુરુષોત્તમદાસ દલાલ
(11.10.1932 - 10.08.2012)

ફોટો કસબી : સંજય વૈદ્ય

૧૯૬૬માં શિવજી આશરે એક સાથે પાંચ કાવ્યસંગ્રહો એક સરખા રૂપરંગ સાથે પ્રગટ કર્યા તેમાંનો એક સંગ્રહ તે સુરેશભાઈનો 'એકાંત'. પણ તે પછી ૧૯૭૧માં પ્રગટ થયેલા બીજાં કાવ્યસંગ્રહ 'તારીખનું ઘર'થી સુરેશભાઈની કવિતાએ અને તેના પુસ્તકોએ પોતાની આગવી, અલાયદી, અવનવી ઓળખ ઊભી કરી. આધુનિકતા અને પ્રયોગપરાયણતાથી ભાવકની આંખો આંજી નાખવાનો પ્રયત્ન કરતી કવિતાની જ્યારે બોલબાલા હતી ત્યારે સુરેશભાઈએ કવિતા દ્વારા ભાવકના અંતરને અજવાળવાનો માર્ગ અપનાવ્યો. લોકોને સમજાય જ નહીં એ જ ઉત્તમ કવિતા એવું જ્યારે ઘણા માનતા-મનાવતા હતા ત્યારે સુરેશભાઈએ કવિતા દ્વારા લોકો સાથે સમજણનો સેતુ સાધ્યો. તેમણે જ કહ્યું છે: 'લોકપ્રિયતાને કેટલાક લાંછન માનતા હોય છે, પણ હું એને શુકનિયાળ લાખું માનું છું.' ઘણા કવિઓ પોતાની જ કવિતાના પ્રેમમાં એટલા મશગુલ હોય છે કે બીજાની કવિતા વાંચવાની તકલીફ લેતા જ નથી. પણ સુરેશભાઈ સતત બીજાની કવિતા વાંચતા રહ્યા. પછી એ આપણી ભાષાનો સાવ નવો અવાજ હોય કે દેશ અને દુનિયાની ભાષાઓના પ્રખ્યાત, અલ્પપ્રખ્યાત કે અજ્ઞાત કવિની કવિતા હોય. પણ પોતે વાંચતા એટલું જ નહીં, જે સારું લાગે તેને હોંશ અને હામપૂર્વક અનુવાદો અને સંપાદનો દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આનંદ અનુભવતા. એ માટે પુસ્તકો ઉપરાંત વર્તમાનપત્રો, સામયિકો વગેરેનો ઉપયોગ તો કરતા જ. પણ આજના જમાનામાં કવિતાને - કે સાહિત્યના બીજા કોઈ પણ પ્રકારને - લોકોના મોટા સમૂહ સુધી પહોંચાડવા માટે માત્ર છાપેલો શબ્દ પૂરતો થાય તેમ નથી એ વાત તેઓ આપસૂઝના બળે સમજી ગયા હતા. એટલે કવિ સંમેલનો કે મુશાયરાઓમાં કે રેડિયો અને ટેલિવિઝનમાં બોલતા શબ્દનો સાથ પણ તેમણે લીધો. સુગમ સંગીતના, રંગભૂમિના કે અન્ય કલાકારોનો સાથ મેળવ્યો એટલું જ નહીં, તેમની રજૂઆતને એક નવું પરિમાણ આપ્યું. ઓડિયો-વિડિયો માધ્યમોને પણ સાથે રાખ્યાં. લોકોને કવિતા સુધી લઈ આવવા માટે અને કવિતાને લોકો સુધી લઈ જવા માટે તેમણે કલાકારોથી માંડીને કથાકારોને, અભિનેતાઓથી માંડીને નેતાઓને, સરસ્વતીચંદ્રોથી માંડીને લક્ષ્મીનંદનોને એક મંચ પર લાવીને મૂક્યા. તેમની આવી નીતિરીતિ અંગે બે મત હોઈ શકે, પણ સુરેશભાઈની કાવ્યનિષ્ઠા અંગે મતભેદ ન હોઈ શકે.

કાવ્યવિસ્તારની તેમની પ્રવૃત્તિ મુંબઈ પૂરતી મર્યાદિત હતી એવી એક છાપ સાહિત્યિક વર્તુળોમાં ઊભી કરવામાં આવી છે. પણ છેલ્લાં ઘણાં વર્ષોથી એ હેતુ માટે તેઓ વલસાડ, નવસારી, ભરૂચ, સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ અને બીજાં શહેરોમાં પણ નિયમિત રીતે સાહિત્યિક કાર્યક્રમોનું અને પુસ્તક મેળાઓનું આયોજન કરતા હતા. એટલે ગુજરાતમાં પણ તેમની કાવ્યવિસ્તારની પ્રવૃત્તિઓનો મોટો ચાહકવર્ગ ઊભો થયો હતો. એ વર્ગથી કેટલાક લેખકો હઠાગ્રહપૂર્વક દૂર રહ્યા હોય તો એમાં એવાં આયોજનોનો કે તેના આયોજકનો દોષ ભાગ્યે જ જોઈ શકાય. હવે જ્યારે સુરેશભાઈ આપણી વચ્ચેથી ખસી ગયા છે ત્યારે જે ખાલીપો ઊભો થયો છે તેનાથી કદાચ તેમના નામ અને કામને આપણે વધુ સારી અને સાચી રીતે સમજી શકશું. કારણ, ગમે તેવું સમૃદ્ધ જીવન પણ અંતે તો અપૂર્ણ જ હોય છે. તેને પૂર્ણ બનાવે છે તે તો મૃત્યુનું પૂર્ણવિરામ. સુરેશભાઈનું જ એક પુસ્તક અત્યારે યાદ આવે છે.

મૃત્યુ જેટલું મોટું પૂર્ણવિરામ કોઈ નથી.
શબ પર ફૂલ મૂકીએ છીએ
એ પહેલાં
હૃદયમાં પથ્થર મૂકવો પડે છે.

હૃદય પર પથ્થર મૂકીને … સુરેશભાઈને આંદરાંજલિ.

(સૌજન્ય : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" ૧૭.૦૮.૨૦૧૨)

મરણ તો આવે ત્યારે વાત
કવિનો શબ્દ
મરણ તો આવે ત્યારે વાત
અત્યારે તો જીવન સાથે ગમતી મુલાકાત.
ખીલવાનો આનંદ હોય છે,
ખરવાની કોઈ યાદ નથી,
સુગંધ જેવો ભીનો ભીનો
વરદાન સમો વરસાદ નથી!

સોના જેવો દિવસ ઊગે રૂપા જેવી રાત.
મરણ તો આવે ત્યારે વાત.
હરતા રહેવું, ફરતાં રહેવું,
ઝરણાની જેમ વ્હેતા રહેવું,
મહેફિલને મનભરી માણી
જલસા જલસા કહેતા રહેવું.
જીવન અને મરણની વચ્ચે નહીં પ્રશ્નો, પંચાત.
મરણ તો આવે ત્યારે વાત.

- સુરેશ દલાલ

(કાવ્યસંગ્રહ 'ગીતમલ્લિકા', ૨૦૦૫માંથી)

જિગર અને જલસાના માણસ

મુંબઈમાં ગુજરાતી કવિતાના ગોવર્ધનને ઊંચકનાર કવિ હતા સુરેશ દલાલ

• સોનલ શુક્લ અને ઉત્કર્ષ મઝુમદાર

સિનેમામાં સ્ટાર, સુપર સ્ટાર હોય એ નવાઈભર્યું નથી, પરંતુ સાહિત્યમાં અને એ પણ ગુજરાતીમાં કોઈ સ્ટાર હોય એ પણ આજના કાળમાં એ આશ્ચર્યજનક બીના કહેવાય. સાંપ્રતકાળમાં બે-ત્રણ સ્ટાર કહી શકાય એવી હસ્તીઓ ગુજરાતી સાહિત્યમાં હતી. કમનસીબે એ બધી નામવંત હસ્તીઓ હયાત નથી. એક હતા સમર્થ નવલકથાકાર, કટારલેખક ચંદ્રકાંત બક્ષી. બીજા હતા લોકોમાં તથા વિવિચકો બંનેમાં પ્રિય એવા કવિ રમેશ પારેખ ને ત્રીજા હતા કવિ, વિવેચક, તંત્રી, શિક્ષણશાસ્ત્રી મુશાયરા ને કવિસંમેલનના અપ્રતિમ સંચાલક, પ્રકાશક એવા સુરેશ દલાલ. મુંબઈના ગુજરાતી સાહિત્યના કહોને મુંબઈના ગુજરાતી સાંસ્કૃતિક નભમાં છવાયેલા સુરેશભાઈ સ્ટાર હતા એવું કહેવામાં અતિશયોક્તિ નહીં લાગે.

જન્માષ્ટમીના દિવસે જ પોતાની જીવનલીલા સંકેલી લેનાર આ કવિ માટે આપણા લોકલાડીલા ગુજરાતી સુગમ સંગીતના સ્ટાર એવા પુરુષોત્તમ ઉપાધ્યાય શું કહે છે? 'મુંબઈમાં ગુજરાતી કવિતાના ગોવર્ધનને ઊંચકનાર કવિને ગિરધારી પોતાની પાસે બોલાવી તો લે છે પણ એને ખબર નથી કે રાધાકૃષ્ણનાં કાવ્યો હવે કોણ રચશે તે?'

ગયા રવિવારે (12 ઑગસ્ટ) સવારે મુંબઈના પ્રેમપુરી આશ્રમમાં 'તનમનને તંદુરસ્ત રાખવા કવિતા વાંચો'. આ વિષય પર સુરતના અશ્વિન દેસાઈનો વાર્તાલાપ હતો. એ જ કાર્યક્રમમાં સુરેશભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ બનવા માટે વર્ષા અડાલજાનું સન્માન પણ કરવાના હતા, પણ વિધિનો ખેલ ન્યારો છે. આગલી સાંજે જ એ જગતમાંથી 'એક્ઝિટ' કરી જાય છે. 'સાહિત્ય સંપદા' દ્વારા યોજાતા આ કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ ઉદયન ઠક્કરે કર્યું. કાર્યક્રમની શરૂઆત સુરેશભાઈનાં બે ગીતોથી મનીષા ડૉક્ટરે કરીને પછી આ લખનાર ઉત્કર્ષ મઝુમદારે સુરેશભાઈના ગદ્યકાવ્ય 'એક મકાન હતું'નું નાટ્યાત્મક પઠન કર્યું. કોઈ બે મિનિટનું મૌન નહીં. ઉદયને બહુ સરસ વાત કરી કે સુરેશભાઈ જલસાના માણસ હતા. એમના એક કાવ્યસંગ્રહનું નામ પણ જલસાઘર. આવા જલસાના માણસ માટે બે મિનિટનું મૌન ન શોભે. બે મિનિટની તાળી શોભે ને પ્રતિસાદમાં આખો સભાખંડ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો. ઉચિત અંજલિ.



11 મે 1960 : સુશીલાબહેન અને સુરેશભાઈ દલાલ પ્રભૂતામાં પગલાં માંડ્યાં ત્યારની છબિ
બંને છબિઓનું સૌજન્ય : મુંબઈનું સાંજિયું - "ગુજરાતી મિડ ડે", 11 ઑગસ્ટ 2012

સુરેશ દલાલ સાહિત્ય વર્તુળમાં તો પ્રિય હતા જ, પણ નાટ્યજગતમાં ય પ્રિય હતા. નાટ્યજગતના કેટલા ય કલાકારોને તેમણે પોતાના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સામેલ કરેલા. કવિતા વાંચતા કરેલા.

કવિતાનો કાર્યક્રમ હોય ત્યારે તેઓ કવિઓને તો બોલાવે પણ સાથોસાથ તખ્તાના કલાકારોને પણ બોલાવે. તેઓ માનતા કે આ કલાકારો સરસ પઠન કરી શકે છે. સાહિત્ય જોડે નાટ્યકલાકારોને સાંકળી લેવાનો એમનો અભિગમ દાદ દેવા જેવો હતો. કયા કલાકારને કઈ કવિતા આપવી જેથી એ વધારે નિખરી આવે એની એમને ગજબની સૂઝ હતી. આ લખનાર પાસે હંમેશાં એ કવિતા ગાઈને રજૂ કરાવતા.

ગુજરાતી રંગભૂમિનાં ગીતોને કેટલા ય સાહિત્યકારો કવિતા તરીકે સ્વીકારતા જ નથી. સુરેશભાઈને એવી કોઈ છોછ નહીં. એમની દૃષ્ટિ કાવ્યને શોધતી ફરે. 'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા', એ તેમનું અતિશય ગમતું ગીત. ક્યારે ય મફત કામ કરાવે કલાકારોને બિરદાવે એટલું જ નહીં, એમની ખેવના, કાળજી લે. પુરસ્કાર પણ સારો આપે છે. તે પુસ્તકો પણ આપે. તખ્તાના ને હિન્દી ફિલ્મોના જાણીતા કલાકાર મનોજ જોષી ભયંકર બીમારીમાં પટકાયા. તેઓ હોસ્પિટલને બિછાને હતા ત્યારે સુરેશભાઈ ઉત્પલ ભાયાણીને લઈ પહોંચી ગયા એક માતબર રકમનો ચેક લઈને કે કલાકારને આર્થિક મૂંઝવણમાં સધિયારો થાય. મનોજ કહે છે કે આવી શુભેચ્છાઓને લીધે જ હું સારો થઈ શક્યો.

ભાષાના બંધિયાર વાડાની બહાર નીકળીને અન્ય ભારતીય ભાષાનાં ને વિદેશનાં ઉત્તમ કાવ્યોને ગુજરાતી વાચક સમક્ષ મૂકનાર સુરેશ દલાલના મૃત્યુના સમાચારની મુંબઈના ગુજરાતી સિવાય અંગ્રેજી, હિન્દી કે મરાઠી અખબારોએ નોંધ સુધ્ધાં લીધી નહીં. ગુજરાતી સાહિત્ય સંસ્કૃતિની કેવી ઉપેક્ષા. દુઃખ તો એ વાતનું થાય કે આવું પ્રથમ વાર નથી બન્યું. આ પરંપરા ઉમાશંકર જોશીના વખતથી ચાલુ છે. વધુ દુઃખ ત્યારે થાય છે જ્યારે મુંબઈના ગુજરાતીઓ ચુપચાપ આ વસ્તુ સ્વીકારી લે છે. આવાં છાપાંઓને ફરિયાદનો એક પત્ર સુધ્ધાં પાઠવતા નથી. પૈસા લાગે ને ભાઈ પત્ર પોસ્ટ કરવાના. અલ્યા નિર્માલ્ય ગુજરાતીઓ, જાગો. કંઈ નહીં તો આ અખબારોના કાર્યલયમાં ફોન, પત્ર કે ઈ-મેઈલનો ઢગલો તો કરો' કરવા જેવું કામ છે.

(સૌજન્ય : 'વરાયટી', "મુંબઈ સમાચાર", 19.08.2012)

પુસ્તકો વિશે

• સુરેશ દલાલ

મને હંમેશાં મારા ઘર માટે એવું લાગ્યું છે કે દીવાલોને અઢેલીને પુસ્તકો નથી ઊભાં, પણ પુસ્તકોને અઢેલીને દીવાલ ઊભી છે. તમે જો પુસ્તકપ્રેમી હો અને તમારે ત્યાં નાનકડી લાઈબ્રેરી વસાવી હોય, તો તમને પણ આવા અનુભવો થતાં જ હશે.

ઘરે ક્યારેક એવા માણસો પણ આવે છે કે જે પુસ્તકોને જોઈને એમ પૂછે કે શું તમે આ બધાં પુસ્તકો વાંચ્યાં છે ?

એક ભાઈએ આવો પ્રશ્ન પૂછ્યો, ત્યારે મેં એમને જવાબ આપ્યો'તો કે તમારે ત્યાં કમમાં કમ ડિક્ષનેરી કે જોડણીકોશ તો હશે જ. તમે એનું પાનેપાનું, શબ્દેશબ્દ વાંચ્યો છે ? એને હું કેમ સમજાવું કે રોજ સવાર પડે ને ડ્રિલ ટિચર જેમ ડ્રિલ માટે છોકરાઓને ઉભા રાખે અને હાજરી લે એવી રીતે પુસ્તકો વાંચવાનાં નથી હોતાં. ઘણી વાર એવું બને છે કે ચાર–પાંચ પુસ્તકો બાજુમાં રાખીએ, આડા પડ્યા હોઈએ તો તકિયાની જેમ રાખીએ અને કોઈ એકાદમાં એવું મન ઠરી જાય કે પછી પેલા પુસ્તકોનો વારો આવે ત્યારે આવે. ક્યારેક એવું પણ બને કે કોઈ બે પાનાં વાંચીને પણ મન એવું તરબતર થઈ જાય કે ત્યાં જ અટકીએ અને આખો દિવસ એની વાતમાં કે એના વિચારમાં નીકળી જાય. ક્યારેક વાત ગમે, ક્યારેક એની શૈલી ગમે. થોડાક દિવસ પહેલાં ડી.એચ. લૉરેન્સના પત્રો વાંચતો હતો, એમાં એક પત્રમાંની એક વાત મને સ્પર્શી ગઈ તે આજ લગી વાગોળતો રહ્યો છું. કહે છે : મને સાગરની સોડમાં રહેવું ગમે છે. એના ઘૂઘવાટને બસ સાંભળ્યા જ કરું. એટલી હદે સાંભળ્યા કરું કે પછી એ સંભળાય જ નહીં. આ વાંચીને મેં તરત જ પુસ્તક બંધ કર્યું. કદાચ આવી વાતમાંથી જ જીવન માટેનો કોઈક રસ્તો ખૂલતો હોય એવું પણ લાગે.

e.mail : nirmish1960@hotmail.com

માની લો કે કોઈક કાવ્યનું પુસ્તક હોય તો એની એકએક કવિતા વાંચવાનો તમે પ્રયત્ન કરો અને તમે કદાચ બધાં કાવ્યો વાંચો તો પણ શું એવું નથી બનતું કે કેટલાં કાવ્યોમાં તમે બેચાર પંક્તિથી આગળ વધી શક્તા નથી. કશુંક તમારા રસ કે રુચિને કઠે છે. કેટલુંક તમારા દિલદિમાગની આડે આવે છે; અને એ જ સંગ્રહમાં કેટલાંક કાવ્યો એવાં હોય છે કે જે તમે પાંચદસ વાર વાંચો તો પણ ધરાતા નથી, અને એ કાવ્યસંગ્રહ તમારી અભરાઈ પર અધિકારપૂર્વક પોતાનું સ્થાન જમાવીને બેઠો છે.

કોઈકનો પોતાનો ગુલાબનો બગીચો હોય, તો તમે એને એમ પૂછો છો ખરા કે તમે પ્રત્યેક ગુલાબને પાસે જઈને સૂંઘો છો ? એની પ્રત્યેક પાંદડીનું પૃથક્કરણ કરો છો ? ગુલાબનો બગીચો છે, એ હકીકત જ વાતાવરણ રચવા માટે પૂરતી નથી ? પુસ્તકો મારે માટે કે મારા જેવા તમારા કોઈ પણ માટે ગુલાબનો બગીચો હોઈ શકે.

એવા પણ અનુભવો થાય છે કે કોઈક ઉત્સાહી તમારે ત્યાં પુસ્તક જોઈને વાંચવા માટે માંગે. શરૂઆતમાં તો હું સહેલાઈથી પુસ્તકો આપતો; પણ પછી અનુભવે સમજાયું કે પુસ્તકો લઈ જનારને એ પાછું આપવામાં રસ નથી. માણસ પોતાના ગજવામાંથી પૈસા ચૂકવીને પુસ્તક ખરીદે તો જ એને એનું મૂલ્ય સમજાય.

મુરલીભાઈ ઠાકુરની આ બાબતમાં એવી વૃત્તિ હતી કે એ પોતાનું પુસ્તક કોઈને આપતા નહીં. એમને પણ આવો જ અનુભવ થયો હશે. મુરલીભાઈએ આપણા એક નિબંધલેખકને કહ્યું હતું કે તમારે પુસ્તક વાંચવું હોય તો મારે ઘરે બેસીને વાંચો, પણ આ પુસ્તક કે કોઈ પણ પુસ્તક તમને આપી નહીં શકું. સાંભળનારને પહેલાં કદાચ કશુંક કડવું લાગે; પણ આવું કહેવું પડે એ માણસની વેદના કેટલી બધી હશે, એ હવે કલ્પનાનો વિષય નથી રહ્યો.

હજી પણ મને પૂરતી ના પાડતાં આવડતી નથી, એટલો હું કાચો છું. થોડા દિવસ પહેલાં એક ઓળખીતાએ પુસ્તક માંગ્યું, ત્યારે મેં એમને કહ્યું હતું કે જીવનમાં તમે પહેલી વાર મારી પાસે પુસ્તક માંગ્યું, એટલે આપું છું, મહેરબાની કરી બીજી વાર માંગતા નહીં.

જેમ કોઈનું ટી.વી. કે કોઈનું ફ્રીજ આપણે માગતા નથી, એમ પુસ્તકની બાબતમાં પણ માગણહારે આવી વૃત્તિ રાખવી જોઈએ. માણસને જેમ બધું જ પોતાનું હોય, તેમ પુસ્તક પણ પોતાનું હોવું જોઈએ. પુસ્તક પોતા પાસે હોય, તો એની સાથે એ પોતાપણાનો ભાવ કેળવી શકાય છે. માગી આણેલું પુસ્તક તમે સજાગ હો તો એમાં થોડી દૂરતાનો આનુભવ થાય છે. કોઈના પુસ્તકમાં તમે ગમે ત્યાં અંડરલાઈન કરી શક્તા નથી. કોઈ નોંધ લખી શક્તા નથી. પુસ્તકોનો વૈષ્ણવજન 'પર પુસ્તક જેને માત રે' એવી રીતે વર્તે છે. અવૈષ્ણવજનને પોતાના અને બીજાના પુસ્તકનો ભેદ રહેતો નથી.

ક્યાંક વાંચ્યું'તુ, એની બધી વિગતો યાદ નથી; પણ એનો મર્મ યાદ છે. કોઈક પુસ્તકનો ઘાયલ જ કહી શકે એવી વાત હતી. કહે છે, "જો એક પુસ્તક મળે તો હું એ મનગમતા પુસ્તક માટે એકાદ ટંકનું ખાવાનું પણ ગુમાવું. મને ઉછીના પુસ્તકો ગમતાં નથી, એ સંપૂર્ણપણે મારાં જ હોવા જોઈએ જેથી હું કલાકો સુધી – અનંત કાળ સુધી એની જોડે જીવી શકું. પુસ્તકોની પણ પોતાની નિયતિ હોય છે. એ એવા જ માણસો પાસે જાય, જે એની પ્રતિક્ષા કરતાં હોય, અને કેટલાક પુસ્તકો તો આપણને એવે યોગ્ય સમયે મળે કે જ્યારે આપણા જીવનમાં છવાયેલી શૂન્યતાને ભરી દે. કેવી અદ્‌ભુત વસ્તુ છે આ પુસ્તક ! એનો સર્જક મરી જાય, અને છતાંય એ તો આપણા અંધારામાં પ્રકાશ ફેંક્યા જ કરે."

મને પુસ્તકો મોંઘા લાગ્યા છે, પણ જીવનમાં બધે જ મોંઘવારી છે તેમ એની મોંઘવારીને સ્વીકારી લીધી છે. મને માણસો 'પુસ્તકો મોંઘા છે' એવી ફરિયાદ કરે છે ત્યારે ચીડ ચડે છે. તમે જે ચંપલ પહેરો છો એ પણ પહેલાના ભાવે મળે છે ખરાં ? તમારા પેન્ટ, શર્ટ અને સાડીનું શું ? ટામેટાં મોંઘા થઈ જાય છે તો પણ બબડતાં બબડતાં તમે ખરીદો છો તો ખરા. ગુજરાતીનો પ્રોફેસર પુસ્તક ખરીદે ત્યારે એના ગજવાનું પણ હંમેશાં ગજું નથી હોતું. ક્યારેક એમ પણ લાગે છે કે સંતાનોનાં મોંનો કોળિયો ઊણો કરીને આપણે આપણા પુસ્તક વસાવવાના શોખને (કદાચ જરૂરિયાતને) પોષીએ છીએ.

વાત નીકળી છે તો એક બીજી વાત પણ છેડવાનું મન થાય છે. આપણે ત્યાં કેટલાક માણસો પુસ્તક ખરીદતી વખતે અચૂક ડિસ્કાઉન્ટ માગે છે. તમે કાપડ ખરીદવા જાઓ છો કે કારનું ટાયર લેવા જાઓ છો, કે પેટ્રોલ ભરાવો છો ત્યારે ડિસ્કાઉન્ટ માગો છો ખરા ? આ ડિસ્કાઉન્ટની પદ્ધતિ માટે મારા એક મિત્ર–પ્રકાશકને ભારે નફરત છે. એને એમ લાગે છે કે જે માણસ પુસ્તક ખરીદે

મધુકથા - ભાગ ૧

• રજની પી. શાહ

મને હતું તો ખરું કે આ 'ગાર્ડી એવૉર્ડ' માટે ફિલાડેલ્ફીઆની ગેંગ કંઈક કરશે તો ખરી, અને પન્ના નાયકનો ઈમેલ આવ્યો કે 'આપણા મધુભાઈ' વિષે લખી મોકલો. એમાં એક સૂચના સરસ લખેલી, 'એમને સાહિત્યકાર તરીકે મૂલવવાના નથી'. મને હાશ થઈ કારણ આ વખતે મારે એમને પેલી રમૂજી ટકોર નહીં કરવી પડે કે 'રાયજી ! ત્રીસ ચાલીસ વરસ પહેલાં .. જ્યારે તમે કશું લખતા'તા .. પેલું શું ? 'કુમારની અગાસી' જેવું કંઈક.' પછી તો કલકત્તી પાનના બીડામાં કોઈ શૅરખાંને આપણે કાળોતરું તમાકુ ચવાડી દઈએ તેમ હું હસતાં હસતાં મશ્કરીમાં એમને ફોન પર આશ્વાસન આપતો, 'જો કે તદ્દન એવું નથી. હજીયે કોઈ વાર તમારા રાઈટીંગમાં વચ્ચે વચ્ચે ચમકારો આવી જાય છે. દાખલા તરીકે ધીઝ વર્ડ્ઝ .. છીનાઝપટ્ટી અથવા ખુશગિલાફ .. ઓરતો.

પછી એ મધ્ભઈ અટ્ટહાસ્ય કરે એટલે એમને ચકરાવવા હું વળી ઓર એક મીણો ચઢાવું :

'જો કે મને બક્ષી ગમતો. દાદો માણસ .. એનું ગુજરાતી વાંચીએ તો બે ઘડી મજા પડે. વ્હીસ્કી .. ગોશ્ત .. ને રંડી ની વાતો .. ટૅશથી લખતો.'

એટલે સામે છેડેથી મધિયો ખુશમિજાજમાં થોડું એલફેલ બોલે. સકાયેટ્રીસ્ટની સામે દરદી જેમ જિંદગીના અજંપાની ગૂંચો ઊકેલવા જાય, તેમ આપણાં મધુભાઈ પોતાની કેફિયતની થોડી સોલિલોક્વી શરૂ કરે. અંતે આપણને એવું ઠસાવે કે પર્સનલી એમને કોઈની પણ સામે કોઈ ઈર્ષા-બીર્ષા થતી નથી.

સાર્વજનિક તરવાના હૉજમાં રેવણ કરેલા ડબ્બા જેવા એ સોનેરી સુવાક્યો મને હંમેશાં પોકળ લાગ્યા છે, એટલે હું કટાક્ષમાં હસી કાઢતો.

*

મને લાગે છે લાંબે ગાળે કદાચ મધુભાઈને મારા એ સૂરમા-સળીના ઠંડા દહનના સૉળ પડતાં જતાં હશે. એ વળી શું આખો વખત ઠઠ્ઠા મશ્કરી ? જોક છે યાર ! જોક છે ! કરતો હું એમને બધું મ્હોં પર ચોપડી દઉં ને એમને ભગવાન બુદ્ધની જેમ ફરજિયાત હસવું પડે ! બાકી ત્યાં ગુજરાતમાં તો એમના ચાહકો એમને ત્યાં સુધી પૂછે, 'મદુભાઈ, તમારી પ્રિય વાનગી શું .. સાંભળ્યું છે તમને મરચાં બહુ ભાવે ?' વળી શહેરના પાદરમાં તો એમના ઉપર મૉક ટ્રાયલો યોજાય અને એમાં અમુક રસિયાઓ તો મરહૂમ કોમેડિયન આઈ.એસ.જોહરના જેવા એમના બિરબલી જવાબો સાંભળવા આવતા. સો વાતની એક વાત : મારાં એ હદ વગરના ઘસરકાંની ક્યુમ્યુલેટિવ ઈફેક્ટથી કદાચ અમારી મૈત્રીમાં તડ પડી. આઈ થીંક સો. આઈ ઍમ ગિલ્ટી. બીજું શું ?

*

એકવાર જર્સી સિટીના મ. રાયના ઘરે અમે બેચાર ફ્રેન્ડઝ ભેગાં થયાં. ત્રણેક વ્હિસ્કીના પૅગ પછી અમે સમૂહમાં એવો જોઈન્ટ નિ:સાસો નાંખેલો,

'સા'લુ, આપણને હવે કોઈ તું તાં કરનારું નથી. આપણે એવા અભાગિયા છીએ.'

ઉંમર વધે એટલે મનુષ્ય ક્રમશ: અનાથ થતો જાય છે, એવું કોષ્ટક કાંઈક અમારી સૌની ખોપરીઓમાં ભમતું હશે. એટલે ત્યાં તત્કાળ એવા કૉલ લઈ લીધા કે દરેક જણાંએ, એમને મધુરાયમાંથી ફીણ ઉડાડીને માત્ર મધિયો એવું કહેવાનું, જેથી જૉન-જાની-જનાર્દન જેવું લંગોટિયું લાગે. મધિયો કહીએ એટલે ઑટોમેટિક એવું ભાસે જાણે આપણી મા ચોકડીમાં કપડાંને સાબુ ઘાલતી હોય ને આપણે એનો ધોકો છૂમંતર કરીને બૉલબૅટ રમવા લઈ જઈએ. રસ્તે જતું કોઈ પણ માણસ આપણને તુંકારીને બોલાવે તો આપણે યંગ લાગીએ અને સોપોં પડે. પછી માથે બાલ પર ડાઈ લગાવવાની નહીં, ભૂંડી ઇ.મૈલોની આપ લે કરવાની નહીં. એમ તુંકારીને બોલાવવાનો ફ્રીંજ બેનિફિટ જેવો તેવો નહતો. એ કોકટેલ અવરમાં વળી આપણા સાક્ષર મણિલાલ હ. પટેલને પણ અમે સડનલી 'મણિયો'માં કન્વર્ટ કરી નાંખેલો. અમારા રૂકમાલા ભૂજમાલા ડાન્સના હાકોટામાં 'મણિયો' પણ જાતે પોતાનો કાચનો ગ્લાસ ઊંચો કરી, તપકીરી રંગનું પીણું પી ને પછી ચીયર્સ ચીયર્સ બોલીને અમારા સવાઈ દલિતોના ગ્લાસીસ સાથે ગ્લાસ ટકરાવા લાગેલો ! બિચારો ઈનોસન્ટ બાયસ્ટેન્ડર ! મધિયો ને મણિયો ને અમે સૌ અન્ય કોરસ, એવા મસ્તીએ ચઢેલા કે ત્યાર પછીનું કશું યાદ નથી ! બસ. મોડી રાતે કેવી રીતે જીપીએસ વગર, ડ્રાઇવ કરીને ઘરે આવ્યા હોઈશું એ નસીબની બલિહારી. પણ આપણા મધુભાઈ કેવા મોજીલા હતા તે પાસું મને તે દિવસે જોવા મળ્યું. બહુ ગમેલું. મધિયા ને મણિયા પર એક મસ્ત ગીત લખવાનું મન થઈ ગયેલું. પેલું .. આસિત દેસાઈ ગાય છે ને, હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા .. એના જેવું.

આઈ ડૉન્ટ નો .. એ બે જણાં કાતરિયામાં શું કરવા પેઠા હશે ?

*

એંસીના દાયકામાં મ. રાયજી એમનું ' ખેલંદો' નાટક લઈને ન્યુયોર્ક આવેલા. ગુજરાતી સમાજના નેજા હેઠળ એ ક્વીન્સ, ન્યુયૉર્કની જહૉન બાઉની હાઈસ્કૂલમાં ભજવેલું. નાટક શરૂ થતાં જ માઈક ગયું. લોકો માઈક, માઈક ... માઈક એમ બૂમો પાડવા માંડેલા. અમારા જેવાં ન્યુયોર્કના સ્થાનિક એકાંકી લેખકો માટે ગુજરાતી સમાજનો આ એક સન્નેપાતી ચાળો હતો, કારણ આ એ ઑડિયન્સ હતું જે માત્ર મુરારિ કથા, દુહા, રાસ ગરબા કે મિમિક્રીનું બંધાણી હતું. ઈન્કેસ જો આ નાટક ફેઈલ જાય તો એ ભડકેલાં પ્રેક્ષકોને અમારાં નાટકોમાં બોલાવીશું કેવી રીતે?

'ખેલંદો'માં બે એક્ટરો હતા, જયંતી પટેલ અને રશ્મિન પાઠક (?). પડદો ખુલ્યો. સાયલેન્ટ ફિલ્મ જેવું પાત્રો હાથ લાંબા ટૂંકા કરીને કશું બોલે. જયંતી પટેલને એમ કે પ્રેક્ષક કાંઈક એકાદુ ડાયાલૉગ પણ જો સાંભળે .. તો બાજી સુધરી જાય. માટે એ સ્ટેજની ધાર સુધી આવીને વીર માંગડાવાળો કે મા'રાણા પ્રતાપ કે કીંગ મેકબૅથ, એ બધાની મા પૈણે તેવી એક્ટીંગ કરવા માંડી. પણ કશું વળ્યું નહીં એટલે પડદો પાડી દેવાયો. હવે ? લૉબીમાં હજુ સમોસાં આવવાને તો એક કલાકની વાર હતી. મદદ કરવાને બહાને કેટલાક શહીદો સ્ટેજ પર ચઢી ગયા. મેં આપણાં મધુભાઈને જોયેલા નહીં. એટલે હું પણ મારી વાઈફ બિનિતાને, 'બે મિનિટમાં આવું છું', કહીને પડદાની ભારેભદ્દ ફૉલ્ડમાં ડોકું નાંખી, વિંગમાં ઘૂસી ગયો. એક રૂમમાં જયંતી પટેલને મેં ઓળખી પાડ્યા.

(અનુસંધાન પાન 14 પરેથી)

છે, એ જાણે આપણા ઉપર ઉપકાર કરતો હોય એવા ભાવથી ખરીદે છે. અમારે ત્યાં કોઈક વાર કોઈ શ્રીમંત પણ પુસ્તક લેવા આવે. ઘણાં બધાં પુસ્તકો જુએ, કિંમત જોઈને પાછા મૂકી દે. છેવટે દસ રૂપિયાવાળી એકાદ પરિચય પુસ્તિકા ખરીદવાનું નક્કી કરે અને એમાંયે પાછું ડીસ્કાઉન્ટ માંગે ત્યારે મને એમ થાય કે આ લોકો આ રીતે જ શ્રીમંત થતા હશે. એક જણને પૂછ્યું કે તારું પ્રિય પુસ્તક કયું તો કે બૅન્કની પાસબુક. એ ખોટો નથી, એ એની રીતે સાચો છે કારણ કે અત્યારે બે જ વસ્તુ જીવનમાં મહત્વની છે ધન અને કીર્તિ. નહીંતર તમને કોઈ પૂછે નહીં. એક ક્ષણ તો વિચારો કે કોઈ પણ પ્રજા પાસે પુસ્તકો ન હોય તો પ્રજાનું શું થાય? છાપું પણ બીજાનું વાંચનારી આપણી પ્રજા પુસ્તક સાથે ઘરોબો ક્યારે કેળવશે ?

મારી પાસે મારાં પુસ્તકોનો કિલ્લો છે. આ કિલ્લામાં હું ભારે સલામતી અનુભવું છું. દૂર પડેલાં પુસ્તકોને હું આંખથી પંપાળુ છું. નજીક લઈને એની બારાખડી ઉકેલું છું. નવું પુસ્તક હોય તો એને સ્હેજ – ફૂલ હોય એમ – સૂંઘી પણ લઉં છું. કોઈક નવું પુસ્તક હાથમાં આવે અને જચી જાય તો પછી એવો સંબંધ બંધાય છે કે પુસ્તક મને છોડતું નથી અને હું પુસ્તકને છોડતો નથી. જે માણસ પુસ્તકને પ્રેમ ન કરતો હોય, સંગીતને માણતો ન હોય એ મારે મન જીવતેજીવત ફર્નીચર જેવો છે. પુસ્તકો રચાય છે માણસોથી પણ માણસની જેમ દગો દેવાની કળા એમની પાસે નથી. અઢળક પુસ્તકો એ જ મારું બૅન્ક–બેલેન્સ. આ બાબતમાં મને હંમેશાં લાગ્યું છે કે હું ખૂબ ધનવાન છું. પણ સમાજને આવા પ્રકારના ગ્રંથવાન માણસો સાથે ઝાઝી લેવાદેવા નથી. સમાજની પાસે માપવાનાં ધોરણો જુદાં હોય છે. સમાજ પાસે માપવાનાં ધોરણો છે, પરંતુ કશુંક કિંમતી નહીં – પણ મૂલ્યવાન પામવાનાં ધોરણો હોતા નથી.

[પ્રેષક : વિજય ધારીઆ, શિકાગો (યુ.એસ.એ.)]

એમની બાજુમાં એક છોકરવાદી માણસ હતો. એ મધુરાય ? કોઈકે કહ્યું, 'એ જ'.

ઈલેક્ટ્રીક સગડી માટે બોલાવેલી ધરમાદા શબવાહિની-વૅન વરસાદી ટ્રાફિકમાં ફસાઈ ગઈ હોય, ને લોકો બાલ્કનીમાં ઊભાં ઊભાં રાહ જોતાં હોય, તેમ મધ્ભઈની નાટક મંડળી એક ખોલીમાં ઊભેલી. અચાનક માઈક ચાલ ચલાઉ ફિક્સ થઈ ગયું. અને પછી નાટક સડસડાટ ચાલ્યું. એક ચમત્કાર સર્જાયો, સ્ટેજ પર જાદુ થયું અને એક ઈતિહાસ રચાયો. મધુ રાયનું અદ્ભુત લેખન અને ડુગડુગી વગાડતો મદારી જયંતી પટેલ અને પેલો ઉખાણાં પલાખાં પલટવાનો સીન હજુ મારા ચિત્તમાં વરખની પત્તીઓ તળે અકબંધ છે. એ મધુ રાયને ત્યાર પછી હું મધિયા તરીકે ગર્વથી મારો અંગત મિત્ર થઈ માનતો થઇ ગયો. તે છેક આજ સુધી. યસ. અંગત.

*

જો કે મ. રાય પોતે કોઈને પણ અંગ-ચુસ્ત (અંગત) રાખતા હશે કે કેમ તે માટે શંકા છે. મારા એક પરમ ગુરુનું માનવું છે કે મધુ નાર્સીસીસ્ટ (આત્મરત) છે. હું વિગ્નાનિક તરીકે એમને કહું છું, 'ગુરુજી ! એ

તો મહાન કલાકારોનું એક અલાયદું નિજી લક્ષણ છે .. ડીએનએ જેવું.'

'એ માણસ આપણને ભેટે છે ખરો, પણ એની છાતી અડકાડતો નથી.' એ દલીલ કરે છે.

'અડકાડતો નથી એવું નથી. એ છાતી ટુ છાતી અડકી શકતો નથી. વિગ્નાન બોલે છે. કે એ ડીએનએની જ મોંકાણ છે.'

આ ગુરુજી એવા છે કે પોતાની થિયરી સિવાય અન્યની થિયરીઓ કાને ધરતા જ નથી એટલે એ તો એમના દૈનિક રુટિનમાં પડે છે. સાઇનસમાં ઓક્સિજનનો ડૂશ લેવા એક નસકોરું આંગળીથી બ્લોક કરીને ફૂંફડાફૂંફળી કરે છે. જો કે તે દરમિયાન મારું બોલવાનું તો ચાલુ જ હતું : 'દુઃખ એ છે કે એની કોઈ ટ્રીટમેન્ટ નથી. સિવાય કે કૈલાસ પર્વત પર જઈને, હું મારા બે હાથ પહોળા કરી, ટાઇટેનીકના લિ'નાર્ડ ડી-કેપ્રીયોની જેમ ડૉલ્બી સાઉન્ડમાં મોટેથી ચિલ્લાઉં : 'કોઈ ભૂંડા ડીએનએ પર જૂ કાઢવાની કાંસકી ફેરવી આપો! પ્લીઝ !'

*

નવાસવા એ મારા મિત્ર થયા, ત્યારની એક ઈન્ટરેસ્ટીંગ વાત. તે પહેલાં એક ફૂટનોટ આપી દઉં. વાત કરી શકાય તેવાં મિત્રોની યાદી મારી અતિશય નાની છે. પણ એ મિત્રો સાથે જ્યારે પણ ટેલીફોન થાય, ત્યારે એકાદ કલાક તો સામસામી ઈઝીલી વાતો થઈ જાય. તો એવાં ફોનકોલ્સ મ. રાય સાથે પણ થવા માંડ્યા. અમે પુષ્કળ હસ્યા છીએ. ગગનવાલા રીયલી જાણે સાયબરમાંથી આપણી લગોલગ આવીને થ્રી-ડીમાં ખુલ્લમખુલ્લા હસે. એટલે તે જમાનામાં મેં એમને કહેલું, 'તમારો ઍન્ટીના અલ્ટ્રા પાવરફૂલ છે! ગૂઢ, અતિ ગૂઢ, અતિ - અતિ ગૂઢ વાતો તમને સંવાદમાંથી ફટ્ કરતીકને સમજાઈ જાય છે, એટલે તમારી સાથે દોસ્ત! ફોનમાં જલસો પડી જાય છે.' જો કે એનો ગર્ભિત મીનિંગ એવો પણ થાય કે મારા જેવા (આરપી) બળિયાના સંવાદો, વત્સ ! તું (મધુ) ઈનસ્ટંટ ગ્રહણ કરી શકે છે. વાહ ! ઝીન્દાબાદ ! યકીનન તું ગેલૅલિયો કે આઈનસ્ટાઇન છો !'

મારામાં આવો આડંબર કેવી રીતે પ્રવેશી ગયો હશે? કદાચ મારી સ્કૂલના એક ખરાદી સાહેબ પાસેથી હશે. એ ખરાદીસર પોતાનો ક્લાસ લીધા પછી લુચ્ચું હસીને કહેતા, 'તમે છોકરાંઓ ! એવાં ચતુર ને હુશિયાર છો .. કે કાચાપોચા માસ્તરની તો દશા જ બગાડી નાંખો ! ગાભા જ કાઢી નાંખો બિચારાના !'

*

ન્યુયૉર્કમાં મારે ઘેર સૂરતથી નાટ્ય દિગ્દર્શક કપિલદેવ શુકલા આવેલા. એમને એમના એક નાટકની વીડિયો મને બતાવવી હતી. મને થયું નાટકની વાત છે તો મ. રાયને જરા બોલાવી લઉં. કપિલદેવે હા પાડી. રાય આવે તે પહેલાં એમની ગેરહાજરીમાં મેં કપિલદેવને એમના અમુક નાટકોનાં અદ્ભુત અંકોડી ભરત કરેલા હોય તેવાં સંવાદોની વાત કરીને વાકેફ કરી દીધેલા. કદાચ તેમાં પણ મારો પેલો નરાધમી પાખંડ હશે કે 'એવો રૉડિયો રમતો કાઉબૉય ઊર્ફે 'ખેલંદો' આપડો ફ્રેન્ડ છે ! કપિલદેવ ! યે દેખો ! હમ યે ફોનકા ચક્કર ઘુમાવેગા ને વો છેક કહાંસે ભી અપને ઘર દોડકે આ જાયગા ! યાહ્ ! મી નો લેસ્સ ધેન્ન વીત્તો-કોર્લિયૉની ઇન ગૉડ ફાધર !' મ. રાયજી આવ્યા જાણે બ.ક.ઠા. સ્વયમ્ સાહિત્ય પરિષદમાં પધાર્યા. એ મારા સોફાના કુશનને અલેળીને સુપાઇન પોઝીશનમાં બેઠા. કપિલદેવે વિડીઓનું પ્લે બટન દાબ્યું. થોડાં મુવીંગ ઈમેજીસ અમે ત્રણેએ જોયાં. પછી કપિલદેવ અતિ ઉત્સાહમાં એક સીનની કોમેન્ટ્રી આપવા કંઈક બોલ્યા. વિડીઓમાં હજુ કોઈ સંવાદો શરૂ થયા ન હતા. છતાં કોણ જાણે સડનલી, મ. રાયે હુકમ કર્યો, 'ડૂચો મારી દો !'

અર્થાત્ 'ઓ શિરોમણિ ! તું મ્હોં પર ડૂચો મારી દે. હું રહ્યો નાટકનો પાદશાહ. તારા નાટકને મારે 'કોલ્ડ' તરીકાથી જોવું છે. તને માલૂમ છે કલકત્તામાં તો લોકો અમને સાફો પહેરાવીને ઈવન વરઘોડો કાઢે છે!'

હું તો હતભ્રમ સ્થિતિમાં મારા મગજમાં એ દૃશ્ય રીપ્લે કરતો હતો. 'ડૂચો મારી દો' આવું તામસી વાક્ય આ માણસ ખરેખર બોલ્યો કે આવું ઍબઝર્ડ નાટક મારા પોતાના દિમાગની કોઈ ચક્રમી પેદાશ હતી? કે પછી .. શું આ મધિયાએ કંઈ ઍલએસડી-બૅલેસડી લીધું હશે? ઓ માય ગૉડ ! ધીસ ટોટલ ઇનસેનિટી !

કાપો તો લોહી ના નીકળે એ દશામાં હું તો સમસમીને બેસી રહ્યો. મારા ગેસ્ટનું અપમાન મારા જ ઘરમાં, મારોજ દોસ્ત કરે ?

વિનેશ અંતાણીની કથા ઉપરથી કપિલદેવે એક સુંદર નાટક 'કાફલો' ૧૯૯૧માં ડિરેક્ટ કરેલું જે મેં ભાઈદાસ હૉલમાં જોયેલું. ત્યાર પછી તો એમણે અનેક નાટકો ડિરેક્ટ કર્યા, લખ્યાં અને કીર્તિવંતા એવૉર્ડ્ઝ મેળવ્યા .. પણ પેલી મ્હોં પર ડૂચો વાળી વાત ...

*

મારા બૅક યાર્ડમાં એક વાર મ. રાયનું હું સુપર-૮ મુવી પાડું છું. મેં એમને કહ્યું, 'તમારા કોઈ પણ નાટકનો એકાદ ડાયલોગ બોલો. ચલો તમારું મુવી લઉં.' કહીને મેં મારો મુવી કૅમેરા સજ્જ કર્યો. એ કશી આનાકાની કરે તે પહેલાં તો મેં રકોર્ડનું બટન પણ દાબી દીધું. લાલ લાઇટ થઈ ગઈ.

મેં ડૉલી શોટ લીધો. મ. રાયે જૅકેટ પહેરેલું. વ્યૂ ફાઈન્ડરમાં માણસનો સરસ ફેસ દેખાયો. એમની આંખોમાં પેલી હરિયાની ઈનર મથામણ પણ કૅચ થઈ. મને એવું કંઈ યાદ છે કે એ એમના નાટકનું એક કેરેક્ટર છે કેશવ નાયક કરીને, એનો ડાયલોગ બોલવા માંડ્યા. પછી શું થયું, એ એકદમ ભૂલી ગયા. શબ્દો યાદ જ ના આવે. ટોટ્ટલ બ્લૅંક.

રે ! રે ! આ શબ્દના હાકેમની સામે જ શબ્દ સંતાકૂકડી કરે, એ કેવું ? બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સામે ? હજુ તો આ હાકેમને એ શબ્દોથી તો અનેક સ્ક્રીપ્ટ લખવાના છે કે જેનાં ઉપરથી 'મિ. યોગી' ટીવી સીરિયલ થવાની, 'વૉટ ઇઝ યૉર રાશિ' ફિલ્મ ઉતરવાની .. પ્રિયાંકા ચોપ્રા સાથે ફોટા પડાવી મારા જેવા કામુકનો જીવ બાળવાનો .. લાખ રૂપિયાના ઈનામવાળું નાટક 'સુરા અને શત્રુજીત' લખવાનું. પણ આ .. ગધેડીના શબ્દો ! આવા પંડિતને મારા બૅકયાર્ડના પગથિયે રોકીને ઊભી ખો રમાડે એ કેવું ? મધિયાનું એ રૂપ મને ગમ્યું. પ્યૉર માનવીય રૂપ હતું. વામન અવતાર સમું. બ્રાવો !

એ મુવી મારા પર્સનલ કલેક્શનમાં હજુ પણ જતનથી સાચવી રાખ્યું છે. આજે એમને આ 'ગાર્ડી એવૉર્ડ' મળે છે તો કોને ખબર આવતી કાલે ભઈને ઑસ્કાર ફૉસ્કાર એવૉર્ડ પણ મળે. તો ? તો મારી એ સુપર-૮ ફિલમની થરથરતી પટ્ટી મીલિયન્સ ઑફ લોકો મૉનિટર પર જોશે .. મારો પેલો ડૉલી શોટ જોઈને લોકો બૂચકારા ભરશે. ક્યા બાત હય, આરપી ! એકદમ લાક્કડૂ ! ડબ્બલ ક ... પેલા આરકે ફિલ્મ્સના રાધુ કરમાકરની જ સિનેમૅટોગ્રાફી !

સોરી. પાછો હું સાઇડ-ટ્રૅક થઈ ગયો. ઑસ્કાર મધિયાને મળે ને ગાયન મારે મારી સુપર-૮ ફિલમના ગાવાના? નો. ધિસ ઇઝ નોટ એક્સેપ્ટેબલ. (સંપૂર્ણ)

***

May 3, 2012

[488 Old Courthouse Rd. New Hyde Park, NY 11040, U.S.A.]
e.mail : rpshah37@hotmail.com

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું …

સન 1977ના અરસામાં, 12 ફેબ્રુઆરીએ, ‘ગુજરાતી સાહિત્ય મંડળ’, ‘ગુજરાતી સાહિત્ય અકદામી’માં ફેરવાયું. એ પછી યોજાયેલા પહેલા કવિ દરબારની આ ભાતીગળ છબિ છે. એ દિવસોમાં, તે પછી લાંબા અરસા લગી, લંડન મહાનગરના ટૉટનનમ કૉર્ટ વિસ્તારમાં, હૅનવે પ્લેસ નામની ગલીમાં, ‘મંદિર‘ રેસ્ટોરાઁ ચાલતું. તે રેસ્ટોરાઁમાં ‘રવિશંકર હૉલ‘ હતો. તે સભાખંડ માંહેની આ છબિ છે. આજકાલ વડોદરા સ્થાયી થઈ ગયેલા, આ દેશના એક અગ્રગણ્ય ગુજરાતી શહેરી અને કવિ રમેશ પટેલ ‘પ્રેમોર્મિ‘ તેમ જ જાણીતાં ગાયક જ્યોતિબહેન કામથ, ભાગીદારીમાં, આ અનુપમ જગ્યાનું સંચાલન કરતાં. દિવંગત ઉષાબહેન પટેલ તેમ જ સુખ્યાત વાંસળીવાદક સુરેન્દ્ર કામથ પોતપોતાનાં સહચરની જોડાજોડ સો ટકા તેમાં સક્રિય.

જાણીતા સિતારવાદક પંડિત રવિશંકરના સન્માનમાં નામાભિકૃત બનેલા આ સભાખંડમાં અકાદમીએ આ ભવ્ય ‘કવિ દરબાર’નું આયોજન કરેલું. સભાખંડ ખીચોખીચ હતો અને તેમાં કવિઓ ઉપરાંત સાહિત્યરસિકો તેમ જ નગરના અનેક આગેવાન ગુજરાતી શહેરીઓ પણ હાજર હતાં.

છબિમાં, વ્યાસપીઠે, ડાબેથી, અકાદમીના તત્કાલીન સહમંત્રી અને જાણીતા કવિ યોગેશભાઈ પટેલ, કાર્યવાહી સમિતિનાં સભ્ય અને સુખ્યાત કવયિત્રી નિરંજનાબહેન દેસાઈ, અકાદમીના તત્કાલીન એક ઉપ-પ્રમુખ અને વરિષ્ઠ સાહિત્યકાર બળવંતભાઈ નાયક, ઉદ્‌બોધન કરતા તત્કાલીન બીજા ઉપ-પ્રમુખ અને વરિષ્ઠ સાહિત્યકાર ભાનુશંકર ઓધવજી વ્યાસ, તત્કાલીન અકાદમી પ્રમુખ અને વરિષ્ઠ સાહિત્યકાર ડાહ્યાભાઈ આ. પટેલ, અકાદમીના તત્કાલીન મહામંત્રી અને જાણીતા કવિ પંકજભાઈ વોરા તેમ જ “ગુજરાત સમાચાર”ના તત્કાલીન તંત્રી વિપુલ કલ્યાણી દૃષ્ટિમાન છે.

આ પાંત્રીસ વરસની મજલમાં અકાદમી નામક સંઘ કેટલું કાઠું કાઢી રહ્યો, તેનો ક્યાસ કાઢવાનો પ્રયાસ અહીં કરવો નથી. તે કામ વ્યાજબી રીતે ભવિષ્યના સંશોધકો અને અભ્યાસીઓને ભળાવીએ. અબીહાલ તો એટલું જાણીએ કે આ ‘સપ્તર્ષિ’ઓમાંથી હવે ભાનુભાઈ નથી, ડાહ્યાભાઈ પણ નથી તથા બળવંતભાઈ ય સિધાવી ગયા છે. યોગેશભાઈ એક દા પ્રમુખપદે હતા. તો નિરંજનાબહેન પણ એક દા ઉપ-પ્રમુખ રહેલાં. જ્યારે વિપુલ કલ્યાણી 33 વરસ મહામંત્રીપદ સાંચવીને નિવૃત્ત થયા, બાદ, તાજેતરમાં, અકાદમીના પ્રમુખપદે પસંદ થયા છે.

પાંત્રીસ વરસે પહોંચેલી અકાદમીનો ઇતિહાસ સભર સભર છે. પરંતુ ઉત્તર ઇંગ્લૅન્ડના લૅંકશર પરગણાના પ્રેસ્ટન નગરમાં, આશરે ચાળીસેક વરસથી ચાલતી ‘ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ‘ સમેતની બીજીત્રીજી વિલાયતી નાનીમોટી સાહિત્યિક સંસ્થાઓની જોડાજોડ મૂલવણી કરવામાં આવે, તો આ સાહિત્ય નામે મોલાતના પારખાં થઈ શકે. અહીં સાહિત્યસર્જન જરૂર થયું છે; અને તેમાં ય કેટલુંક નક્કર કામ પણ જોવા પામીએ. આ બધાંમાં આ સંસ્થાઓનો ફાળો કેટલો અને કેવો ? – આ ય તપાસનો વિષય છે.

ખેર ! ભિખાયજી કામાની આવનજાવન વખતે, દાયકાઓ પહેલાં, સ્વાતંત્ર્યની લડત સાથોસાથ મેડમ કામાએ ગુજરાતી ભાષાની ચિંતા સેવી હોય તેવા દાખલાઓ જાણ્યા છે. તે વારાથી, આજે આ ભાષાનો પ્રવાસ ક્યાં લગી વિલાયતે પહોંચ્યો હશે ? અકાદમીએ તે ક્ષેત્રે ખૂબ અગત્યનાં કામો નીપટાવેલાં છે. પણ પછી, આજે કેવું ચિત્ર જોવા મળે ?

બખ્તાવર

(ગતાંકથી ચાલુ)

[13]

આજે સવારથી, સાંઈ કશા વિચારોમાં ખોવાયેલા હતા. માથે હાથ ધરીને વિચારતા હતા. દૂર અંતરિક્ષમાં જોતા હતા. ઊભા થઈને દીવાનખાનામાં આંટા મારતા હતા. તો વળી ક્યારેક કાગળ-પેન્સિલ લઈને કશું લખતા હતા, છેકતા હતા ને પુન: લખતા હતા.

સાંઈની આ હરકત મારા માટે આશ્ચર્યકારક હતી. તેમને આમ વિચારમંથન કરતાં અને લખછેક કરતાં કદી જોયા ન હતા. કેટલીક વાર સુધી હું આ ખેલ જોતો રહ્યો. અને પછી તેમને બીજી દિશામાં વાળવા ખાતર મેં કહ્યું, 'સાંઈ, ચા પીશો ?'

'હા, પુત્ત !' ક્ષણેક પછી ઉમેર્યું, 'એમ કર, થરમોસમાં ચા ભરીને અહીં મૂકી જા. … મારે ઘણું વિચારવાનું છે. ઘણું લખવાનું છે.'

'શું લખો છો ? – કહો તો હું લખી આપું.'

'નહીં. એ મને જ લખવા દે. તને એમાં સમજ નહીં પડે. બધું અંગત છે.'

હું દીવાનખાનામાં ચાભર્યો થરમોસ ને કપરકાબી મૂકી આવ્યો. નમકીન બિસ્કિટનો એક ડબ્બો, પાણીનો જગ ને ગ્લાસ પણ.

સાંઈ બપોર સુધી લખછેક કરતા રહ્યા. ત્યાર પછી જમીને એકાદ કલાક સોફા ઉપર લંબાવી ગયા અને ત્યાર પછી પાછા કાગળ-પેન્સિલ લઈને બેઠા.

સાંઈ શિક્ષિત જરૂર હતા, પણ તેમને લખવાનો કોઈ ખાસ અનુભવ હતો નહીં. અંગત વાતો લખવી હતી. પણ એમાંયે અનુભવ તથા મહાવરાના અભાવે છેકછાક બહુ કરવી પડી રહી હતી. – પણ લખવું તો હતું જ. એ કદાચ અત્યંત આવશ્યક હતું. અને શરીરમાં અશક્તિ હોવા છતાં, તે પરિશ્રમપૂર્વક લખતા રહ્યા. સાંજના પાંચના શુમારે તેમણે મને બોલાવ્યો. કહ્યું, 'જા, તારી માને બોલાવી લાવ.'

સુગરામા આવ્યાં. પૂછ્યું, 'કંઈ કામ હતું ?'

'હા. … બેસ અહીં. અને બખ્તાવર, તું પણ બેસ.'

અમે બેસી ગયાં.

સાંઈ કંઈક ખુશ જણાતા હતા. ચહેરા પર થોડી રોનક હતી. લખેલા કાગળ તેમણે ઉપાડ્યા. કહ્યું, 'મેં કંઈક લખ્યું છે. હું એ વાંચું છું. તમે સાંભળો. … વચમાં કોઈ સવાલ કરવો નહીં. કંઈ પણ બોલવું નહીં. ચુપચાપ સાંભળો.'

સાંઈએ શરૂઆત આમ કરી હતી : મારા માલિકને, મારા સર્જનહારને હાજરાહજૂર રાખીને, મારી પોતાની મરજીથી આ લખાણ કરી રહ્યો છું. મારા ઉપર કોઈનું દબાણ નથી. કોઈનો હુકમ નથી. અને હું મારી મરજીનો માલિક છું.

– આ લખાણ કરવાનું મુખ્ય કારણ આ કે, મારું સ્વાસ્થ્ય સારું રહેતું નથી. વય પણ પંચાવન જેટલી થઈ છે. વળી, જિંદગીનો કોઈ ભરોસો નથી. એ પાણીના પરપોટા જેવી હોય છે. એટલે મને થયું કે મારે ઓછામાં ઓછું એક વસિયતનામું લખી નાખવું જોઈએ કે બાદમાં અમૂંઝવણ જેવું કશું રહે નહીં. કોઈને અન્યાય થાય નહીં.

આ વસિયતનામામાં તેમણે મારા વિશે લખ્યું હતું : બખ્તાવરને અમે પુત્ર તરીકે અપનાવ્યો છે. એ અમારો પુત્ર અને કાયદેસરનો વારસદાર છે. મારી બધી જમીનો, હવેલી, અન્ય મિલકતો તથા પૈસોટકો સૌ, મારી ગેરહાજરીમાં, એનું, એટલે કે બખ્તાવરનું ગણાશે.

– આ બધી મિલકતોના માલિક હોવા સાથે બખ્તાવરની આ ફરજ રહેશે કે એ એની સુગરામાનો, તે જીવે ત્યાં સુધી, દરેક રીતે ખ્યાલ રાખતો રહેશે. એક પુત્રની હેસિયતે તેમની સેવાચાકરી કરશે. અને દર મહિને ઘરખર્ચ પેટે તથા જ્યારે જેટલી માગે તેટલી રકમ, કશાયે વાંધાવચકા વિના, તેમને આપતો રહેશે. અને બીમારીશીમારીમાં, વાવાયુ કે સાંધાના દુ:ખાવા વગેરેમાં તે તેમનો પૂરેપૂરો ખયાલ રાખશે, દવાદારૂ કરાવશે અને બીજું જે કંઈ જરૂરી હોય તે કરાવવામાં જરા પણ આળસ કે બેદરકારી કરશે નહીં.

સાંઈએ એક ફકરામાં આમ પણ લખ્યું હતું કે, બખ્તાવર, તેની માને નાપસંદ હોય એવી કોઈ પણ વ્યક્તિને હવેલીમાં લાવશે નહીં તેમ જ એવી કોઈ વ્યક્તિને હવેલી નજીક આવવા દેશે નહીં. અને તે પોતાની માની, દરેક મુશ્કેલી સામે, દરેક અમૂંઝવણ સામે દરેક રીતે હિફાઝત કરશે, કોઈ પણ સારો કિસાન તેનાં ખેતરોની સાચવણી કરે છે તે રીતે.

જો કે આ બધું લખવાની જરૂરત ન હતી. મને મારી ફરજનું, મારા કર્તવ્યનું પૂરેપૂરું ભાન હું. મારા અંતરમાં એ બજાવવાની તત્પરતા પણ હતી. પરંતુ સાંઈએ, મારા કર્તવ્યભાનનો એહસાસ હોવા છતાં, એ લખ્યું હતું. અને એ ઘણું કરીને એટલા માટે કે હું મારા કર્તવ્યની બાબતમાં ક્યારે ય ગફલત ન કરી બેસું. હંમેશાં સભાન રહું. – અને હું માનું છું કે એ લખાણ મારા માટે હિતકર હતું.

આ વસિયતનામામાં સાંઈએ બીજું બીજું પણ ઘણું લખ્યું હતું.

ગમે એમ, પણ મારા વિશેની માલમિલકત તથા અન્ય બાબતો વિશેની નોંધ સંદર્ભે પ્રતિભાવ દર્શાવતાં મેં કહ્યું, 'સાંઈ ! મુંજા પે !… હું માનું છું કે આ વસિયતનામાની કોઈ જરૂરત નથી. હું તમારો પુત્ર છું અને સુગરામા એ મારાં મા છે. આપની અને માની સેવા એ મારું કર્તવ્ય છે. મારી ફરજ છે. અને હું પ્રાણના ભોગે પણ પૂરી કરીશ, ઈન્શાઅલ્લાહ ! અલ્લાહની કૃપા માથે રહી તો, હું ક્યારે ય ડગમગ નહીં થાઉં. … અને રહી વાત માલમિલકતની તો એ બધું સુગરામાનાં નામે કરો. માની હયાતીમાં એ મારા નામે થાય એ મને યોગ્ય લાગતું નથી. ભવિષ્યમાં જ્યારે જરૂરત જણાશે ત્યારે જોયું જાશે, … પણ હાલ તો એ માનાં નામે જ … … !'

'ના, પુત્ત !' સુગરામાએ મારી વાત કાપતાં કહ્યું, 'સાંઈ ખુશીથી આપે છે. તું ઈન્કાર ના કર. હું પણ ખુશ છું. અને તું તો અમારો દીકરો છે. કોઈ નોકરચાકર થોડો છે !'

સાંઈને ઉધરસ આવી. તે ઘડીક થોભી ગયા. બેક ઘૂંટ પાણી પીધું અને ત્યાર પછી વાતનો તાંતણો જોડતાં કહ્યું, 'પુત્ત, આ મેં એટલા માટે લખ્યું છે કે આવતી કાલે મારાં સગાંસંબંધી મારી મિલકતોમાં ભાગ પડાવવા માટે ન આવે. તને ખબર નથી, પુત્ત, અહીંયાં આવું ઘણું થાય છે. પટવારીને લાંચરુશ્વત ચાંપીને દસ્તાવેજો ય બદલાવી નંખાવે.'

'પણ એ લોકો શી રીતે ભાગ પડાવી શકે ? – કોઈ આધાર ?'

'કહેશે, ગુલામનબીની કોઈ ઓલાદ નથી. એના વારસ અમે છીએ. … તેમનો પક્ષ લેનારા ય નીકળી આવે. તને બેઘર કરે. બધું હડપ કરી જાય ! તારી માને ય ક્યાં તો, રડાવે ! અહીં તો આવા ઘણા તમાશા થતા રહે છે … ! બધું અંધેર છે, અંધેર !'

સાંઈની આ વાતમાં તેમનો અનુભવ બોલી રહ્યો હતો. અહીંના લોકોના રંગઢંગથી, તેમની મનોવૃત્તિથી તેઓ સુજાણ હતા. માટે અગમચેતી વાપરીને તેઓ જે કંઈ કરી રહ્યા હતા તે ખોટું ન હતું. અનિવાર્ય હતું.

અમે જોઈ શકતા ન હતા તે બધું સાંઈની દૃષ્ટિ જોઈ રહી હતી. માટે તેમણે દર્શાવેલા ભાવિ ભયોને નગણ્ય લેખી દલીલ કરવામાં ડહાપણ ન હતું. … મેં સંમતિ દર્શાવી. અને સુગરામા તો સંમત હતાં જ.

અમારી સંમતિ મેળવ્યા પછી સાંઈએ વસિયતનામું ઉમરકોટના એક વકીલને આપ્યું. વકીલે એનું અંગ્રેજીમાં રૂપાંતર કર્યું. અને પછી એના આધારે કાયદેસરનું એક વીલ તૈયાર કરી - કરાવી આપ્યું.

હવે સાંઈને નિરાંત હતી. તેમની જમીનો, મિલકતોની તેમની ઈચ્છા અનુસારની ગોઠવણ થઈ ગઈ હતી. હાનિ પહોંચવાનો કોઈ ખતરો રહ્યો ન હતો.

પણ નૂરજહાં ?!

એની છાયા ભૂતાવળની જેમ હવેલીમાં ફરી રહી હતી. એ ક્યારેક ચિંતાનું સ્વરૂપ ધરીને સાંઈને પરેશાન કરતી હતી, તો ક્યારેક ધ્રાસ્કા સ્વરૂપે મારું મન વલોવી જતી હતી. અને એનાથી છૂટકારાનો કોઈ ઉપાય નજરે પડતો ન હતો.

•

[14]

ડોક્ટર શેખ પાસે અમે બે વાર જઈ આવ્યા. પરંતુ સાંઈની તબિયતમાં કશો સુધારો જણાતો ન હતો. દવા નિયમિત લેતા હતા. ખોરાક ડોક્ટરે સૂચવ્યા અનુસારનો હતો. સેવાચાકરીમાં પણ કોઈ કસર ન હતી. પણ આમ છતાં સાંઈની તબિયત સુધરી રહી ન હતી. હવા ઊલટી દિશામાં વાવા લાગી હોય એમ લાગતું હતું. નબળાઈમાં વધારો થયો હતો. શરીર શિથિલ થઈ રહ્યું હતું. ચહેરો ય ફીક્કો થઈ ગયો હતો.

મને ચિંતા થવા લાગી. ચિહ્નો સારાં જણાતાં ન હતાં. પરંતુ મને જે કંઈ સમજાઈ રહ્યું હતું એ હું સુગરામાને બતાવી શકતો ન હતો. કાગનો વાઘ થવાનો ડર લાગતો હતો. વળી કોઈ પણ રીતે તેમને દુઃખ થાય એમ હું ઇચ્છતો ન હતો.

ડોક્ટર શેખનો ઉપાય એળે જઈ રહ્યો હતો. ડોક્ટર બદલાવવો જોઈએ એમ મારું મન કહી રહ્યું હતું. બીજો ડોક્ટર કુરૈશી હતો. નૂરજહાંના કહ્યા પ્રમાણે એ વિશેષ સારો હતો. વળી નૂરજહાંના અમલદાર ભાઈ કરીમબક્ષનો મિત્ર હતો. તો શું કરવું ? કરીમબક્ષનો લાભ લેવો ? મને એમાં વાંધા જેવું કશું લાગતું ન હતું. જરૂરત પડે ત્યારે તો દુશ્મનને પણ દોસ્ત બનાવવા પડે છે. પણ અહીં તો કરીમબક્ષ સાથે આપણી કોઈ દુશ્મની નથી. વચમાં નૂરજહાં છે એટલું જ. બાકી નૂરજહાં સાથે પણ અમારી ક્યાં કશી અંટસ હતી ! એ તો સાંઈને મારા વિશે એક ખતરો હતો … માત્ર ખતરો !

મેં કરીમબક્ષનો સંપર્ક સાધવાનું મનોમન નક્કી કર્યું. સંપૂર્ણ ગુપ્તતા જાળવી. સાંઈને એની જરા સરખીયે ગંધ આવવા દીધી નહીં.

એ જ સાંજે નૂરજહાં આવી. એ વખતે હું હવેલીના ઓટલે હતો. તેણે આવતાંની સાથે પૂછ્યું, 'સાંઈને કેમ છે ? તબિયતમાં કંઈ સુધારો થયો ?'

'ના … '

'તો ડોક્ટર બદલાવો. ડોક્ટર કુરૈશી પાસે લઈ જાવ. … અને ઉમરકોટમાં મારા ભાઈને મળજો. હું સંદેશો મોકલી આપીશ. તે બધો પ્રબંધ કરી આપશે … '

'હું કોશિશ કરીશ.'

'કોશિશ વળી શું ? … તમે જરૂર મારા ભાઈને મળજો. કલેક્ટરની કચેરીમાં મળશે. એ તમારા ભેગા આવશે, ડોક્ટરને ત્યાં. જરૂર મળજો. સાંઈની તંદુરસ્તીનો સવાલ છે … !'

હું નૂરજહાંને જોતો રહી ગયો. તે એમ બોલી રહી હતી, જાણે કોઈ સ્વજન ! તેના શબ્દોમાં ઔપચારિકતા નહીં, ભારોભાર લાગણી હતી. સાચી હમદર્દી હતી. મનમાં એના માટે માન ઉપજ્યું.

મને એમ પણ થયું કે આ ઓરતને સમજવામાં મેં કદાચ ભૂલ કરી હતી. … એને હું ગમું છું અને એ એક યુવાન વિધવા છે એ એનો કસૂર તો નથી ને ! એ તો વિધિની વિચિત્રતા છે. મનુષ્ય એમાં શું કરી શકે ! … બાકી એ ઓરતમાં કશી ખરાબી હોય એમ મને લાગતું નથી. એ કોઈક અનુચિત મનસૂબો ધરાવતી હોવાની પણ શક્યતા જણાતી નથી.

વળી એ સાંજે સાંઈની તબિયતની ચિંતામાં રડી પડેલાં સુગરામાને એણે જે રીતે આશ્વાસન આપ્યું હતું એવું તો કોઈક સારી સંસ્કારી ઓરત જ કરી શકે. એ સમયે એની આંખો ય ચૂઈ પડી હતી.

આવી ભલી બાઈનું કહ્યું કરવામાં શું વાંધો હતો !

હું સાંઈને ઉમરકોટ લઈ ગયો. તેમને ડોક્ટર કુરૈશીની ડિસ્પેન્સરીમાં બેસાડ્યા. અને પછી જીપ મારી મૂકી કલેક્ટરની કચેરી તરફ. કરીમબક્ષને મળ્યો. હકીકત કહી.

'મને બહેનનો સંદેશો મળ્યો છે. … ચાલો, ક્યાં છે સાંઈ ?'

અમે ડોક્ટર કુરૈશીની ક્લિનીક પર આવ્યા. જોયું તો સાંઈ બાંકડા પર ઢગલો થઈને પડ્યા હતા. મને ફાળ પડી, 'અરે ! સાંઈને શું થઈ ગયું ? હમણાં તો ઠીક હતા. … !

'શું થયું … ?!' કરતો કરીમબક્ષ પણ દોડ્યો. સાંઈને બેઠા કર્યા. અને પછી ડોક્ટરની કેબિનમાં ધુસી જઈ તેમને ખેંચી લાવ્યો.

'જુઓ, ડોક્ટર ! … શું થઈ ગયું છે સાંઈને … ?'

ડોક્ટર કુરૈશી ખાસા અનુભવી અને કાબેલ ડોક્ટર હતા. કરીમબક્ષ સાથે તેમને સારી આત્મીયતા હતી. તેમણે સાંઈની નાડ જોઈ. દિલના ધબકારા જોયા. પેટ તપાસ્યું. અને પછી કહ્યું, 'ખાસ ચિંતા કરવા જેવું નથી. … એમને આરામની જરૂરત છે. … એમ કરો હું ઈંજેક્શન આપું છું. એમને ઊંઘ આવી જશે. કલાક બે કલાક સૂવા દો. અંદરના કમરામાં પથારી છે. … બાદમાં તપાસીને દવા લખી આપીશ.'

'ડોક્ટર, આ આપણા માણસ છે. ખાસ ધ્યાન દઈને ઈલાજ કરવાનો છે.' કરીમબક્ષે કહ્યું.

'કહેવું નહીં પડે. અલ્લાહે ચાહ્યું તો પંદરેક દિવસમાં હરતાફરતા થઈ જશે.'

ડોક્ટરના એ શબ્દો આશ્વાસક હતા. મારો હોસલો વધી ગયો. સુગરામાના ચહેરા ઉપર પણ રોનક આવી ગઈ.

પરંતુ કેટલા દિવસ ?

બહુ જલદી એ રોનક હાથતાળી દઈ ગઈ. ડોક્ટરની ધારણા ઠગારી નીવડી. સાંઈ પંદર દિવસ શું એક માસમાં પણ સાજા થઈ શક્યા નહીં. અશક્તિ વધતી ગઈ. અરુચિ થઈ હોવાથી ખોરાક બરાબર લેવાતો ન હતો. ઊંઘ પણ આવતી ન હતી. અને પછી એકાએક કમળો થઈ ગયો. દેશી ઉપાય કર્યા. પણ ઉપાય સાથે જાણે હોડ બકી હોય એમ કમળો અંકુશમાં આવી શક્યો નહીં. અને પછી જાણે બહુ ઉતાવળ હોય એમ એકાદ માસમાં તો તે સાંઈને જીવનની કેદમાંથી મુક્ત કરાવીને ચાલ્યો ગયો.

સાંઈ ગુલામનબી ચાલ્યા ગયા. અને સુગરામા વિધવા તથા હું વીસ-બાવીસ વર્ષની વયમાં પુનઃ એક વાર નબાપો થઈ ગયો. નિરાધાર થઈ ગયો. પણ મારું આ અનાથપણું 1947 જેવું ન હતું. ત્યારે મેં મારાં માતાપિતા ગુમાવ્યાં હતાં, આંખની સામે, અનેક મુસ્લિમોને કશાયે અપરાધ વિના કતલ કરાતાં જોયાં હતાં, ઈજ્જતદાર ઓરતોનાં અપહરણ ને ઈજ્જત લૂંટાતી જોઈ હતી, ઘરબાર અને જન્મભૂમિ, બધું ય ગુમાવ્યું હતું ! અને હું દરબદર થઈ ગયો હતો. કુમારાવસ્થામાં મારા જીવન પર થયેલો એ એક અસહ્ય પ્રહાર હતો. કલ્પનાતીત ઘા હતો. જ્યારે આ વખતે મેં પિતા સમાન મારા દરિયાદિલ, નેક આશ્રયદાતા ગુમાવ્યા હતા. એક એવા આશ્રયદાતા કે જેની કલ્પના કરવી મુશ્કેલ હતી. અને તેમના જવાથી એક એવો જખમ થયો હતો કે કુમારાવસ્થાના રૂઝાયેલા કરપીણ ઘા પુનઃ દૂઝતા થઈ ગયા હતા. હું હાલી ગયો હતો. જમીનદારી, હવેલી, દોલત વગેરે સર્વ કંઈ હોવા છતાં હવે મારી પાસે જાણે કંઈ પણ ન હોય, તળિયાઝાટક લૂંટાઈ ગયો હોઉં એમ મને લાગી રહ્યું હતું. મારા આશ્રયદાતા ગુલામનબીના ગમમાં અંતર કલ્પાંત કરી રહ્યું હતું.

અને પછી સાંઈનો જનાઝો ઉઠાવવામાં આવ્યો તો હું ચક્કર ખાઈ ગયો ! અશ્રુનો પાર ન હતો. શરીર કંપી રહ્યું હતું. માથે એક ઘેઘૂર શીળી છાયા હતી તે સરી ગઈ હતી અને હું પુનઃ અનિશ્ચિતતાની બળતી ધૂપમાં શેકાવા લાગ્યો હતો.

અને કબ્રસ્તાનમાં સાંઈની મૈયતને કબરમાં ઊતારવામાં આવી અને ત્યાર પછી કબરને માટી વડે ભરવાનો ક્રમ શરૂ થયો ત્યારે તો હું – 'સાંઈ ! ઓ મારા સાંઈ !'ની ચીસ પાડતો પછડાઈ જ ગયો ! જાણે કોઈએ મને કારી ઘા ન કરી દીધો હોય !

લોકો મને ઉપાડીને ઘરે લઈ આવ્યા. પણ મારું સાનભાન તો ત્યાં કબ્રસ્તાનમાં જ રહી ગયું હતું !

મારા દુઃખનો, મારી પીડાનો કોઈ હિસાબ ન હતો. અનાથતાનો આઘાત અસહ્ય હતો. પણ એનાથી વિશેષ સુગરામાના વૈધવ્યનું દુઃખ મને હતું. એક ઓરત માટે તેના પતિના અવસાનથી મોટું દુઃખ બીજું કોઈ હોતું નથી ! પતિ તો પત્નીના શિરનો તાજ કહેવાય. અને તાજ ગયો તો રાજ ગયું !

સુગરામાના દુઃખનો મને અહેસાસ હતો અને એટલે રોટલીયે ભાવતી ન હતી અને પાણીયે સારું લાગતું ન હતું. સુગરામાને જોતો અને મારી આંખો છલકાઈ જતી હતી.

ગમ મને ગુંગળાવી રહ્યો હતો. દુ:ખ કલેજાને કોરી રહ્યું હતું. અને આંખમાં જાણે દવ લાગ્યો હોય એવી અતિ તીવ્ર વેદના હતી !

પરંતુ ક્યાં સુધી ?

દુ:ખનો સાચો ઉપાય સમય લેખાય છે. સમય કારી જખમને પણ ભરી દે છે.

હા, સાંઈના હોવાથી એક હિમ્મત હતી, ધરપત હતી. અને હવે ખાલીપો હતો. પડખે કોઈ ન હતું અને જવાબદારી તમામ હતી. જાણે એક પહાડ !

પણ એ પહાડ ઉપાડ્યા વિના છૂટકો ન હતો. અને હું જાણતો હતો કે 'હિમ્મતે મર્દા - મદદે ખુદા' ! – અલ્લાહ હિમ્મતબાજોની સાથે હોય છે. – માટે પીછેહઠનો સવાલ જ ન હતો.

•

[15]

સાંઈના અવસાન પ્રસંગે નૂરજહાંએ બજાવેલી કામગીરી અને તેણે અમારા ઘરની લીધેલી સંભાળ ખરેખર આશ્ચર્યકારક હતી. જેણે જોયું તેણે વખાણ્યું : 'આને કહે છે ખાનદાની … … !'

એ પ્રસંગે મને હોશ જેવું ન હતું. સાનભાન ગુમાવી બેઠો હતો. રડી રડીને ઢગલો થઈ ગયો હતો. ઘરમાં કોણ આવે છે, શી ચીજની જરૂરત છે, શું કરવું જોઈએ, કોને બોલાવવાં જોઈએ વગેરે સૌ વાતનો ખયાલ નૂરજહાંએ રાખ્યો હતો. જાણે આ ઘર તેનું પોતાનું હોય એ રીતે તે વર્તી હતી. જ્યાં પૈસાની જરૂરત પડી ત્યાં પોતાની પર્સ ખોલતાં અચકાઈ નહોતી.

નૂરજહાં, એ પ્રસંગ પછી પણ આવતીજતી રહી. સુગરામાના આંસુ લૂછતી રહી. અને મને ય થોડું થોડું ટપારતી રહી કે : 'માંદલા શું થઈ ગયા છો ! ઊઠો ! સંભાળો જમીનદારી. … જવાન આદમી છો. ગમને આમ છાતીએ ચાંપીને બેસી રહેવાતું હશે ?'

અસલમાં મારી ગમગીન દશા અને ઉદાસીઓથી સુગરામાને ચિંતા થવા લાગી હતી. … આ છોકરો ક્યાંક હિમ્મત ન હારી બેસે ! … … આથી તેમણે નૂરજહાંને ઈશારો કર્યો હતો કે : 'બખ્તાવરને કંઈક કહે, ધી ! એ તો સાવ બેસી ગયો છે. બોલતોચાલતોયે નથી … !'

સુગરામાનો આ ઈશારો નૂરજહાં માટે પરવાના સમાન હતો. હવે તેણે સંકોચ ઊંચકી મૂક્યો. મુક્ત રીતે હળવામળવા ને વાતચીત કરવા લાગી. તે ક્યારેક વાડીએ પણ આવી ચઢતી. ક્યારેક કોઈક ખાસ કામના બહાને, કામવાળી દ્વારા, મને પોતાની હવેલીએ તેડાવતી. – તેની આ કુનેહભરી ચાલથી હું પુન: બહારમાં આવી ગયો.

સમય જતાં અમારો આ સંબંધ વિકસિત ફૂલોની ડાળ જેવો થઈ ગયો. ધીમી ખુશબૂ પ્રસરવા લાગી. જો કે એ અમારા સુધી મર્યાદિત હતી. અને શાયદ સુગરામાને એ સંબંધ સામે કશો વાંધો ન હતો. તેઓ એમાં નરી નિર્દોષતા જોઈ રહ્યાં હતાં.

પરંતુ આવી બાબતમાં, પેટના બળ્યા, કાગનો વાઘ કરીને, હાનિ પહોંચાડવાનું ચૂકતા નથી, એ ય સાચું.

ત્રણ નાના જમીનદારો હતા. ગેંગલા જેવા. ખાસ તો નૂરજહાંની જમીન ઉપર તેમની દૃષ્ટિ હતી. પરંતુ ચબરાક નૂરજહાંએ એ ગરજવાનોને ઘાણીના બળદ બનાવી દીધા હતા. ચાલે -ચાલે ને ત્યાં જ. એ સિવાય એક પટવારી હતો. ભારે ઉસ્તાદ આદમી. નૂરજહાંને કોઈ પણ ભોગે પોતાના જનાનખાનામાં બેસાડવાનો મનસૂબો બનાવી બેઠો હતો.

પ્રથમ તો તેણે દબાણમાં લઈને મારો કાંટો કાઢી નાખવા માટે પેંતરાબાજી શરૂ કરી. અમારી જમીનો વિશે કેટલાક વાંધા ઊભા કર્યા. આ એક પડકાર હતો અને પડકાર સામે ઝૂકી જવું એ મારો સ્વભાવ ન હતો. મેં ઘણાં કટક જોયાં હતાં.

પટવારીએ ઉઠાવેલા વાંધાની મેં પરવા કરી નહીં. કોઈ જવાબ આપ્યો નહીં.

આથી પટવારી ઊંચોનીચો થયો. સરકારી અમલદારીના કેફમાં તેણે મને આંખો દેખાડી તો મેં ય સામો ઘૂરકાટ કર્યો : 'ખામોશ. ઉછળવાની જરૂરત નથી. … તેં આ ભવાઈ શા માટે માંડી છે એ હું જાણું છું. … આ બધાં ખોટાં ફાંફાં છે. તારી આશા ફળવાની નથી. અને વધારે ઉછળ્યો તો ઉખડી જઈશ, સમજ્યો !'

'નુકસાન થશે,'

'મને નહીં. તને. ક્યાં તો આ પટવારું ય ગુમાવવું પડે. તેં હજી મારા હાથ જોયા નથી. … !'

અમારા જમીનજાગીરના દસ્તાવેજો મુકમ્મિલ હતા. એમાં કોઈ પણ પ્રકારની કસર કે કચાશ નહોતી. એટલે હું હિમ્મતપૂર્વક બોલી રહ્યો હતો. … મારા એ તીખા શબ્દો કામ કરી ગયા. પટવારી થડકી ગયો : 'આ બનાવટી વાંધા ક્યાંક મને ન લઈ ડૂબે !'

પરંતુ તે હતો બડો ચાલાક, ચાલબાજ. મારી સામે ટક્કર લેવાનું ન ફાવ્યું તો તેણે સીધો ઘા નૂરજહાં ઉપર કર્યો. તેને મુઠ્ઠીમાં લેવી હતી ને ! … હજારોના મહેસૂલી લેણાંની નોટિસ મોકલી આપી. વળી કેટલીક જમીન તેની માલિકીની નહીં, બલકે હિજરતી મિલકત હોવાનો વાંધો ઊભો કર્યો. એ વિશેની એક ખાસ નોટિસમાં દર્શાવ્યું હતું કે, 'આ દોઢસો એકર જમીનનો ટૂકડો એક હિન્દુ હિજરતીનો છે, જે 1948માં ભારત ચાલ્યો ગયો હતો. એ જમીન લિલામ કરાશે. તમો એને ખેડી શકતા નથી. અને આજ પર્યંત જે ખેડ કરી છે તેનો, તમારે દંડ ચૂકવવો પડશે. … '

તેને હતું કે, આ નોટિસો મળતાં નૂરજહાં શિયાવિયાં થઈ જશે ને દોડતી મારી પાસે આવશે. અને પછી વિવિધ તરકીબો અજમાવી, ધિરજપૂર્વક હું માછલીને જાળમાં ફસાવી લઈશ.

હા, નૂરજહાંના સ્થાને અગર કોઈક બીજી સ્ત્રી હોત, તો તે કદાચ પટવારીની જાળમાં આવી ગઈ હોત. – પણ નૂરજહાં કંઈક જુદી માટીની બનેલી હતી. વળી તેનો ભાઈ કલેક્ટરની કચેરીમાં બેઠો હતો. સરકારી અમલદાર હતો. અને પટવારીને કદાચ એની જાણ નહોતી.

ગમે એમ, પણ નોટિસો મળતાં નૂરજહાં જો કે ગભરાઈ નહોતી, પણ સટપટાઈ જરૂર હતી. એ સ્વાભાવિક હતું. કેમ કે આ પહેલાં પોતાની જમીનજાગીર વિશે તેણે આવું કશું વિચાર્યું ન હતું. – તેણે જમીનોના દસ્તાવેજો, મહેસૂલ ચૂકવણીની પહોંચો વગેરે તપાસ્યું. બધું બરાબર હોવાની ખાતરી કરી લીધી. અને પછી એ નોટિસો પોતાના ભાઈને દેખાડી.

કરીમબક્ષ એ નોટિસો જોઈ ગયો. જમીનોના દસ્તાવેજો તપાસ્યા. દસ્તાવેજોના એ પલંદામાં મજકુર દોઢસો એકર જમીન વિશેનો ય એક દસ્તાવેજ હતો. કરીમબક્ષ એ વાંચી ગયો. એમાં દર્શાવાયું હતું કે :

– હું છાછરોવાસી વિક્રમસિંહ ઠાકોર, રાજીખુશીથી, મારી દોઢસો એકર જમીન, જેનો સર્વે - નંબર 450 છે અને જે ખાડીના ઉગમણા કાંઠે આવેલી છે - મારા જમીનદાર મિત્ર દિલાવર હુસૈનને ભેટ આપું છું. આજની તારીખથી આ જમીનનો કાયદેસરનો માલિક દિલાવર હુસૈન છે. તે આ જમીનનો તેને યોગ્ય લાગે એ રીતે ઉપયોગ કરી શકે છે.

આ દસ્તાવેજ ઉપર વિક્રમસિંહ ઠાકોર, દિલાવર હુસૈન તથા બે સાક્ષીના દસ્તખત હતા. તેમ જ ઉમરકોટના નોટરી - પબ્લિકના સહીસિક્કા પણ.

વિક્રમસિંહ, 1948માં ભારત હિજરત કરી ગયો એ પહેલાં તેણે પોતાની કેટલીક મિલકત વેચી નાખી હતી. કેટલીક પોતાના ખાસ મિત્રોને સોંપતો ગયો હતો. અને મજકુર દોઢસો એકર જમીન તેણે તેના લંગોટિયા મિત્ર દિલદાર હુસૈનને સુપરત કરી હતી.

નૂરજહાંના ભાઈ કરીમબક્ષે એ દસ્તાવેજ પોતાની થેલીમાં નાખ્યો અને પછી પટવારીના કાન આમળ્યા. કહ્યું, 'તમે આ છેલ્લી નોટિસ પહેલાં કારણદર્શક નોટિસ કાઢી હતી ? … નોટિસ કાઢવાનો તરીકો જાણો છો કે સામે કાગળો પડ્યા છે તો, મંડ્યા ચિતરવા … ?!'

'તમે કોણ છો ? … આટલું બેફામ બોલો છો ?!'

'હું છું કરીમબક્ષ.'

'પણ આ નોટિસ નૂરજહાંના નામે છે. તમને શું લાગેવળગે એનાથી ?'

'હું નૂરજહાંનો ભાઈ છું.'

'હશો. … વકીલ તો નથી ને !'

'અમલદાર છું.'

'શું … ?! શું … શું … ?!'

'અમલદાર. … કલેક્ટર કચેરીનો અમલદાર … !'

'હેં … !!'

પટવારી ધ્રુજી ગયો. પ્રસ્વેદ છૂટી ગયો. – અરે આ તો દોરડાના કટકાના બદલે સાચો સાપ નીકળ્યો ! ક્યાં તો ઘૂંટડો પાણીયે નહીં પીવા દે. – તેણે હાથ જોડતાં કહ્યું, 'ભૂલ થઈ ગઈ, સાહેબ ! માફી ચાહું છું. … બેસો સાહેબ ! ચા મંગાવું. પાન, સિગારેટ … !'

'ના. … આ નોટિસ પાછી ખેંચો. મહેસૂલની નોટિસ પણ સાવ ખોટી છે. … કોઈ મારા જેવો માથા ફરેલો કોર્ટમાં ખેંચી ગયો ને તો પટવારું ય જશે. જરા જોઈ વિચારીને કામ કર્યા કરો … '

પટવારી સીધો થઈ ગયો. નૂરજહાં તો શું તેની હવેલી પ્રતિ નજર નાખવાનું ય ભૂલી ગયો : 'ના રે બાપ ! આમાં ક્યાં તો આપણું પટવારું ય જાય !'

•

[16]

કરીમબક્ષ દર મહિને તેની બહેન નૂરજહાંને ત્યાં આંટોફેરો કરી જતો હતો. તેની આ આવજાથી વિધવા બહેનને હિમ્મત રહેતી અને તેની હિફાઝત પણ થઈ જતી. કોઈ અટકેલું કામ હોય તો તે ય થઈ જતું.

અમે એક બીજાથી પરિચિત હતા. સાંઈ મરહૂમની બીમારી વખતે હું એની પાસે ગયેલો ત્યારથી અમારી ઓળખાણ. અને હવે એની આવજા દરમિયાનની મુલાકાતોમાં મૈત્રી પણ થઈ ગઈ. તે સ્વભાવે ગંભીર હતો. છીછોરી વાતો તેને ગમતી ન હતી. શાંતિ અને સારી રીતભાતનો તે આશિક હતો. તેને શિક્ષિત અને સંસ્કારી માણસો ગમતા. તે ક્યારેક કહેતો પણ ખરો : 'આપણે ઇન્સાન છીએ. અલ્લાહનું શ્રેષ્ઠ સર્જન. આપણી રીતભાત પણ શ્રેષ્ઠ હોવી જોઈએ. ઇન્સાન સુસભ્ય હોવો જોઈએ. નહીંતર ઇન્સાન અને હેવાનમાં ફરક શો રહે છે !'

અમારી મૈત્રી થયા પછી જ્યારે પણ મારું ઉમરકોટ જવાનું થતું ત્યારે હું તેના ઘરે જરૂર જતો. જવું પડતું. ન જાઉં તો નારાજ થાય. … એ જ પ્રમાણે તે જ્યારે છાછરો આવતો ત્યારે અમારા ઘરે જરૂર આવતો. ક્યારેક એકલો, ક્યારેક નૂરજહાં ભેગો. અને અમે તેને જમાડ્યા વિના પાછો જવા દેતા નહીં.

તેનો પોતાનો પરિવાર હતો નહીં. લગ્ન તો એકવાર કર્યાં હતાં. પત્ની એક મોટા જમીનદારની સુપુત્રી હતી. અને તે પત્નીને ખૂબ ચાહતો હતો. પણ તેમનો સાંસારિક સંબંધ ઝાઝો ચાલી શક્યો નહીં. લગ્નનાં થોડાં જ વર્ષોમાં, કોગળિયાના રોગચાળામાં પત્નીનું અવસાન થઈ ગયું. અને ત્યાર પછી કરીમબક્ષે બીજાં લગ્ન કર્યાં નહીં. વડીલો આગ્રહ કરતાં તો તે કહેતો : 'આટલી સારી પત્નીના ગયા પછી હવે બીજાં લગ્ન શું કરવા ! એના જેવી બીજી મળવાનો સંભવ જ નથી.'

ઘરમાં, તે એકલો રહેતો હતો. અને બીજાં હતાં પુસ્તકો. પુસ્તકોથી તેને પુષ્કળ પ્રેમ હતો. તેની માન્યતા હતી કે : 'પુસ્તકો માનવમનને સંસ્કારે છે અને આદમીને ઇન્સાન બનાવે છે.' – – ઘરની સફાઈ તથા રસોઈ એક કેળવાયેલો બબરચી કરી આપતો હતો.

હું એને ત્યાં જતો ત્યારે મને બહુ સારું લાગતું. એ ઘરમાં ઈલ્મી માહોલ હતો અને મારી ગળથૂથીમાં ઈલ્મના સંસ્કારો પડેલા હતા. તેની લાયબ્રેરીમાં હજારેક પુસ્તકો હતાં; સિંધી ઉર્દૂ, અંગ્રેજી.

એક વાર એના દીવાનખાનામાં હું મહાન શાયર મીર તકી મીરનો દીવાન ઉથલાવી રહ્યો હતો.

'મીરને વાંચો છો ?' કરીમબક્ષે કહ્યું.

'પાનાં ઉથલાવું છું.'

'ઉથલાવો. બહુ સારો, બહુ મોટો શાયર છે. શાયરીના શોખીનોએ અને ખાસ કરીને નવા શાયરોએ તો એને વાંચવો જ જોઈએ. ગાલિબને પણ વાંચવો, સમજવો જોઈએ. – શેરની રચનાકળા અને ટેકનિકના એ બન્ને નિષ્ણાત હતા. … ખેર, અત્યારે તમે કયો શેર વાંચી રહ્યા છો ? જરા પઢો તો … …

મેં શેરનું પઠન કર્યું :

'ગુલોં કે પયરહન
હંય ચાક સારે
ખુલા થા ક્યા કહીં
બંદ ઉસ કબા કા !'

– પુષ્પોનાં બધાં પહેરણ લીરા - લીરા થઈ ગયાં છે. પ્રિયતમાના પોષાકનો બંધ ખુલ્લો રહી ગયો હતો કે શું ?

'વાહ ! કેવો ઉમદા શેર છે ! સુંદર, અર્થસભર, રસપ્રચૂર !' કરીમબક્ષે કહ્યું. તે દીવાનખાનામાં આંટા મારી રહ્યો હતો. આગલા દરવાજા સુધી એક આંટો માર્યા પછી ઘડીક ઊભા રહીને શેરનું સૌંદર્ય બયાન કરતાં તેણે ઉમેર્યું, 'આ ગુલોં કે પયરહન એટલે શું એ સમજ્યા ? – એ છે પુષ્પની પાંખડીઓ, જે સર્વ ખીલી ખૂલી ગઈ છે. અને જાણે પહેરણ ફાટી ચાક થઈ ગયાં હોય એવું એક અજબ દૃશ્ય રચાય છે ! અને એના માટે કારણભૂત છે પ્રિયતમાનું અનન્ય સૌંદર્ય ! … '

આટલું કહીને કરીમબક્ષ ઘડીભર મારી સામે એકી ટસે જોતો રહ્યો. પછી પૂછ્યું, 'કંઈ સમજાય છે ?'

'કેમ નહીં ? તું આટલું સ્પષ્ટ રીતે સમજાવે છે પછી કેમ ન સમજાય !'

'અને અગર તું શાદી કરી લે તો, કદાચ વિશેષ સારી રીતે આ અને એવા અન્ય અશઆર તારી સમજમાં આવી શકે. … તું શાદી કેમ નથી કરી લેતો ?'

'શાદી ? આ શાદી ક્યાંથી વચમાં આવી ગઈ ?'

'હા, તારે શાદી કરી લેવી જોઈએ.'

'અશઆર સમજવા માટે શું શાદી કરવી જરૂરી હોય છે ? એ વિના અશાઅર નહીં સમજાય ?!' મેં સીધો સવાલ કર્યો.

અને પછી કરીમબક્ષે વાતને સહેજ અવળસવળ કરતાં કહ્યું, 'જો ભાઈ શાદી કર્યા પછી મરદની બુદ્ધિ થોડી ખીલી જાય છે એમાં શંકા નથી. વળી, તારો કેસ કંઈક એવો છે કે અગર તું શાદી કરે, ઘરમાં પત્ની આવે તો તારી વિધવા માને કંપની મળે. તેમની એકલતા દૂર થઈ શકે.'

'કોની સાથે કરું ?'

'કોઈ શિક્ષિત - સંસ્કારી સ્ત્રી સાથે. સ્ત્રી સમજદાર હોવી જોઈએ. જીવનની સાચી લિજ્જત એવી સ્ત્રીની સંગતમાં માણી શકાય. અને મીર તથા ગાલિબના અશઆર પણ ત્યારે બરાબર, તેમની સૌ બારીકાઈ સહિત સમજમાં આવી શકે !'

કરીમબક્ષની સલાહ ખોટી ન હતી. મારે કોઈક ખાનદાન, શિક્ષિત, સંસ્કારી સ્ત્રી શોધીને પરણી જવું જોઈએ. પત્ની આવે તો ઘરની રોનક વધે. માનું દિલ પણ ખુશ રહે. અને શિક્ષિત હોય તો મારાં કામોમાં મદદગાર પણ થઈ શકે.

અને પછી એક દિવસે વાડીના એકાંતમાં હું એ વિશેના વિચારોની ગઠરી ખોલી બેઠો. કશા નિર્ણય પર પહોંચવાના ઈરાદે.

… મારે પરણી જવું જોઈએ. પણ કોની સાથે ? એવી કેળવાયેલી, કુશળ સ્ત્રી મારે શોધવી ક્યાં ? અહીંના સમાજમાં મારાં કોઈ સંબંધી નથી. અને કોઈ શિક્ષિત શું અશિક્ષિત સ્ત્રી સાથે પણ મારી ઓળખાણ નથી. હા, લઈ દઈને એક નૂરજહાં છે. એ શિક્ષિત છે. સંસ્કારી છે. સમજદાર છે. વળી સુગરામા સાથે એનો સારો મેળ પણ છે.

આમ વિચારોના પંથે હું નૂરજહાં પ્રતિ જઈ રહ્યો હતો ત્યાં મારા મનના એક ખૂણામાંથી એક જૂદો જ સૂર ઊઠ્યો : … 'અરે, પણ એ તો વિધવા છે. એક વિધવાને વહુ બનાવવા માટે શું તારી મા રાજી થશે ? … … ભઈ, તું જમીનદાર છે. જરા એ રીતે તો વિચાર કર … '

મનનો આ સંશય અનુચિત ન હતો. – વિચારતલબ હતો.

પરંતુ હું પોતે એમ માનું છું કે સ્ત્રી વિધવા હોય એથી કંઈ ફરક પડતો નથી. અસલ ચીજ શિક્ષણ, સંસ્કાર, સભ્યતા, સુશીલતા હોય છે. આ ગુણો હોય તો સમજદાર પુરુષો વયને મહત્ત્વ આપતા નથી. રૂપને પણ જોતા નથી. જ્યારે નૂરજહાંમાં તો આ બધા ગુણો હોવા સાથે તે જવાન હતી અને જમીનદાર પણ. રહી માને રાજી કરવાની વાત તો – એ તો કરી લેવાશે. હું રાજી તો મા રાજી ! હું જાણું છું, મા મને નારાજ કરવાનું પસંદ નહીં કરે. અને પછી નૂરજહાં પોતે એટલી બાહોશ છે કે માને એના વિના ચાલશે પણ નહીં !

'શું કરો છો ? … કંઈક અવાજ આવતો હતો ને ! કોની સાથે વાત કરતા હતા ?'

હું ચોંકી ગયો. શાંત જળમાં જાણે પથ્થર પડ્યો !

વાડીમાં હું સાવ એકલો હતો. પક્ષીઓના કલરવ સિવાય ચોમેર શાંતિ હતી. કોઈ હોકારો ય સંભળાતો ન હતો. એવે સમયે એકાએક આ કોણ ?

અવાજ કંઈક ઓળખીતો હતો. અને મેં વિચારોના ઘેરા ધુમ્મસમાંથી બહાર આવીને અવાજની દિશામાં જોયું તો એ નૂરજહાં હતી. હસી રહી હતી. બોલી, 'ચોરી પકડાઈ ગઈ … … !'

'શેની ચોરી ?'

'એકલા એકલા મસલત કરો છો !! … શું કરવા ધાર્યું છે ?! – શાની મસલત હતી ?! – એકલા એકલા ! મસલત માટે તો બીજી વ્યક્તિ પણ જોઈએ … !'

'કોઈ મસલત નહોતી.'

'તમારા મનને પૂછો. જૂઠું શું કામ બોલો છો ?'

'મને જૂઠું બોલવાની આદત નથી.'

'એવું તો ગાલિબે કહ્યું છે !'

'શું કહ્યું છે ગાલિબે ?' મેં એનું પાણી માપવાના આશયે પૂછ્યું.

'કહ્યું છે કે – **કહેતા હું સચ કે, જૂઠ કી આદત નહીં મુઝે !'**

મને ઘણી નવાઈ થઈ. નૂરજહાંએ ગાલિબને પણ વાંચ્યો છે ! દેખીતું છે કે ગાલિબને કોઈ સામાન્ય સ્ત્રી તો વાંચે નહીં. ખાસ કેળવાયેલી હોય એ જ વાંચે. – મને નૂરજહાં સાહિત્યપ્રેમી લાગી. મારી સમક્ષ ઊઘડેલો આ તેનો એક નવો રંગ હતો. અને કદાચ આવા તો ન જાણે કેટલા ય રંગો એણે ગોપવી રાખ્યા હશે !

હું વિચારોમાં ગુમ હતો. તેના ચહેરા સામે જોઈ રહ્યો હતો.

'ખામોશી સારી લાગતી નથી. કંઈક બોલો,'

'શું બોલું ?'

'શું વિચારતા હતા, મનોમન શી મસલત ચાલતી હતી એ કહો. મારે જાણવું છે કે તમે મનના પાંજરે કેવા કેવા વિચારસૂડા પાળી રાખ્યા છે !'

મને હસવું આવી ગયું. અને પછી એમ વિચારીને કે ચાલ યાર, મનમાં છે તે એને કહી જ દઉં – હું જરા ગંભીર થઈ ગયો. નજર એની આંખોમાં પરોવી અને કહ્યું, 'નૂરજહાં, હું તને નૂરી કહું તો ?!'

'શું … ?!' તે આશ્ચર્યથી ઉછળી પડી. 'શું કહ્યું ??!!'

'નૂરી … !'

'ફરી એક વાર કહો !'

'નૂરી !'

અને તે હાસ્યના ફૂવારા વચ્ચે 'દીવાના છો !' કહેતી ચાલતી થઈ ગઈ.

હું તેની લચક, તેના ચપોચપ ઉપડતા કદમ જોઈ રહ્યો. મારા હોઠે મીર તકી મીરની આ પંક્તિ આવી ગઈ :

'અપના મેહબૂબ વુહી હય
જો અદા રખતા હય !'

•

(વધુ હવે પછી)

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

મુઠ્ઠી ભીતરની આઝાદી …

• વિભૂતિ પટેલ

'મુઠ્ઠી ભીતરની આઝાદી - 1942ના આંદોલનકારોનાં સંસ્મરણ ---' : લેખિકા - ડૉ. સેજલ શાહ : પ્રકાશક – સેન્ટર ફોર ગાંધિયન સ્ટડીઝ, મણિબહેન નાણાવટી વિમેન્સ કોલેજ, વલ્લભભાઈ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-400 056 : રૂ. 125

સેજલબહેન શાહ દ્વારા તૈયાર કરાયેલું પુસ્તક, 'મુઠ્ઠી ભીતરની આઝાદી' એક સબળ પ્રકાશન છે. ગાંધી ચીંધ્યા માર્ગે, દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં, જુદાં જુદાં ક્ષેત્રમાં, પોતાના યોગદાન થકી નવો ચીલો ચાતરનાર 15 કર્મઠ વિભૂતિઓની મુલાકાત લઈ, તેમના જીવનમાં ડોકિયું કરવાનો વાચકોને લેખિકાએ અહીં મોકો આપ્યો છે.

સુખ-સાહ્યબીમાં ઉછરેલાં માલતીબહેન ઝવેરી ગાંધીરંગે ઘડાઈને ગૃહઉદ્યોગ – હસ્તકલા - કુટિર ઉદ્યોગ ક્ષેત્રે અનોખું પ્રદાન કરી, કુંભારવાડા - હરિજનવાસમાં પાયારૂપ કામ કરી ચૂક્યાં છે. ગાંધીજી અને કસ્તૂરબા સાથે ખૂબ નજીકથી કામ કરવાને લઈને, તેમને જીવનને રચનાત્મક દિશામાં વાળવાની પ્રેરણા મળેલી. પૂર્ણિમાબહેન પકવાસાનાં જીવનની એક સદી પૂરી થઈ ગઈ છે. આ ગાંધીવાદી કાર્યકરે પોતાની કર્મઠતાથી આદિવાસી શિક્ષણનો અનોખો ઉપક્રમ સાપૂતારાના ગાઢ જંગલોમાં સફળતાપૂર્વક પાર પાડ્યો છે. ઋતંભરા વિશ્વવિદ્યાપીઠના સ્થાપક પૂર્ણિમાબહેનને પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને હસ્તે પદ્મભૂષણનો ખિતાબ આપવામાં આવ્યો હતો.

ગાંધીજીના માનસપુત્રી વીણાબહેન ગુપ્તાએ નાનપણથી રાષ્ટ્રપ્રેમનાં અમૃતનું પાન કર્યું હતું. કસ્તૂરબા નિધિના ઘડવૈયાં અને દેશના ભાગલા વખતે બેસહારા, અનાથ, પરિત્યક્તાઓ અને વિધવાઓને તાલીમ આપી પગભર કરવા માટે, તેઓ લગ્ન પછી પણ પોતાના કુટુંબથી હજારો માઈલ દૂર રહેલાં. દેશની સરહદ પર નિરાશ્રિતોની છાવણીમાં કામ કરતાં.

પ્રભાકર કુંતે, જેઓએ શહેરી વિકાસ મંત્રી બન્યા પછી પણ ભાડાના મકાનમાં રહેવાનું ચાલુ રાખ્યું, ખૂબ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવે છે. પોતે ગાંધીજીને પોતાના હીરો માને છે. ગાંધીવાદી મૂલ્યો અને સમાજવાદી વિચારસરણીનો સુભગ સમન્વય કરી, સમાજપરિવર્તનની દિશામાં આગળ વધનાર તબીબ શાંતિ પટેલ આજે 90 વર્ષના છે. પોતાનું જીવન શ્રમજીવીવર્ગની સમસ્યાઓ સુલઝાવવામાં ગાળનાર શાંતિભાઈ કહે છે, 'સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિષમતા જ્યારે આપણા સમાજમાંથી દૂર થશે, ત્યારે જ આપણે ગાંધીજીને સાચી અંજલિ આપી શકીશું.'

ગાંધીજીની અંતિમ ક્ષણોના સાક્ષી, સરલાબહેન મહેતાએ ખાદીગ્રામોદ્યોગને સબળ બનાવી, એનો વ્યાપ વધારવામાં પોતાના પ્રયત્નો આગળ ધપાવ્યાં. ગાંધીજીના કુટુંબીજનનું બિરૂદ હાંસલ કરનાર હિમ્મતભાઈ ગોડા અને ઈન્દિરાબહેન ગોડાએ બુનિયાદી તાલીમને વરેલી સંસ્થા 'લોકભારતી'ની પૈદાઈશ હોવાના નાતે, આજીવન ગ્રામ વિકાસના ક્ષેત્રે ઝંપલાવ્યું. ચંદ્રકાંત દલાલ 1942ના 'હિંદ છોડો' આંદોલનમાં જેલમાં ગયા અને દામુ ઝવેરી સાથે મળી INT નામક નાટ્ય સંસ્થા સ્થાપી.

જી. જી. પરીખ આજે 90 વર્ષની ઉંમરે પણ સમાજવાદી ચળવળમાં સક્રિય રીતે કામ કરી રહ્યા છે. ખાદી માતાના નામે જાણીતાં મણિબહેન નાણાવટીનાં દીકરી અરુણાબહેન પુરોહિતને તો ગળથૂથીમાંથી જ રાષ્ટ્રપ્રેમ મળેલો. 1942માં કારાવાસના સમયે અરુણાબહેનની ઉંમર ફક્ત 15 વર્ષની હતી. પોતાના આયખાને ગાંધીવિચાર અને ગાંધી સાહિત્યના પ્રચાર માટે ન્યોછાવર કરનાર, યુવા પેઢીમાં સુપ્રસિદ્ધ 'કાકા'ના હુલામણા નામે જાણીતા તુલસીદાસ રાધાબેન કાનજી સોમૈયા આજે જીવનના 74 વર્ષે પણ, યુવાનોને શરમાવે એટલા જોશ અને ધગશ સાથે, મુંબઈ સર્વોદય મંડળ થકી શિબિરો, કાર્યશાળાઓ, રેલીઓ, શાંતિયાત્રા અને વાર્તાલાપ યોજી ગાંધીવિચારને યુવાપેઢી સુધી પહોંચાડે છે.

સેજલબહેને ઉપરોક્ત મહાનુભાવોનાં આચાર-વિચાર, રહેણી-કરણી, જીવન અને કવનનો ચીતાર વાંચકો સામે રજૂ કરી, દીવાદાંડી પૂરી પાડી છે. આ પુસ્તકની કિંમત છે રૂા. 125/- અને એને ખરીદવા માટે મણિબહેન નાણાવટી કોલેજ, વિલેપાર્લે, મુંબઈનો સંપર્ક કરવો.

પટેલલાડુ

• નીરવ પટેલ

હળવદનો બામણિયા લાડુ તો નરી લાડુડી --
પટેલ પાવરનો વાવટો ફરકાવતો
ઊંચે ઊંચે આકાશને આંબે એવો
પટેલલાડુ તો સાચ્ચે જ બન્યો ગિનેસ બુકમાં ગોઠવાય એવો !

દેશવિદેશના પટેલગાડાં
જાણે એકસામટાં ખાબક્યાં પટેલખળામાં.
ઘી-સાકર ને મેવાથી લચપચ
મહામહામહા લાડુનાં દર્શન કરીને
મોદીજીના પાંચ કરોડ ગુજરાતીઓ
ને તોગડિયાજીના ૮૫ કરોડ હિન્દુઓના મોંમાં પાણી આવી ગયાં :
આખી દુનિયાનો અન્નદાતા
ને સારાયે જગતનો તાત --
એનો લાડુ સૌને પૂગે એવો,
ખાધે ખૂટે નહિ એવો જ હોય ને !

સૌને સંભારી સંભારી
પટેલલાડુની પ્રસાદીના પડિયા
ને પતરાળી વહેંચાવા માંડ્યા :
આ લંડનના લેઉઆ પટેલને ત્યાં,
આ કેનેડાના કડવા પટેલને ત્યાં ,
આ આફ્રિકાના આંજણા પટેલને ત્યાં,
આ આંતરસુંબાના અમીન પટેલને ત્યાં,
આ કાળીગામના કણબી પટેલને ત્યાં,
આ કરમસદના કાછિયા પટેલને ત્યાં,
આ કેસરડીના કોળી પટેલને ત્યાં ...

આ કોંગ્રેસના કેશુભાઈ પટેલને ત્યાં,
આ બીજેપીના નરહરિભાઈ અમીનને ત્યાં. ...

આ દુધિયા ડેરીના માલિક દેસાઈપટેલને ત્યાં
આ બગસરા જ્વેલર્સનાં માલિક સોનીપટેલને ત્યાં,
આ ગાંધીનગરના જ્યોતિષી ભીખાભાઈ જોશીપટેલને ત્યાં,
આ સફાઈ વિદ્યાલયના પ્રિન્સિપાલ ઈશ્વરભાઈ પાયખાનાપટેલને ત્યાં,

આ બરોડાના બિલ્ડર મણિભાઈ માફિયાપટેલને ત્યાં,
આ વીસનગર બેન્કના ભોળીદાસ પટેલને ત્યાં,
આ 'પટેલ પોલ્ટ્રીફાર્મ'વાળા પ્રવીણભાઈ પટેલને ત્યાં ,
આ 'નિર્દોષ' બીડીવાળા પરભુદાસ પટેલને ત્યાં,
આ કિડનીના વેપારી ડૉ. કરસનભાઈ પટેલને ત્યાં,
આ સ્વામિનારાયણ સીડીના ડાયરેક્ટર સત્સંગીભાઈ પટેલને ત્યાં ...

સૌ મોં વકાસીને જોતાં રહ્યાં
ને પટેલલાડુ તો ૩૫ લાખ કુટુંબની પટેલ બિરાદરીમાં વહેંચાઈ ગયો !

માંહોમાંહેં સૌ ગણગણવા માંડ્યાં :
પટેલ તો અમે ય છીએ, અમે કેમ નાતબહાર ?
હું ય પટેલ ભાયડો છું,
ભરૂચનો અહમદ ભીખાજી પટેલ
હું ય પટેલ છું,
સંજાણનો સોરાબજી બરજોરજી પટેલ
હું ય પટેલ છું,
આણંદ ઓર્થોડોક્સ ચર્ચનો પાદરી
રેવરંડ ફાધર સિલાસ જ્યોર્જ પટેલિયા
હું ય પટેલ છું,
વ્યારાનો તમારો વેવાઈ ઓતમભાઈ આદિવાસી વસવાપટેલ
હું ય પટેલ છું,
દસકોશી રોહિત સમાજના જ્ઞાતિપટેલનો દીકરો નીરવ પટેલ
હું ય પટેલ છું,
ઉમીયામાતાના આંગણાને અજવાળનાર વાલ્મિકીપટેલ
હું ય પટેલ છું,
પન્નાલાલ પટેલના માનસપુત્ર કાનજીની પ્રિયતમા જીવીની કૂખે
જન્મેલું અનૌરસ સંતાન

હું ય પટેલ છું,
મુખી કે મતાદાર ના હોવા છતાં
તમારી જેમ ગામ આખાની લુખ્ખી પટલાઈ કરું છું ...

હું ય પટેલ છું,
એક વખતનો તારો શેઢાપાડોશી પાટીદાર -
મારી ય વીસ વીઘા પાટ હતી
જે વાણિયાના ચોપડે ડૂબી ગઈ !
તને યાદ છે
મારી જેમ તારા ઘરનું પાણી ય
ભરામણ વાણિયા પિતા તે દી ?
તને યાદ છે,
મારી વળગણીએ સૂકવેલી વલૂરીઓ ખાઈને
આપણે છપ્પનિયો કાળ કાઢેલો ?
તને યાદ છે,
તારો ધોળિયો ધોરી
ને મારો કાળિયો ધોરી
ને આપણી બાપદાદા વખતની સૂંઢલ ?

આદમબાબાની ઓલાદ આપણ સૌ,
આખી પૃથ્વીના પાટીદાર આપણ સૌ.
તને યાદ છે
ત્યારે તો આ પૃથ્વીને કશા આટાપાટા જ નહોતા ?

તારી નાત આટલી નાની ના કર પટેલિયા,
તારી જાત આટલી ઝીણી ના કર પટેલિયા
મૂઠી ધાન માગી જા ઘરદીઠ
પટેલ લાડુ બનાવ મોટ્ટો મોટ્ટો
માણસ દીઠ પ્રસાદી પહોંચે તેવડો
પૃથ્વીના ગોળા જેવડો મોટ્ટો મોટ્ટો ...

સમસ્ત પાટીદાર સમાજ દ્વારા યોજાનાર મહાલાડુ પ્રસાદ કાર્યક્રમના સમાચારથી સ્ફુરેલ

સૌજન્ય : ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત 'બહિષ્કૃત ફૂલો', પાન 81-84; પ્રથમ આવૃત્તિ - 2005

સાઠ વરસ પહેલાં હું સમજતો હતો કે હું સર્વજ્ઞ છું. આજે સમજાય છે કે હું કશું નથી જાણતો. આપણા જ્ઞાનની અલ્પતાનો ક્રમેક્રમે ખ્યાલ આપે એનું નામ કેળવણી.

– વિલ ડુરાં

ગાંધીની ગાથા ગાંધીની જુબાની

• ચંદ્રેશ ગાંધી

[પ્રપૌત્ર વીરચંદ રાઘવજી ગાંધી]

ગુજરાત આજે 'ગરવી ગુજરાત' તરીકે પ્રસિદ્ધ છે. તેમાં સૌરાષ્ટ્ર, અને સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લો, જે (ગોહિલવાડ) કાઠિયાવાડ તરીકે પણ પ્રસિદ્ધ છે. ભાવનગર શહેરથી આશરે 100 કિ.મિ. દૂર સંતો મહાત્મા તથા વીરપુરુષોની જન્મભૂમિ મહુવા (મધુમતી નગરી) જેને લોકો 'સૌરાષ્ટ્રનું કાશ્મીર' તરીકે પણ જાણે છે. તેમાં નગર શેઠ રાઘવજીભાઈ તેજપાલ ગાંધી સપરિવાર રહે. રાઘવજીભાઈ પોતે બાર-વ્રતધારી શ્રાવક હતા. તેમનો હીરા ઝવેરાતનો ધંધો. સચ્ચાઈ ભારોભાર.

બાર-વ્રતધારી સુશ્રાવક નગરશેઠ રાઘવજીભાઈને એક દિવસ લગભગ સવારે 4 વાગ્યાનાં અરસામાં, શાસનદેવી પદ્માવતીદેવી સ્વપ્નાંમાં આવ્યાં. અને તેણે રાઘવજીભાઈને કહ્યું, 'હે પુણ્યવાન શ્રાવક, તારા ઘરની ઊગમણી દિશાનાં ખૂણે, એક પ્રતિમા દટાયેલી છે. તેને બહાર કાઢી, તેને યોગ્ય સ્થળે સ્થાપિત કરજે. પછી તારે ત્યાં કુળને ઉજાળનારા, જૈન શાસનનું નામ રોશન કરનારા, તેજસ્વી બાળકનું તારે ત્યાં પારણું બંધાશે.' આટલું કહી, શાસનદેવી અલોપ થઈ ગયાં. ત્યાં રાઘવભાઈ અચાનક જાગી ગયા. તેને જે સપનું આવ્યું તે બાબત તેણે તેની માતાને વાત કરી, ને કહ્યું કે મને જે સપનું આવ્યું તે પ્રમાણે મારે નીચે તે જગ્યા ખોદાવીને જોવરાવવું છે. એટલે માતાએ તેને રજા આપી. તે જ દિવસે રાઘવજીભાઈએ શુભ મુહુર્ત જોવરાવી, ખોદકામનો શુભારંભ કરાવ્યો. તે સમયે કારીગરોને ખાસ સૂચના આપી કે સંભાળીને ધીરે ધીરે કાર્ય કરજો. થોડું ખોદકામ કર્યું ત્યાં ખોદકામ કરતા માણસોને કાંઈક પથ્થર જેવો કડક પદાર્થ લાગ્યો. તરત જ તેમણે રાઘવજીભાઈને જાણ કરી. તરત રાઘવજીભાઈએ બરાબર જોયું તો ત્યાં કાંઈ પ્રતિમા જેવું લાગ્યુ.' તરત જ તેણે ખોદકામ બંધ કરાવ્યું. પોતે હાથેથી તેની ઉપરની અને આસપાસની માટી ધીમેધીમે દૂર કરી. ત્યાંથી મહા ચમત્કારી વિઘ્નહર જિનેશ્વર ભગવંત પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અખંડ નીકળી. તે જોઈ સૌ પરિવારનાં આનંદનો કોઈ પાર ન રહ્યો. તે સમયે તેને જગ્યાએ સ્થાપિત કરી. પછી શુભ દિવસ જોઈને તેમના નિવાસ સ્થાનની બાજુમાં 24મા તિર્થંકર ભગવાન મહાવીર સ્વામી(જીવીત સ્વામી)નું ભવ્ય જિનાલય છે, તેમાં તે પ્રતિમાની ખૂબ જ ધામધૂમપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા કરાવી, ત્યાં સ્થાપિત કરી. આજે પણ તે પ્રતિમા તે જિનાલયમાં વિદ્યમાન છે. મહત્ત્વની વાત એ છે કે ફક્ત તે જ પ્રતિમાનાં ખંધ ઉપર બન્ને બાજુ ફેણ છે.

શિકાગો ખાતે 1893ની ધર્મસંસદ માંહે, વિધવિધ પ્રતિનિધિઓ વચ્ચે : ડાબેથી, જૈન વિદ્વાન વીરચંદ રાઘવજી ગાંધી, તત્કાલીન લંકાનિવાસી બૌદ્ધ આગેવાન અનગારિક હેવિવીર્તણે ધરમપાલજી તેમ જ સ્વામી વિવેકાનંદ. ચેન્નાઈના નરસિંહાચાર્ય તથા લાહોરના જાણીતા વકીલ લક્ષ્મીનારાયણ પણ આ સભામાં હાજર રહેલા.

ત્યાર બાદ થોડા જ દિવસોમાં, રાઘવજીને ઘરે 25 ઓગષ્ટ, 1864ના શુભ દિવસે, માનબાઈની કુખે, તેજસ્વી બાળકનો જન્મ થયો. પછી તે બાળકનું નામ પાડવા માટે અલગ અલગ મત લીધા અંતે વીરપ્રભુનું ભવ્ય જિનાલય ઘરની બાજુમાં, ચાલીને ફક્ત એક જ મિનિટના અંતરે છે, તેની છાયામાં બાળકનો જન્મ થયો છે, તેટલે બાળકનું નામ વીરચંદ પાડવાનું નક્કી કર્યું. તે પ્રમાણે બાળકનું નામ વીરચંદ પાડ્યું. બાળક જેમ જેમ મોટું થવા લાગ્યું, તેમ તેમ ધાર્મિક જ્ઞાન બાળકને મળે તે હેતુથી માતાપિતા તેને પાઠશાળા મોકલતાં, વ્યાખ્યાનમાં તેને સાથે લઈ જતાં. સામાયિક પ્રતિક્રમણ કરતા પણ બાળક શીખી ગયો. બાળકને સામાજિક, વ્યવહારિક જ્ઞાન મળે તે હેતુથી તેને પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે દાખલ કરવામાં આવ્યો. બાળકની જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા, ધગશ અને સખત મહેનતથી ચારેય ધોરણ સારા માર્ક સાથે પહેલા નંબરે ઉત્તીર્ણ થતાં, મહુવામાં વધુ અભ્યાસ માટે કોઈ સ્કૂલ હતી નહિ, તેથી વીરચંદને વધુ અભ્યાસ મળે તે માટે, મહુવાના હેડ માસ્તરની ભલામણ ચિઠ્ઠી લઈ, સહકુટુંબ ભાવનગર આવ્યા. ત્યાં વીરચંદને ભાવનગરની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં દાખલ કર્યા અને તે 16 વર્ષની નાની વયે સમગ્ર ગોહિલવાડ જિલ્લામાં પ્રથમ આવ્યા અને તેણે સર જશવંતસિંહજી સ્કોલરશીપ મેળવી.

રાઘવજીભાઈ આટલે અટક્યા નહોતા. તે પોતાના બાળકને વધુમાં વધુ શિક્ષણ અપાવી સ્નાતક જોવા ઇચ્છતા હતા. દૂરંદેશી વિચાર ધરાવતા અને પોતે સમયની માંગ પ્રમાણે અને પોતાના વ્યવસાયની પણ ચિંતા કર્યા વિના સહકુટુંબ સાથે મુંબઈ આવ્યા. ત્યાં વીરચંદને એલફિન્સ્ટન કોલેજમાં દાખલ કર્યા. ત્યાં તે ફર્સ્ટ કલાસ ફર્સ્ટ નંબરે પાસ થયા. અને બી.એ.ની ડિગ્રી મેળવી. પુત્ર યુવાન થયો તેથી મા-બાપે તેના લગ્ન વિષે વિચાર કર્યો અને થોડા જ સમયમાં તેના લગ્ન સંસ્કારી ખાનદાન કુટુંબની દીકરી જીવીબહેન સાથે નક્કી થયા. અને તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. ત્યાંથી તેના ગૃહસ્થ જીવનની શરૂઆત થઈ. વીરચંદભાઈ તેના સોલિસીટરના અભ્યાસકાળ દરમ્યાન, ગાંધીજી(મોહનદાસ કરમચંદ ગાંધી)ના સંપર્કમાં આવ્યા. ગાંધીજીને ક્યારેક કોઈ કામનો ઉકેલ ન મળે, તો વીરચંદભાઈની સલાહ લેતા. તેમાંથી બન્ને વચ્ચે ગાઢ સંબંધ બંધાઈ ગયો. આહાર શુદ્ધિનાં પ્રયોગો બન્ને સાથે મળી વીરચંદભાઈને ઘરે કરતા. (Reference : Story of My Experiments With Trust) તે સમય દરમ્યાન મુંબઈ જૈન સંઘની મિટિંગ મળી. તેના પદ માટે તેમનું નામ નક્કી કર્યું. આમ તેઓ જૈન સમાજના પહેલા સ્નાતક થયા. તેઓ 14 ભાષાનાં જાણકાર હતા અને દરેક ધર્મનાં ગ્રંથનું ઊંડું જ્ઞાન હતું.

હજી તો પ્રમુખ થયા, ત્યાં આણંદજી કલ્યાણજી પેઢીમાંથી પત્ર આવ્યો. પાલીતાણામાં શત્રુંજય તીર્થ ઉપર લેવાતો મુંડકાવેરો દૂર કરવા બાબતનો પત્ર મળતાં જ વીરચંદભાઈ તે કામે લાગી ગયા. તેઓ કાયમ આણંદજી કલ્યાણજીની પેઢીના સંપર્કમાં રહેતા અને બધી માહિતી એકત્ર કરવા રોજ રાત્રે મહુવાથી પાલીતાણા પોતાની ઘોડી ઉપર બેસી, ડોસાનો વેશ ધારણ કરી, (વેશ પલ્ટો) આવજા કરતા. તેની પાછળનું કારણ એ હતું કે ત્યાંના ઠાકોર સુરજીતસિંહને ખબર પડી કે શેત્રુંજય તીર્થ ઉપર આવતા જતા યાત્રાળુઓ ઉપર લેવાતો કર દૂર કરાવવાની કાર્યવાહી એક ગાંધી કરી રહ્યા છે, તેથી તેને વીરચંદ ગાંધીને જો કોઈ વ્યક્તિ જીવતો કે મરેલો મારી સમક્ષ હાજર કરશે, તેને રૂ 50,000/-નું ઇનામ આપવામાં આવશે. તેની જાણ વીરચંદભાઈને



હોવાથી તે વેશ પલ્ટો કરી પાલીતાણા જતા.

ઠાકોરની જાહેરાતથી ડરીને, હાથ જોડીને, બેસી રહે તો વીરચંદભાઈ શાના? તેણે ત્યારના જજ સાહેબને મળી, સચોટ રજૂઆત કરી કે અમારા પવિત્ર શેત્રુંજય તીર્થની યાત્રાએ આવતા યાત્રાળુઓ પાસેથી, પાલીતાણાના ઠાકોર મુંડકાવેરો ઉઘરાવે છે, તેથી દરેક શ્રદ્ધાળુ યાત્રાળુનું મન દુ:ભાય છે, વગેરે અનેક રજૂઆતો બાદ, જજ સાહેબે ઠાકોરની ધરપકડ કરવાનો આદેશ આપ્યો. આદેશાનુસાર ઠાકોરને હાથમાં હાથકડી પહેરાવી, બજારમાંથી લઈ જતા હતા, તે સમયે, વીરચંદભાઈ ત્યાંથી નીકળ્યા. ઠાકોરને આ રીતે કોર્ટના માણસો લઈ જતા જોયા, એટલે તેમણે ઊભા રાખ્યા, અને કહ્યું કે ઠાકોર સાહેબને છોડી દો. આ તો અમારા રાજા છે. તેને આ રીતે ન લઈ જશો, વગેરે વાત કોર્ટનાં માણસોને કરી. ત્યારે તેને છોડી મૂક્યા. તે સમય ઠાકોરને થયું કે જે માણસ માટે 50,000નું ઈનામ જાહેર કર્યું હતું તે જ માણસ મને છોડાવી રહ્યો છે. તેથી તેને વીરચંદભાઈ પ્રત્યે માન થયું. એણે વીરચંદભાઈ સાથે સમાધાનની ફોર્મ્યુલા નક્કી કરવા અને પેઢી સાથે વાત કરવાનું નક્કી કર્યું. આ પેઢી તરફથી એવું નક્કી થયું કે ઠાકોરને દર વર્ષે રૂ. 10,000 આપવાના અને ઠાકોરે મુંડકાવેરો લેવાનો નહીં. આ પ્રમાણે નક્કી કરી, મુંડકાવેરો વીરચંદભાઈએ દૂર કરાવ્યો.

હજુ આ કામ પુરું થયું નહીં, તેની સાહી સુકાઈ નથી, ત્યાં વીરચંદભાઈ માથે, સમેતશિખરનાં ક્ષેત્ર પાસે, બેડમ નામના અંગ્રેજે શરૂ કરેલા ડુક્કરની ચરબીના કારખાનાં બંધ કરાવવાનો પત્ર આવ્યો. આણંદજી કલ્યાણજીની પેઢીએ આ કેસ કરેલો. તેમાં તે બે વખત હારી ગયેલા. તેથી આ કામ વીરચંદભાઈને સોપવામાં આવ્યું. તરત જ તેણે તામ્રપત્રો, દસ્તાવેજ વગેરેનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. અને પછી કલકત્તાની હાઈકોર્ટમાં કેસ રીઓપન કરાવ્યો. તે પેલા છ માસ કલકત્તા રહી, બંગાળી ભાષા શીખ્યા (કારણ કે ત્યાંનાં બધા દસ્તાવેજો બંગાળી ભાષામાં હતા). કોર્ટમાં તેણે જોરદાર રજૂઆતો કરી, પુરાવા રજૂ કર્યા અને આ સમેતશિખરનું તીર્થ જૈનોનું છે તેવું સાબીત કરી, ચુકાદો પોતાની તરફેણમાં લાવ્યા. તેથી તાત્કાલિક અસરથી, પવિત્ર તીર્થ સમેતશિખર ક્ષેત્ર પાસે ચાલતાં ડુક્કરની ચરબીનાં કારખાનાં બંધ કરાવ્યાં. આ વિજય બાદ, સમગ્ર જૈન સમાજમાં આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાઈ ગઈ. તેમણે આમ બીજુ યશસ્વી કાર્ય કર્યું.

ત્યારબાદ, 1893માં અમેરિકાના શિકાગો શહેરમાં, વિશ્વધર્મ પરિષદનું આયોજન કરવામાં આવ્યું. તેમાં વિવિધ ધર્મનાં પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું. તેમાં જૈન ધર્મનાં પ્રતિનીધિ તરીકે પંજાબ કેસરી આત્મારામજી મહારાજ સાહેબને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ સાધુ જીવનની મર્યાદાને લીધે, તેઓ તે પરિષદમાં ભાગ લઈ શકે તેમ નહોતા. છતાં પરિષદની વિનંતી હોવાથી ખૂબ જ આગ્રહ હોવાથી, ગુરુદેવે જૈન ધર્મના પ્રતિનીધિ મોકલશું, તેમ પરિષદને જણાવ્યું. વીરચંદભાઈ તો રોજ નિયમ મુજબ ગુરુદેવને વંદન કરવા જતા. તેવામાં એક દિવસ ગુરુમહારાજે વીરચંદભાઈને વિશ્વધર્મ પરિષદમાં, જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે જવાનું કહ્યું. પછી ગુરુદેવે વીરચંદભાઈને છ મહિના પોતાની પાસે રાખી, તલસ્પર્શી જ્ઞાન આપ્યું અને પરિષદ વિષે નિબંધ તૈયાર કર્યો. બાદ, ગુરુદેવની આજ્ઞાનુસાર વીરચંદભાઈએ અમેરિકા જવાની તૈયારી કરી, ત્યારે તેની ઉંમર માત્ર 29 વર્ષની હતી. શુભ દિવસે વીરચંદભાઈ 'આસામ' નામની સ્ટીમરમાં અમેરિકા જવા રવાના થયા. તેમણે મહુવાના પ્રખ્યાત જાદુગર નથુ મંછાને તેના રસોઇયા તરીકે સાથે લીધા. તે સમયે અમેરિકા જનાર કદાચ વીરચંદજી પહેલા ગુજરાતી હતા.

અમેરિકાની શિકાગો પાર્લામેન્ટમાં સાથે વિવેકાનંદ, પી. સી. મજુમદાર વગેરે હતા. જ્યારે પરિષદમાં તેમને બોલવાનો વારો આવ્યો, ત્યારે પ્રથમ પોતાના ગુરુદેવને સ્મરણ કર્યા પછી, ત્યાંની પરિષદનો ભારત સમસ્ત જૈન સંઘ વતી આમંત્રણ આપવા બદલ આભાર માન્યો. આ પરિષદમાં દરેકને ફક્ત 10 મિનિટ જ બોલવાનો સમય આપવામાં આવ્યો હતો. આ પરિષદ 19 દિવસ ચાલી. એક દિવસ ત્યાંના ઈસાઈ પાદરી રેવરંડ પેન્ટાકોસ્ટે ભારતીય સંસ્કૃતિ વિશે તથા હિંદુ ધર્મ વિશે ટીકા કરી, ત્યારે ત્યાં હાજર વીરચંદભાઈનું લોહી ઉકળી ઉઠ્યું. અને તેનો યોગ્ય પ્રત્યુત્તર આપવો જરૂરી સમજી, તેમનો જ્યારે વારો આવ્યો, ત્યારે તેનો જડબાતોડ જવાબ આપ્યો. હિંદુ ધર્મનો તથા ભારતીય સંસ્કૃતિનો બચાવ કર્યો. ત્યાંના લોકોને ભારતની સંસ્કૃતિનો અને ભારતનાં લોકો વિશેનો જે ભ્રમ હતો તે ભાંગી ગયો. અમેરિકાનાં ખૂણે ખૂણે ફરી વળ્યા. કુલ 535 પ્રવચનો આપ્યા. તેમના એક પ્રવચનમાં જ્યારે ઈસાઈઓને કહ્યું કે મારી એક વાતનો યોગ્ય લાગે તો જવાબ આપશો, નહિ તો હું માફી માંગીશ. તેમ કહી તેને કહ્યું જ્યારે કોઈ પશુ જનાવર મૃત્યુ પામે, તો તેને શું કરવામાં આવશે અથવા માણસ મૃત્યુ પામે તો તેને શું કરવામાં આવે. ત્યારે ત્યાં બેઠેલામાંથી એકે કહ્યું કે પશુ કે જનાવર મરે તો તેને દાટી દેવામાં અને માણસ મૃત્યુ પામે તો હિંદુ ધર્મ અગ્નિસંસ્કાર આપવામાં આવે છે. અને મુસલમાનને કબ્રસ્તાનમાં દફનાવવામાં આવે છે. ત્યારે વીરચંદભાઈએ કહ્યું કે તો પછી તમે જે માંસાહાર કરો છો તો શું તમારા પેટને તમે કબ્રસ્તાન બનાવવા માંગો છો ? જો તમે ઈચ્છતા હો તો અવશ્ય માંસાહાર કરો. આ સાંભળી ત્યાં બેઠેલા ઈસાઈભાઈઓએ ઊભા થઈ તેની સામે પાણી મુક્યું કે આજથી અમે માંસાહાર નહીં કરીએ, આજથી માંસાહારનો ત્યાગ. આ રીતે તેણે માંસાહારનો ત્યાગ કરાવ્યો.

પછી તે બેરિસ્ટરનો અભ્યાસ કરવા માટે તેમની ધર્મપત્ની જીવીબહેન સાથે લંડન ગયા. ત્યાં તેમનાં ઘરે જીવીબહેનની કુખે બાળકનો જન્મ થયો. તેનું નામ મોહન પાડવામાં આવ્યું. તેનામાં નામ તેવા જ ગુણ હતા. તેના પિતા વીરચંદભાઈ જ્યાં જતા, ત્યાં તેમના પુત્ર મોહનને સાથે લઈ જતા. એક સમારંભમાં વીરચંદભાઈને જવાનું થયું, ત્યાં પણ તેને સાથે લઈ ગયા. ત્યાં તેમના 7 વર્ષનાં પુત્ર મોહને અંગ્રેજીમાં પ્રવચન આપ્યું, તેનાથી ત્યાં હાજર દરેક આ નાના બાળકને અંગ્રેજી ભાષામાં પ્રવચન આપતો જોઈ ખૂબ પ્રભાવિત થયા.

જ્યારે તેઓ ત્યાં હતા, ત્યારે તેને સમાચાર મળ્યા કે ભારતમાં દુષ્કાળ પડ્યો છે. તરત જ તેમણે અમેરિકામાં 'દુષ્કાળ રાહત સમિતિની' સ્થાપના કરી. વીરચંદભાઈની વિનંતીથી ત્યાનાં લોકોએ, તેની ઝોળી છલકાવી દીધી. અને વીરચંદભાઈએ અમેરિકાથી ભારતના દરેક ભાગમાં ચાલીસ હજાર રૂપિયા રોકડા અને સ્ટીમર ભરી અનાજ રવાના કર્યું. અમેરિકામાં બેઠાં-બેઠાં પણ દેશસેવા ભૂલ્યા નહોતા. તેમનું શરીર તેમને સાથ આપતું ન હોઈ તેઓ બિમાર પડ્યા. સ્વદેશ પરત થઈ મુંબઈ આવ્યા. ત્યાં તેમણે 7 ઓગષ્ટ 1901ના રોજ અંતિમ શ્વાસ લીધા. ત્યારે હાજર તેમના દીકરા મોહનભાઈ તથા ધર્મપત્ની જીવીબહેનને અંતિમ શબ્દો કીધા કે મારા મૃત્યુ પાછળ રડવું નહીં. મને જમીન ઉપર ઉતારવો નહીં. તથા મરણ પાછળ ખોટો ખર્ચ કરવો નહીં.

તરત જ તેમનો દેહ વિલય થયો એટલે જ આવી મહાન વિભૂતિ માટે કહેવામાં આવે છે કે ... 'કુછ લોગ ઈતિહાસ પઢતે હૈ, કુછ લોગ ઈતિહાસ લીખતે હૈ, લેકીન વીરચંદ દાદા જૈસી હસ્તીયાં ઈતિહાસ રચતે હૈ ....'

મોહનભાઈ તેમના બે દીકરા ધીરજભાઈ તથા રસિકભાઈ ધર્મપત્ની સાથે મુંબઈથી મહુવા રહેવા પોતાના વતનમાં આવી ગયા. આજે પણ ધીરજલાલનો પરિવાર તે જ મકાનમાં રહે છે. રસિકભાઈનો પરિવાર ભાવનગર ખાતે રહે છે. ધીરજલાલ મુંબઈ હતા ત્યારે ત્યાં તે હિંદુ મહાસભાનાં 3 વર્ષ સુધી પ્રમુખપદે રહ્યા હતા. તેના ગૃહ ઉદ્યોગનાં ઉદ્ઘાટન પ્રસંગે તેને મળવા વાડીલાલભાઈ ચત્રભૂજભાઈ ગાંધી તથા ઈન્દિરાબહેન ગાંધી આવ્યા હતાં. આજે વાડીલાલભાઈના પુત્ર મહેશભાઈ વાડીલાલભાઈ ગાંધી ઘાટકોપર, મુંબઈમાં રહે છે. તે પરિવારનો અમારા પરિવાર સાથે વર્ષોનો ઘરોબો છે.

વીરચંદભાઈ ગાંધીની સ્મૃતિમાં રૂ. 5ની ટપાલ ટિકિટ બહાર પાડવામાં સરકારનો સહકાર લઈ, મહેશભાઈ ગાંધી ઘાટકોપર (મુંબઈ), પ્રવીણભાઈ સી. શાહ (અમેરિકા યુ.એસ.), કુમારપાળભાઈ દેસાઈ (અમદાવાદ) તથા બીજાઓએ અથાગ મહેનત કરી છે. કુમારપાળભાઈ તથા મહુવા નગરપાલિકા તથા મહુવા જૈન સંઘની મહેનતના ફળ સ્વરૂપે, આજે વીરચંદભાઈની જન્મભૂમિ મહુવામાં, તેમના નામનાં ચોકનું નામકરણ કર્યું તથા તે જગ્યાએ તેમનું સ્ટેચ્યુ પણ મૂકવામાં આવેલ છે. ઘણા સમયથી મુંબઈમાં રહેતા નવયુવાન પંકજભાઈ હીંગડ વીરચંદભાઈ પ્રત્યે ખૂબ જ માન ધરાવતા. વીરચંદભાઈના જીવન ઉપર ઘણું જ સંશોધન તેમણે કર્યું છે. તેના પ્રચાર અને પ્રસારમાં બહુ મૂલ્ય ફાળો રહ્યો છે. તેઓ પણ અમારા પરિવાર સાથે સંકળાયેલા છે. સાથોસાથ ચિત્રભાનુજી, રમણભાઈ શાહ (રામસન્સ ડાયમંડ), પ્રકાશભાઈ મોદી (કેનેડા), બિપીનભાઈ દોશી, પ્રીતિબહેન શાહ, પન્નાલાલ આર. શાહ તથા હિંમતભાઈ ગાંધી વગેરેનો પણ વીરચંદ રાઘવજી ગાંધીનાં પ્રચાર પ્રસાર માટે અમૂલ્ય ફાળો રહેલ છે.

– એતાનશ્રી

બમ્બઈયા બોલવા લાગું તો …

• અંકમાં વાંચવા તો ઘણું ઘણું છે પણ નીરવ પટેલનો લેખ તો અચૂક વાંચવા જેવો છે. ગુજરાતી મારી ભાષા તો ખરી જ પણ માતૃભાષા તો મને મળી પંચમહાલના ગામ જંત્રાલ અને ખેડા જિલ્લાના ગામ કપડવણજમાં ! એ ભાષામાં હું ના બોલું તો મને ચેન પણ ના પડે ! મારા કોઈ પુસ્તકનાં વિમોચન વેળા, કે કોઈ મુશાયરામાં બોલવાનું થાય, ત્યારે જો શોભિત દેસાઈ હોય તો મારી નકલ અચૂક કરે ! હું કહેતા ફરું કે હું બમ્બઈયા બોલવા લાગું તો મારી બૈરી ઘરનું બારણું પણ ના ખોલે! મારી માતૃભાષામાં એવા પણ શબ્દોનો ભંડાર છે જે ભાષાકોશમાં પણ નહીં જોવા મળે, પણ અમુક પરિસ્થિતિને સચોટ રીતે વ્યક્ત કરવા બીજો શબ્દ શોધ્યો પણ ના જડે ! યુ.એસ.એ.માં હું Brooks Hoffman પણ છું, પણ ઝાંઝવાં બોલતાં 'ઝાં' પર મારું બધું જ વજન ના લાદી દઉં, તો એ વાતમાં માલ જ નથી.

નીરવભાઈ ધન્યવાદ આપને અને આપની માતૃભાષાને.

– ભરત ત્રિવેદી

https://www.facebook.com/groups/glauk/315921445173082/?ref=notif&notif_t=group_activity

મારા લીધેલાં ઈન્ટરવ્યૂ સાંભરી આવ્યાં

• "ઓપિનિયન"નો ૨૬ ઓગસ્ટ ૨૦૧૨નો અંક સાદ્યંત જોઈ ગયો.ખૂબ સુંદર - અતિસુંદર. નીરવ પટેલનો ગુજરાતી ભાષા વિશેનો લેખ અને તેમાં ભૂવાલડી ગામના તેમનાં સંસ્મરણોએ તેમના માટે માનની લાગણી જગાડી.

મંથન અપંગ કન્યા સેવા સંકુલ અંગેનો માહિતીવિષયક લેખ પણ સરસ છે. છેલ્લાં દસેક વર્ષથી હું અને મારી પત્ની,નીરુબહેન અને સંસ્થા સાથે સંપર્કમાં છીએ. દીપક બારડોલીકરે લીધેલી તમારી મુલાકાતમાંથી પણ ઘણું જાણવા મળ્યું. કનૈયાલાલ મુન્શીની નવલકથાઓ પરથી બનેલી ફિલ્મોની રસિક વાતો અને બહારવટિયાઓની વાતોએ પણ સારું વાંચન પૂરું પાડ્યું. તરુબહેન કજારિયાની, પોતાની સાસુ વિષેની, 'ભાભી' વાર્તા પણ નોખી ભાત પાડી ગઈ.

૧૯૭૦ની સાલમાં, રાજકોટ ખાતે મેં અમૃત જાનીની મુલાકાત લીધી હતી અને તે ચાંપશી ઉદ્દેશીના "નવચેતન"માં ૧૯૭૧ કે ૧૯૭૨ના કોઈ અંકમાં પ્રસિધ્ધ થઈ હતી. એ પછીના અંકમાં પ્રાણસુખ નાયકનો મારો ઈન્ટરવ્યૂ છપાયેલો એવું સ્મરણ છે. ઉમાશંકર જોશી અંગેનો લેખ તો "ઓપિનિયન"ના આ અંકનું મોંઘેરુ નજરાણું છે. સ્વ. સુરેશ દલાલને અંજલી આપતા લેખની વિશદ માહિતી અમૂલ્ય છે. — સલામ ... વિપુલભાઈ ...

– નવીન બેંકર

e.mail : navinbanker@yahoo.com

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

દુર્લભ ગણાય તેવું પરિણામ સાંપડ્યું. પરંતુ મને તેની કંઈ જ પડી ન હતી. દુનિયાની નજરમાં નસીબદાર કહેવાઉં તેટલું સુંદર પરિણામ … પરંતુ છતાં ય કશીક જીવનમાં ખોટ વર્તાયા કરતી હતી. ઉણપ લાગ્યા કરતી હતી … કદાચ …. ! અવનિની …. ! તેના સિવાય સર્વ વસ્તુઓ ભેંકાર અને નિરર્થક ભાસ્યા કરતી હતી. પરંતુ તેનું શું ? કશું જ નહીં … કશું જ નહીં ….

સમુદ્રમંથન કર્યા પછી, અચાનક જ અમૃતને બદલે હળાહળ ઝેર મળી જાય તો શું કરવું … ? બસ એમ જ મારા હૃદયમાં રહેલા અવનિ પ્રત્યેના પ્રેમનાં સમુદ્રમંથનના ફળ સ્વરૂપે, ઉપેક્ષાનું ઝેર મને મળ્યું. જે થાય છે તે સારા માટે! – એમ વિચારીને ગટગટાવી ગયો. એ નીલું હળાહળ ઝેર. નસીબદાર હતો કે કોઈ પાર્વતીની મને આણ ન હતી, નહીંતર કમનસીબ શંકરની જેમ હું પણ નીલકંઠ બની ગયો હોત … ! પરંતુ અત્યારે તો તે ઉપેક્ષાનું ઝેર મારી રગેરગમાં પ્રસરી ચૂક્યું છે. હું નીલવર્ણ છું. શંકર કરતાં પણ વધુ નીલવર્ણ – મારા હૃદયની જગ્યાએ છે એક નીલવર્ણ કાળમીંઢ પથ્થર … તેથી જ સુનીતા, હવે પ્રેમ જેવી વસ્તુની ઘૃણા આવે છે .. ઉબકા આવે છે.

બસ ! હવે વધુ નથી લખતો, કારણ કે હું ખૂબ જ ઉત્તેજીત થઈ ગયો છું ….! હા,એક વાત કહી દઉં ! મારા મનનો ધબકતો જ્વાળામુખી ફાટે અને લાવા વહી નીકળે તેની રાહ ન જોઈશ. અને આ તબક્કે મિત્રથી પણ આગળ વધવાની તને ના પાડી દઉં તો ખોટું ન લગાડતી … હું પથ્થર છું, મારે માણસ નથી થવું … હું જે છું તે જ ઠીક છું … કદાચ કરુણાથી પ્રેરાઈને તું હમદર્દી દાખવતી હોય, તો માંડી વાળજે – કારણ કે તેની નિમિત્ત પર કોઈ જ અસર થવાની નથી. અરે ! અવનિ આવીને માથા પછાડે તો પણ જે પથ્થર હૃદયની ગોખમાં ભરાઈ ગયો છે, તે પીગળવાનો નથી જ – કલાપી યાદ આવે છે :

'રે…રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘાને વિસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.'

- એ જ કદાપી કોઈનો ના થયેલ

નિમિત્ત.

******

તા. ૧૪/૧૧

પ્રિય મીતુ,

પથ્થર બનવાના તારા પ્રયત્નો દાદ માગી લે તેવા છે, છતાં પણ તું પથ્થર નથી થઈ શક્યો ! તારા પથ્થર જેવા હૃદયમાં હજુ લાગણીનું એકાદ બિંદુ છે …. અને તે 'ખોટું નહીં લગાડતી' વાક્યમાં દેખાઈ જાય છે. પછી ભલે તું નીલકંઠથી આગળ વધીને નીલવર્ણ અને પથ્થર થઈ ગયો હોય ! રહી હવે હમદર્દીની વાત ! તો મને હવે બધું કહી દેવાનું મન થાય છે, અવનિ તને જેમ ગુમાવીને જે પશ્ચાતાપ તથા અફસોસના અગ્નિમાં શેકાઈ હશે તેમાં હું પણ શેકાઉં છું … અને તેથી જ તારા હૃદયના લાવારસને વહેવડાવવાની કોશિશ કરું છું.

કોલેજ જીવન દરમ્યાન દરેકની જિંદગીમાં ઘણા નાના – મોટા, ખારા તથા મીઠા પ્રસંગો બનતા જ હોય છે. અને તેનું જ ભાતું દરેક વ્યક્તિએ સાચવવાનું હોય છે. તુષાર જેવી શાંત અને સૌમ્ય વ્યક્તિનું અચાનક પાગલ થઈ જવું દરેક માટે ખૂબ જ નવાઈભર્યું હતું. ખબર છે ? પરંતુ તેના મગજની આ પરિસ્થિતિ કરવાનું પાપ મારાથી થઈ ગયું હતું – તે કદાચ ઘણી ઓછી વ્યક્તિને ખબર છે … તું જેમ અવનિને ચાહતો હતો, તેમ જ તુષાર મને ચાહતો હતો. હું પણ તેને મારા એકાંતોમાં વિચારતી. … પરંતુ કોઈ પણ કારણે તેને હું બહુ

"છેલ્લમછેલ્લું વાળુ !" : પાડાને વાંકે પખાલીને ડામ !! … લોકશાહીની ઐસી કી તૈસી !!!

લાગણી દેખાડતી નહીં. … અચાનક શું થઈ ગયું કે એક દિવસ તે મને પૂછી બેઠો … ‘સુનીતા, તું મને બહુ ગમે છે.’ હું વિચારમાં પડી ગઈ. અચાનક આ શું થયું ? મારા ઊંડાણોમાં તે મને ગમતો તો હતો જ, છતાં ય હું બરાડી ઊઠી - ‘શટ અપ, તુષાર’ ! એ બાઘો બનીને મારી સામે જોઈ રહ્યો. … એની આંખોનો તાપ હું સહન કરી શકી નહીં. …. અને ભાગી નીકળી. … કાશ … ! ત્યાંથી હું દોડી ન હોત તો તુષારની આ હાલત ન થઈ હોત. … તે ખૂબ જ સંવેદનશીલ હતો એના મનમાં થઈ ગયું કે એણે મારું મન દુભાવ્યું છે. … વારંવાર મારી માફી માગી. … પરંતુ હું ક્યાં મુડમાં હતી? હું કશું જ બોલી નહીં. … અને એ ધીમે ધીમે … જતો રહ્યો. થોડે દૂર જઈને એ બબડવા લાગ્યો. - મને માફ કર … મારો તને દુભવવાનો કોઈ ઈરાદો ન હતો; … કોઈ ઈરાદો ન હતો … હા … ! પણ તને કહી દઉં છું કે તું મને બહુ ગમે છે. … બહુ ગમે છે … અને પછી ખડખડાટ હસવા માંડયો. … ખૂબ જ ખડખડાટ …. બસ, ત્યારથી જ એણે મગજની સમતુલા ગુમાવી. … ફક્ત મારી નાની જીદ … ! કેટલું ખરાબ પરિણામ તે લાવી શકે છે, તે વિચારીને હું ગભરાઈ ગઈ. મને તુષારની જિંદગી સાથે ખેલવાનો કોઈ જ અધિકાર નહોતો. … ત્યારથી તે આજ દિવસ સુધી હું એ જ અજંપાની આગમાં સળગ્યા કરતી હતી. … અચાનક તું મળી ગયો, અને મને લાગ્યું કે મારા પાપનું પ્રાયશ્ચિત ફક્ત આ એક જ રીતે શક્ય છે. અને તેથી મારી તારા પ્રત્યેની હમદર્દી ને લાગણી, કરુણતાથી પ્રેરાયેલી નહીં, પરંતુ મારી નજીવી પણ ઘાતક ભૂલના પરિણામના પ્રાયશ્ચિત સ્વરૂપ છે.

નિમિત્ત, આપણે માણસ છીએ … દેવતા નથી. ભૂલ થઈ જાય … પરંતુ તેની આટલી કડક સજા ન હોય. … નિમિત્ત, હું તને જડવત્ જીવન જીવવા નહીં દઉં. … પાગલખાનામાં જીવતો તુષાર અને શબવત્ જીવન જીવતો તું … બંને સરખા છો. હું જરૂર તને માનવ બનાવીશ. જરૂર …

એ જ તારી સુની

******

તા. ૧૬/૧૧

સુનીતા,

તારો કાગળ મળ્યો … છેલ્લા વાક્યના અનુ:સંધાનમાં લખું છું કે મારું કોઈ જ નથી. … અને હું કોઈનો નથી. … વળી, ઘણા વખત પહેલાં, હું લખી ચુક્યો છું, તે પ્રમાણે અવનિના ગયા પછી, મારા હૃદયમાં એવો જલદ શૂન્યાવકાશ વ્યાપી ગયો છે કે તેમાં કોઈ શ્વાસ લઈ શકે તેમ નથી.

નિમિત્ત.

******

તા.૧૮/૧૧

કદાચ આ મારો છેલ્લો જ પત્ર છે. નિમિત્ત, તેથી કશું સંબોધન પણ નથી કરતી. તારો ટૂંકો અને ઘાતક પત્ર મળ્યો, પરંતુ નિમિત્ત, મને કહેવા દે કે લાગણી અને બુદ્ધિના સીમાડાઓ જુદા છે. લાગણીઓથી તો તું પર થઈ ગયો છે. તેથી બુદ્ધિવાદી વાત કરું છું. સ્વસ્થ ચિત્તે અને શાંત મને કદીક તેને વિચારજે.

પગમાં કોઈક દિવસ કાંટો વાગ્યો હોય, તો તે પગને ડંખ્યા કરે બરોબર. પગમાંથી જ્યાં સુધી કાંટો નીકળે નહીં, ત્યાં સુધી ચલાય નહીં, અને ચાલીયે તો લોહી નીકળે. …. સોજો ચઢે અને છતાં પણ પગ પર જુલમ કર્યા કરીએ તો કદાચ સેપ્ટિક પણ થઈ જાય. … સમજ્યો ? તારી અવનિ યાદ કરવાની વાત પણ કાંટાને સાચવી રાખીને ચાલવા જેવી નથી લાગતી ? જો ખરેખર થોડોક વ્યવહારુ બને, તો તારે તારા પગનો કાંટો કાઢી નાખવો જોઈએ. અને જો તું ન કાઢે તો તારું વલણ નરી ઘેલછા છે. … ભલે તું મારી વાત ન સમજવા પ્રયત્ન કરે પરંતુ મારી બુદ્ધિ અને દીર્ઘદ્રષ્ટિતા મને કહે છે કે તું એક દિવસ જરૂર પસ્તાઈશ. … મારી વાત સમજીશ … કાશ .. ! એ દિવસનો હું ઈંતજાર કરી શકું ? તું ભલે કોઈનો ન થાય, પરંતુ કોઈને તારી અંગત વ્યક્તિ બની તને સમજવાની તક આપી હોત તો ઘણું થાત. અવનિની ભૂલ હું સુધારી શકી હોત તો મને જરૂર બેવડો આનંદ થાત.

તારો પ્રેમ પણ મળત અને મારા મનમાં સળગતા અજંપાનું શમન પણ થઈ જાત. ….પણ કદાચ, મારે વધારે સહેવાનું છે. મારી ભૂલ હજી મને પશ્ચાતાપની આગમાં શેકવા માગે છે. અને, તેથી જ તું તારા હૃદયના ભારેલા અંગારને ફુંકી મારી, ધગધગતો રાખવાના, તારા ઘેલછાપૂર્ણ પ્રયત્નો પર મક્કમ છે. ખેર …. આઈ હોપ, ગૉડ સેવ યુ.

એ જ સુનીતા

******

તા. ૨૫/૫

પ્રિય સુની,

અચાનક સંબોધનમાંનો ફેરફાર તારા મગજે નોંધ કર્યો હશે. પરંતુ મારા મનમાં ભયંકર ઘમાસાણ ચાલે છે. સંબોધન વિનાનો તારો કાગળ મળ્યો. કદાચ છ એક મહિના થઈ ગયા પછી, તને પ્રત્યુત્તર આપવાનું સહેતુક ટાળ્યું હતું. પરંતુ આજે તને લખ્યા વગર નથી રહી શકતો, કારણ કે મારા મનનું ઘમાસાણ તું જ છે. અને તું એકલી સમજી શકે તેમ છે.

ગઈ કાલે અચાનક જ મેંટલ હોસ્પિટલમાં જવું પડયું. મારા દૂરના એક પિતરાઈને દાખલ કરાવવા. તે વખતે તુષાર મળી ગયો. મને જોઈને હસ્યો. પછી કહે, મને તું બહુ ગમે છે …. બહુ ગમે છે. … અને પછી ખડખડાટ હસ્યો. અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. … પછી જોર જોરથી ચિલ્લાવા માંડયો. … માથાના વાળ ખેંચવા માંડયો. … મારો તને દુભવવાનો ઈરાદો નહોતો. ….પણ તું મને બહુ ગમે છે. …. બહુ ગમે છે. …. જેવું બબડવા માંડયો. .. નર્સ તેને લઈ ગઈ. … સુની, તું નહીં માને. પણ તુષારને જોઈને હું ડરી ગયો હતો. મને પણ, હું, તુષારની જેમ, જેલમાં ત્યાંના સળિયા પાછળ બૂમો પાડતો દેખાયો.

આ કાગળ તને જ્યારે હું લખું છું, ત્યારે થોડી ઉદ્દિગ્નતા શાંત થઈ હોય તેવું લાગે છે. સુની, ગઈ કાલે રાત્રે પણ મારી નજરમાં તુષાર દેખાયા કરતો હતો. … જ્યારે સૂઈ ગયો ત્યારે પણ મને મેંટલ હોસ્પિટલના સળિયા દેખાયા કરતાં હતાં. તેની પાછળ, ‘અવનિ …. અવનિ …’ની બૂમો પાડતો, અને માથાના વાળ ખેંચતો, હું દેખાયો હતો. …. બીજા સપનામાં, અવનિના મૃતદેહ પર, માથા પછાડતો દેખાતો’તો. ઘડીકમાં, તેની લગ્નવેદીમાં, અવનિની અચાનક સાડી આવી જતાં ભડકો થયો, અને એમાં મારી અવનિને બળી જતાં મેં જોઈ. ઘડીકમાં તેના પતિ પર ગોળી છોડતો હોઉં તેવું દેખાતું. … સુની, ગઈ કાલે આખી રાત હું સૂઈ નથી શક્યો. … આવા આવા કેટલાં ય સપનાં આવતાં હશે !

સુની, … મને અવનિની ભૂલનો અંજામ તુષારમાં દેખાઈ ગયો. સુની, મારે પાગલ નથી થવું. … વર્ષોથી નીલવર્ણ રહેલ આ કાળમીંઢ પથ્થરમાં, અજંપાનો દવ લાગ્યો છે, અને એ અજંપાના દવને અવનિની યાદોનો પવન વધુ વેગ આપે છે. સુની, … નિમિત્ત ભાંગી પડયો છે. … તેનાથી આ દવ નથી સહેવાતો. … સુની, તારો પ્રેમ … એક માત્ર તે દવને સમાવવા સમર્થ છે. …. માટે, સુની, ચાલી આવ. … જ્વાળામુખી ફાટી ચૂક્યો છે અને નીલવર્ણ પથ્થર પીગળીને ફાટી ચૂકયો છે …

એ જ તારો નિમિત્ત.

વાર્તા સંગ્રહ : ‘અમે પથ્થરના મોર કેમ બોલીયે’માંથી)

e.mail : vijaykumar.shah@gmail.com

સૌની સરખી રાવ • સંજુ વાળા

ન્યુજર્સીમાં આદિલજીને કેવાં કેવાં સપનાં આવે !

એક બપોરે આંખ મળી ત્યાં ભાળ્યું અમદાવાદ
શહેર ધુમાડે ઢંકાયેલું, પથ્થરનો વરસાદ
એક જ સૌનાં ચહેરે તણાવ, સૌની સરખી રાવ
આ કાંઠે દી’ આથમતા ઓ કાંઠે ચડતો તાવ
ગુજરાતી ભાષામાં વાંચે દાઢીધારી લાશ
મનહર મોદી ‘હલ્લો’ કહે ‘ને હૈયે વળતી હાશ
ધૂળ વતનની વ્હાલી કરતાં ચડતું મન ચકરાવે !
ન્યુજર્સીમાં આદિલજીને નિત નિત સપનાં આવે !

સ્ટેબિંગધર્મી ધધૂપપૂઓ રે ખંજરની ખેતી
સુક્કીભઠ્ઠ સાબરની રાતું ચટ્ટાક ભીંજે રેતી
ફરે સ્તબ્ધતા પહેરી ઢાલગર નાકે નિજની આંખ
એ .. ચાચા, એ .. ભાઈ મને દો માણસપણાની સાખ
આ ટોળું, આ જૂલુસ, આ તો એ અને આ એઓ
વચ્ચે કવિ કરજોડી ઊભાં કોણ લૂછે પરસેવો
સ્વયં જુલાહાવંશી થઈને શબદ-રવેણી ગાવે
ન્યુજર્સીમાં આદિલજીને વિધવિધ કેવાં સપનાં આવે

નીલવર્ણ કાળમીંઢ પથ્થર

• વિજય શાહ

તા.૨૩/૧૦

પ્રિય સુનીતા,

પુરુષને જે લભ્ય થતું નથી, તેની ખેવના તે હરદમ કર્યા કરતો રહે છે. તેને માટે પુરુષાર્થ કરતો રહેતો હોય છે, કોઈ પણ સિદ્ધિ અચાનક તો લભ્ય ન જ થાય. તે માટે એક યા બીજી પ્રકારની તપશ્ચર્યા આવશ્યક છે જ. 'જ' શબ્દ પર મુકેલો ભાર તું કદાચ નહીં સમજે. ચાલ, આજે તારી નજર સમક્ષથી સમગ્ર પડદો હટાવી દઉં. તારી સાથે મૈત્રી કેળવી, ગાઢ કરવાનો એક જ આશય એ હતો કે મારા ઘવાયેલા વિચારોને થોડું સાંત્વન મળે. ન જાણે શા કારણથી, પણ તારી સાથે વાત કરવાનું મને ગમતું. અને વળી તું મારી 'હમખયાલ' નીકળી તેથી હૃદયના ખૂણે ધરબાઈ ગયેલી અવનિની સ્મૃતિઓ ફરી જાગ્રત થવા માંડી. કદાચ તું અવનિની પ્રતિકૃતિ જેવી છે તેથી ...

શું લખું ...? શું ના લખું ...? અવનિ માટે મારા હૃદયમાં ખૂબ જ લાગણી હતી. આ 'ખૂબ જ' શબ્દ પણ મને નાનો લાગે છે. એ લાગણીઓને જોખવામાં, સમય અને પ્રસંગોએ બતાવી દીધું છે કે આ લાગણીઓ ખોટી જગ્યા પર છે. જે વ્યક્તિને તું મનમાં 'દેવી' માને છે. તેને મનમાં તો તું કથીર છે, પૂજારી નહીં. .. અને તેથી જ હું લાગણીઓના આર્વિભાવમાં જબરદસ્ત ધોકો ખાઈ બેઠો .. ઊંચા ઊંચા ગિરિશૃંગો પરથી હું અચાનક જ ગબડી પડ્યો, અને તે ય જોજનો ઊંડી ખાઈમાં ... કે જ્યાંથી સહીસલામત નીકળવું એ અત્યંત કઠિન જ નહીં, પરંતુ લગભગ અશક્ય જેવું કાર્ય હતું. પરંતુ હવે શું કરવું ? હૃદય તો આખરે હૃદય જ છે ... આંખમાંથી આંસુ નીકળે તો પુરુષ - પુરુષ કહેવાય શાનો ? અને જો હૃદય ધબકે નહીં તો હૃદય શાનું ? ખૂબ જ દુઃખ થયું, પરંતુ આંસુને બહાર આવવા ન દીધાં. જડવત્ બનીને જિંદગીને જીવવાની જિજીવિષા થઈ આવી. પરંતુ એ રીતે જીવવાનો શો ફાયદો ...?

... પણ આપણા અસ્તિત્વ પર આપણા એકલાનો જ અધિકાર નથી ... તેના પર ઘણી ઘણી વ્યક્તિઓનો અધિકાર છે. અને એથી જ તો શબવત્ જિંદગી પણ જીવવી પડી, અને હજી ય જીવું છું ... બહુ લાંબે ગાળે, કદાચ એ જીવન તપશ્ચર્યાના રૂપમાં અંકુરિત થાય ... એવી આશા રાખે મને દેખાડતી ... હું જાણું છું ... અને માનું છું, હવે અવનિ મને મળે તો ય હું તેને મળવાનો નથી. ... મારી જે ઊર્મિઓ અને સ્પંદનો તેના માટે હતાં, તેનો એક અંશ માત્ર અત્યારે રહ્યો નથી.

******

તા. ૨૬/૧૦

પ્રિય નિમિત્ત,

તારો પત્ર મળ્યો, વાંચી આનંદ થયો .... કારણ ખબર છે ? તેં મને તારી 'હમખયાલ' મિત્ર તો સમજી છે ! તો પછી મને કહેવા જ દે કે આ મૈત્રીની ઈમારત નિખાલસતાના પાયા પર ઊભી છે. તેથી નિમિત્ત, તારા ગમનું મને નિમિત્ત બનાવીને, એ ધરબાયેલા જ્વાળામુખીને વહી જવા દે. વળી, હું જો અવનિની ખરેખર પ્રતિકૃતિ હોઉં, તો તો મને જ અવનિ સમજીને કહી દે ... તારા હૃદયના એકએક તારને ઝણઝણાવવા જ કદાચ હું તારી મિત્ર બની છું. મૈત્રી બાંધી છે, તો મને મારા મિત્રની ફરજ નિભાવવા દેજે ... પ્લીઝ ... તારા મનના અંગારને મારી શ્રદ્ધાના શીતલ વારિમાં વહેવડાવી દે ... પ્લીઝ ...

તારી સુનીતા.

******

તા. ૪/૧૧

પ્રિય સુનીતા,

તારા 'પ્લીઝ' શબ્દનો ભાર સહી નથી શકતો. ... તને કહેવું છે અને નથી પણ કહેવું. ... હૃદયના સુખની તો ખબર નથી, પણ દુઃખની વાત તો હું જાણું છું, પેલા મહિષાસુર રાક્ષસના લોહી જેવું તે દુઃખ ... એક ટીપું જમીન પર પડે અને પાછા બીજા દસ મહિષાસુર પેદા થઈ જાય. તેમ સહેજ જો દુઃખ બીજાને કહેવાઈ જાય તો વધુ ને વધુ દુઃખ મનને થયાં કરે છે. અને તેથી ગભરાઉં છું ... મારા ગમની તને ભાગીદાર બનાવી, શીદ તારા હૃદયને પણ દુઃખી કરું ... હેં ? સુનીતા ...! બસ એટલું જ તને કહી દઉં કે તોફાની દરિયામાં નાવનું સુકાન જે નાખુદાને સોંપ્યું, તે નાખુદો જ મઝધારમાં નાવ ડુબાડે તો કોને દોષ દેવો ? નાખુદા ને ? તોફાન ને ? કે પછી એ નાવના બદકિસ્મતને ? ખરેખર માણસની જિંદગીમાં કશુંક તો અલભ્ય રહેવું જ જોઈએ. સર્વ વસ્તુની પ્રાપ્તિ માનવને પુરુષાર્થવિહીન બનાવી દે છે. અને તેથી જ અવનિ મારે માટે અલભ્ય રહી.

મારા હિતેચ્છુઓ ચાહતા હતા કે હું અવનિને ભૂલી જાઉં. અને ઘણી વખત, મને પણ લાગતું કે મારે તેને ભૂલી જવી જોઈએ. પરંતુ મારા હૃદયની ઊર્મિઓ મેં એટલી બધી વહાવી દીધી હતી, કે હવે તેને પાછી વાળવી અશક્ય જ હતી. વળી, મિર્ઝા ગાલિબ જેવાએ પણ કહ્યું છે ને કે, **"ઈશ્ક પર જોર નહી હૈ યે વો આતિશ ગાલિબ, / જો જલાયે ન જલે, ઔર બુઝાએ ન બુઝે ....**"ની જેમ જે ચિનગારીઓ અવનિએ મારા મન અંતરમાં મૂકી હતી, તે કદી ન બુઝાય તેવી જ્વાળાઓ બની, મારા મનોસામ્રાજ્યને સળગાવતી હતી .... અને હું શૂન્યમનસ્ક તે તાપમાં સળગતો હતો ...

આખરે આ બધી જલનને ચોપડીઓની સૃષ્ટિઓમાં વિસરાવી દીધી. ચોપડીની લગન મને અવનિ સુધી તો ન પહોંચાડી શકી, પરંતુ પરીક્ષામાં મને જરૂર કામયાબ બનાવી દીધો.

(અનુસંધાન પાન 26 પરે)

જન્મ : 4 ઑગસ્ટ 1939 - અવસાન : 3 સપ્ટેમ્બર 2012

•

બેફિકરાઈ

• ઈન્દ્ર શાહ

તમે જશો તો શૂન્યતાથી ઘર ભરી લઈશું
મોકો મળ્યો છે તો અમે અમને મળી લઈશું.
ખીલ્યા તમારે સંગ બહુ, હવે થોડું ખરી લઈશું
મૌનનાં મોજા ઉપર મસ્તી ભરી નૈયા તરી લઈશું
કીધો સંગનો રંગ, હવે વિસંગમાં ભળી જઈશું
ચલો, પાનખર સાથે જરા થપ્પો રમી લઈશું

•

ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યજગતના એક અગ્રેસર કવિ, "સંધિ" સામિયકના એક સ્થાપક તેમ જ ગુજરાતી સમાજના જ નહીં, બલકે અમેરિકાના જાહેર જીવનમાંના એક સક્રિય નાગરિક ઈન્દ્ર શાહનું 3 સપ્ટેમ્બર 2012ના રોજ અમેરિકા ખાતે અવસાન થયું છે. "ઓપિનિયન" એમને સહૃદય શોકાંજલિ અર્પે છે.

આ માણસની ખેવના જબ્બરી હતી. લાંબા અરસાથી માંદગી હોવા છતાં, તેને સહજ માની, એમણે ગજા ઉપરાંતનાં નિરાળાં કામો આપ્યાં. કવિતાઓ આપી; બે કાવ્યસંગ્રહો ય આપ્યા; મીનુબહેન વાટે સરસ ચોપડી મળી અને તેથી પણ અદકેરું તે "સંધિ"નું નિર્માણ અને અનેક મુસીબતો છતાં આટઆટલાં વરસ લગી તેનું પ્રગટીકરણ. વળી, 'રિપબ્લિક' પક્ષ માંહેની એમની સામેલગીરી, સક્રિયતા તેમ જ સ્થાનિક સ્તરની આગેવાની પોરસાવતી બિના છે. વળી આચાર્ય રજનીશજી વિશેના એ ઊંડા અભ્યાસી ય હતા.

એમના અવસાનથી ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય જગતનું એક સબળ પ્રકરણ ભીડાયું છે. એક મજેદાર માનવીનું આમ પાછા થવું વસમું લાગી રહ્યું છે. હવે એમનું સ્મરણ જ આપણી મૂડી.

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.09.2012]